પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૬
તા. ૩૧-૫-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૭૧

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

કોઈકનો આત્મા
આપણાં ભરોસે હૂંફ
અનુભવે તેનું નામ.. કર્મ...

જોઈએ છે
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
કુવાડવા GIDC
મેટોડા GIDC
નજીક ૨૦૦૦થી ૪૦૦૦
દલાલભાઈ આવકાર્ય
મો.98242 00970 રાજકોટ.

# તહેવારો પહેલા ખાદ્ય તેલના ભાવને કાબૂમાં લેવા આયાત ડ્યુટીમાં ૧૦%નો ઘટાડો

## પામતેલ, સોયાબીન અને સન ફલાવર ઓઈલના ભાવમાં ઘટાડો થવાની સુખદ સંભાવના



**અબતક, રાજકોટ**

તહેવારોની સિઝન શરૂ થાય તે પૂર્વે ખાદ્ય તેલના ભાવને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભર્યું છે. કાચા આયાતી ખાદ્ય તેલ પરના આયાત કરમાં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.આયાત કરમાં ઘટાડાને કારણે, વિદેશી બજારોમાંથી આવતું તેલ હવે સસ્તું થશે.જેના કારણે સ્થાનિક બજારમાં તેલની કિંમતો નિયંત્રણમાં રહેવાની અને ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે.

આ નિર્ણયથી પામ તેલ, સોયા તેલ અને સૂર્યમુખી તેલના ભાવમાં ઘટાડો થશે.એપ્રિલ મહિનામાં છૂટક ફુગાવાના આંકડામાં ખાદ્ય તેલના ભાવમાં ૧૭.૪%નો વધારો નોંધાયો હતો, જેને ઘટાડવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. વૈશ્વિક સ્તરે ખાદ્ય તેલના ભાવમાં થયેલા વધારાને કારણે ભારતમાં પણ ભાવ ઊંચકાયા છે, જોકે સરસવના પાકનું બમ્પર ઉત્પાદન થયું છે.હાલમાં, સરસવના તેલના ભાવ સરેરાશ ૨૫% વધુ છે અને તે પ્રતિ લિટર રૂ. ૧૭૦ થી વધુના ભાવે વેચાઈ રહ્યું છે. એક વર્ષ પહેલાની સરખામણીમાં, ૨૮ મેના રોજ પામ તેલનો સરેરાશ છૂટક ભાવ ૩૪% વધીને રૂ. ૧૩૪ પ્રતિ લિટર થયો હતો, જ્યારે સૂર્યમુખીના ભાવ ૩૦% વધુ હતા. સોયા તેલમાં સૌથી ઓછો ૧૮% નો વધારો જોવા મળ્યો છે અને સ્થાનિક બજારમાં તે રૂ. ૧૪૭ પ્રતિ લિટર વેચાયો છે. ખાદ્ય તેલ સસ્તું થશે. સરકારે આયાત ડ્યુટી ઘટાડ મોંઘવારીને કાબૂમાં લેવા સરકારનો પ્રયાસ છે. ખાદ્ય તેલની ડ્યુટી ઘટી તહેવારો પૂર્વે ખાદ્ય તેલના ભાવમાં રાહત? આયાત ડ્યુટીમાં ૧૦% ઘટાડ ખાદ્ય તેલના ભાવવધારાને બ્રેક લાગશે.

ભારત તેની વનસ્પતિ તેલની માંગના ૭૦ ટકાથી વધુ આયાત દ્વારા પૂર્ણ કરે છે. તે મુખ્યત્વે ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી પામ તેલ ખરીદે છે, જ્યારે આર્જેન્ટિના, બ્રાઝિલ, રશિયા અને યુક્રેનથી સોયાબીન તેલ અને સૂર્યમુખી તેલની આયાત કરે છે.

અગાઉ, સરકારે કાચા પામ તેલ, કાચા સોયાબીન તેલ અને કાચા સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરી હતી. આ નવા ઘટાડા પછી, આ ત્રણેય તેલ પરની કુલ આયાત ડ્યુટી ૨૭.૫ ટકાથી ઘટીને ૧૬.૫ ટકા થઈ જશે. આનું કારણ એ છે કે ભારતના કૃષિ માળખાગત અને વિકાસ ઉપકર અને સમાજ કલ્યાણ સરચાર્જ પણ તેમના પર લાદવામાં આવે છે.

સપ્ટેમ્બર ૨૦૨૪માં ભારતે ક્રૂડ અને રિફાઈન્ડ વનસ્પતિ તેલ પર ૨૦ ટકાની મૂળભૂત કસ્ટમ ડ્યુટી લાદી હતી. તે ફેરફાર પછી કાચા પામ તેલ, કાચા સોયાબીન તેલ અને કાચા સૂર્યમુખી તેલ પર ૨૭.૫ ટકા આયાત ડ્યુટી લાગે છે, જ્યારે આ પહેલાં તે ૫.૫ ટકા હતી. આ ત્રણેય તેલના રિફાઈન્ડ ગ્રેડ પર હવે ૩૫.૭૫ ટકા આયાત કર લાગે છે.

# ઓટો મોબાઈલ ઉત્પાદકો મેગ્નેટની અછતને લઈ ચીન દોડી જવાની તૈયારીમાં

## ઈલેક્ટ્રિક મોટર્સ અને ઓટોમોટિવ ઉત્પાદનોના મહત્વપૂર્ણ એવા મેગ્નેટ માટે ભારતના ઉદ્યોગો ચીન ઉપર નિર્ભર, ચીને નિયમોમાં ફેરફાર કરતા મેગ્નેટના અનેક શિપમેન્ટ અટવાયા



**અબતક, નવી દિલ્હી**

ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગ રેર અર્થ મેગ્નેટની આયાતમાં વિલંબ અંગે વધતી ચિંતાઓને દૂર કરવા માટે આગામી સપ્તાહે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ચીન મોકલવાની તૈયારી કરી રહ્યું છે. ચીન દ્વારા ૪ એપ્રિલથી લાગુ કરાયેલા રેર અર્થ મટિરિયલ્સ પરના નવા નિકાસ પ્રતિબંધોએ પ્રક્રિયાગત અવરોધો ઉભા કર્યા છે, જેના પરિણામે ભારતીય ઉત્પાદકોને શિપમેન્ટમાં વિલંબ થયો છે.

ભારત જનારા રેર અર્થ મેગ્નેટના અનેક કન્સાઈન્મેન્ટ - જે ઈલેક્ટ્રિક મોટર્સ અને વિવિધ ઓટોમોટિવ ઘટકો માટે મહત્વપૂર્ણ છે - ચીનના બંદરો પર અટવાઈ ગયા હોવાના અહેવાલ છે, જેના કારણે જૂનના પહેલા અઠવાડિયામાં ઉત્પાદનમાં વિક્ષેપ પડવાની આશંકા છે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ અને ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનનું સંયુક્ત પ્રતિનિધિમંડળ જરૂરી મંજૂરીઓ ઝડપી બનાવવા અને શિપમેન્ટના પ્રવાહને પુનઃસ્થાપિત કરવા માટે ચીનના વરિષ્ઠ સરકારી અધિકારીઓને મળશે, એમ ઉદ્યોગ સાથે સંકળાયેલા જણાવ્યું હતું.

ભારતના વાણિજ્ય અને વિદેશ મંત્રાલયો હાલમાં બેઈજિંગમાં ભારતીય દૂતાવાસ દ્વારા તેમના સમકક્ષો સાથે સંકલન કરી રહ્યા છે જેથી મીટિંગ્સને સરળ બનાવી શકાય. પરિસ્થિતિ ગંભીર છે, પરંતુ અમને સરકાર તરફથી મજબૂત સમર્થન મળી રહ્યું છે. "અમને આશા છે કે ટૂંક સમયમાં ઉકેલ આવશે," એસીએમએ ના ડિરેક્ટર જનરલ વિની મહેતાએ જણાવ્યું.

વિશ્વના રેર અર્થ પ્રોસેસિંગમાં ચીનનો હિસ્સો અંદાજે ૭૦-૮૦% અને રેર અર્થ મેગ્નેટ ઉત્પાદનમાં ૯૦% થી વધુ છે, જેના કારણે ઓટોમેકર્સ દેશમાંથી આયાત પર ખૂબ નિર્ભર છે. ઓટોમેકર્સ અને

(અનુ. આઠમા પાને)

# ઓટીટી અને ગેમિંગ એપ ઉપર વધુ કર ઝીંકાય તેવી શક્યતા

## ટેલિવિઝન બ્રોડકાસ્ટર્સ પર બેવડા કરવેરાને મંજૂરી આપતા સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે ઓટીટી અને ગેમિંગ એપ ઉપર પણ વધુ કર લગાવવાના દ્વાર સરકાર માટે ખુલ્યા



**અબતક, નવી દિલ્હી**

ટેલિવિઝન બ્રોડકાસ્ટર્સ પર બેવડા કરવેરાને મંજૂરી આપતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો એમેઝોન પ્રાઈમ અને નેટફ્લિક્સ જેવા ઓટીટી પ્લેટફોર્મ અને અન્ય સબ્સ્ક્રિપ્શન-આધારિત ડિજિટલ સામગ્રી અને ગેમિંગ એપ્લિકેશન્સ પર પણ કરનો બોજ વધારી શકે છે.

એશિયનેટ સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ અને અન્ય પરના ૨૨ મેના ચુકાદામાં, ન્યાયાધીશ બી.વી. નાગરથ્ના અને એન.કે. સિંહની બેન્ચે ચુકાદો આપ્યો હતો કે પ્રસારણમાં સેવાની ડિલિવરી અને મનોરંજનની ડિલિવરીનો સમાવેશ થાય છે અને વિવિધ સત્તાવાળાઓ તેના પર કર વસૂલ કરી શકે છે. આનો અર્થ એ છે કે કેન્દ્ર પ્રસારણના કાર્ય પર સેવા કર વસૂલ કરી શકે છે, જ્યારે રાજ્યોને દર્શકો દ્વારા જોયેલી સામગ્રી પર મનોરંજન કર વસૂલવાની મંજૂરી છે. "આ ચુકાદો મુખ્યત્વે એ આધાર પર આધારિત છે કે બંને કર પ્રસારણ પ્રવૃત્તિઓના વિવિધ પાસાઓ સાથે વ્યવહાર કરે છે અને તેથી, કેન્દ્ર અને રાજ્યની કર સત્તાઓમાં કોઈ ઓવરલેપ નથી," ડેલોઈટ ઈન્ડિયાના ભાગીદાર સલોની રોયે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જોકે આ કેસ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ પહેલાનો છે, આ ચુકાદાના "નોંધપાત્ર પરિણામો" હોઈ શકે છે અને ઉદ્યોગ માટે કર અનિશ્ચિતતા ઊભી કરી છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આનાથી કરવેરાનું વિકેન્દ્રીકરણ થઈ શકે છે. "'પાસા સિદ્ધાંત' ને સમર્થન આપીને, જે એક જ પ્રવૃત્તિના વિવિધ ઘટકો પર અલગ અલગ કરવેરા માટે પરવાનગી આપે છે, કોર્ટે ઓટીટી સેવાઓ, ગેમિંગ એપ્લિકેશન્સ અને સોશિયલ મીડિયા જેવા ડિજિટલ પ્લેટફોર્મ પર સંભવિત બેવડા કરવેરા માટે દરવાજા ખોલી

(અનુ. આઠમા પાને)

### ક્યારે "ગંધારા-ગોબરા" સુધરશે!!!

# તમાકુ સેવનથી છેલ્લા બે દાયકામાં મોઢા, જીભ અને હોઠના કેન્સરમાં ૪૭ ટકાનો વધારો

## કેન્સરનો ભોગ બનેલા ૩૦-૩૯ વર્ષની વયના પુરુષ દર્દીઓની સંખ્યા ૧૯ વર્ષમાં ૧૨.૩% થી વધીને ૧૭.૨% થઈ


**અબતક, રાજકોટ**

ધન્ય છે સૌરાષ્ટ્રની નારીઓને કે આ ગંધારા ગોબરા પુરુષોને સાચવે છે. મોઢે માવા-તમાકુ ભભરી દયે છે છતાં મહિલાઓ આ બધું મૂંગા મોઢે સહન કરી લ્યે છે. પણ આ સહન કરવાની વૃત્તિએ જ કેન્સર જેવા રોગોને ફેલાવો આપ્યો છે. તમાકુના સેવન સામે જો મહિલાઓ જાગૃત થઈ ને પુરૂષો માટે કડકાઈ દાખવે તો સમાજને તમાકુ મુક્ત બનાવી શકાય છે. વર્તમાન સમયમાં હવે તમાકુને ત્યજવું હિતાવહ બન્યું છે. કારણકે તમાકુ સેંકડો લોકોના જીવ લઈ રહ્યું છે. એક અહેવાલ મુજબ તમાકુ સેવનથી છેલ્લા બે દાયકામાં મોઢા, જીભ અને હોઠના કેન્સરમાં ૪૭ ટકાનો વધારો નોંધાયો છે. જે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) દ્વારા જાળવવામાં આવતી અમદાવાદ કેન્સર રજિસ્ટ્રીના ડેટા અનુસાર, છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં ૫૦ વર્ષથી ઓછી ઉંમરના માથા અને ગરદનના કેન્સરના દર્દીઓનું પ્રમાણ ૩૬.૫% થી વધીને ૪૭.૪% થયું છે. આમાં હોઠ, મોં અને જીભના કેન્સરનો સમાવેશ થાય છે, જેમાં માથા અને ગરદનના કેન્સરમાં મોઢાનું કેન્સર

(અનુ. આઠમા પાને)









# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

આ સપ્તાહે ઉતાવળ અને ઉગ્રતા પર નિયંત્રણ રાખવું. વ્યાપાર ધંધા સંબંધિત અધૂરા રહી ગયેલા તેમજ સ્થગિત થયેલ કામકાજ પૂર્ણ થઈ જવાની સંભાવના. ધંધા વ્યવસાયના નવા કામ-કાજના પ્રારંભ માટે સાનુકૂળ સપ્તાહ. નાની મશીનરીઝ વાળા તથા તેના સ્પેરપાર્ટ્સના ઔદ્યોગિક એકમના જાતક માટે સાનુકૂળ સપ્તાહ. હસ્ત ઉદ્યોગના એકમના જાતકો આ સપ્તાહ બહુ લાભદાયક રહેશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ દોડધામ વાળુ સાથોસાથ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારક તથા વ્યસ્ત રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું રહેશે. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. ૭ જુન મધ્યમ રહેશે.(પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

અર્ધ સરકારી વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ માટે હળવાં સંઘર્ષ વાળુ સપ્તાહ. સર્વિસ બિઝનેસ તેમજ ફાઈનાન્સ રીલેટેડ એજન્સીઝ ના જાતક, શરાફી પેઢીના તમામ જાતક તથા રીટેઈલર્સ માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવા સંયોગ. ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અથવા સરેરાશ જણાશે. અન્ય, નાના મોટા ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતકો માટે સાનુકૂળ તથા ભાગદોડ વાળુ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે સાનુકૂળ સપ્તાહ. ૪ તથા ૫ જુન સાવ સામાન્ય રહેશે.

## મિથુન — ક,છ,ઘ

હસ્ત વણાટ, લિનેન,ખાદી, કોટન ફેબ્રીક્સ, ફર્નિશિંગ્ઝ, અપહોલ્સ્ટ્રીઝ, રેડીમેડ ગાર્મેન્ટ્સ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે, લાભદાયક સપ્તાહ સાથે અનેક નવી તકો મળવાના સંયોગો. આ સિવાયના અન્ય ઉદ્યોગ તથા વ્યાપાર ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ હળવું દોડધામ વાળુ પરંતુ લાભકારી નીવડશે. રીટેઈલર્સ માટે સાનુકૂળ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતાનો વધારો થશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૨ તથા ૫ જુન સાધારણ નીવડશે.

## કર્ક — ડ,હ

વિદ્યુત તથા પ્રવાહી, સઘન જ્વલનશીલ પદાર્થો સંબંધિત ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે લાભદાયી સપ્તાહ. હેવી મશીનરી સંબંધિત ઔદ્યોગિક એકમના તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. રંગ તથા રસાયણ ઔદ્યોગિક કે વ્યાપારી એકમના જાતક માટે ભાગદોડ તથા ચડાવ ઉતાર વાળું સપ્તાહ. જનરલ, ઉદ્યોગ- વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી નોકરીયાત વર્ગ માટે મધ્યમ સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. કેવળ, ૪ જુન સાધારણ જણાશે.

## સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાયમાં અનેક પ્રકારે આર્થિક લાભ તેમજ તેવા અવસર મળવાની સંભાવના અને સંયોગ પણ. ઉત્તર તથા પશ્ચિમ વિસ્તાર તથા વિદેશ સાથે સંકળાયેલ ધંધાના વ્યાપારી વર્ગ તથા વ્યવસાયિક જાતકો માટે આ સપ્તાહ બહુ જ લાભકારક નીવડશે. ધંધા વ્યાપાર માટે પ્રવાસના સંયોગ. ઔદ્યોગિક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ અર્ધ-સાનુકૂળ નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સહકારના સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયી નીવડશે. ૬ તથા ૭ જુન અર્ધ સામાન્ય રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

અવૈધ વહીવટ વ્યવહારથી સંભાળવું. લેખક, વિચારક તથા સંત, મહંત, લોક સાહિત્યકાર કે લોક ગાયકો માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડે તેવા સંયોગ. ફેબ્રીક તથા હર્બલ પ્રોડકટના એકમના જાતક માટે હળવું લાભદાયી સપ્તાહ. સીઝનલ વ્યાપાર તથા ફેરી વ્યાપાર કરતા જાતકો માટે તકો વાળું તથા લાભકારી સપ્તાહ. અન્ય ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક તેમજ સર્વિસ બિઝનેસના જાતક માટે સાનુકૂળ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે અર્ધ- પ્રતિકૂળ સપ્તાહ. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે અર્ધ-સાનુકૂળ સપ્તાહ. ૨ તથા ૩ જુન સાવ સરેરાશ રહેશે.

## તુલા — ર,ત

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓ એવમ તથાકથિત કે પ્રોકલેમ સેલેબલ જાતક તેમજ પબ્લિક ફિગર માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડે તેવા સંયોગ, આથી, વિશેષ કાળજી રાખવી. અવૈધ સંબંધ તથા અવૈધ વહીવટ વાળા જાતકોએ વિશેષ સાચવવું. ગૃહોદ્યોગ ત્થા નાના ઔધોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. છૂટક તથા નાના, તથા ફેરી કરતા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે સુખદાયક સપ્તાહ. ૩ તથા ૫ જુન સામાન્ય રહેશે.

## વૃશ્ચિક — ન,ય

ખાનગી એકમના કર્મચારીઓ એવમ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ બહુ લાભકારી જણાશે. સાથોસાથ બઢતીના પણ સંયોગ + સંભાવના. ખાનગી શૈક્ષણિક એકમ એવમ એકાઉન્ટન્સી એકમના જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયી રહેશે. સર્વિસ બિઝનેસ તથા રીટેઈલર્સ માટે આ સપ્તાહ બહુ લાભકારક રહેવાના સંયોગ. હેવી મશીનરીઝ એકમના જાતકો એવમ ધાતુ ઉદ્યોગ ના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. કુટુંબમાં સુખ-શાંતિ જણાશે. મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૬ તથા ૭ જુન મધ્યમ રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

નવા ઉદ્યોગ ધંધા વ્યવસાયના પ્રારંભ માટે આ સપ્તાહ ખૂબ લાભકારક અને ભાગ્યશાળી નીવડશે. જમીન મકાનમાં નાના તથા ટૂંકા ગાળાના રોકાણકર્તાઓ માટે લાભદાયક સપ્તાહ. લીગલ શેરબજારના જાતક માટે લાભદાયક સપ્તાહ.તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક જણાશે. જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત અને લાભકારી નીવડશે. છૂટક વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૬ જુન સામાન્ય રહેશે.

## મકર — ખ,જ

મકર રાશિના તમામ જાતકો માટે આ સપ્તાહ નિરાંત વાળુ નીવડશે, સાથે, અનેક રીતે લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તથા વ્યાપારી ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ અનેક રીતે લાભકારક નીવડશે. છૂટક તથા નાના વ્યાપાર તથા ફેરી કરતા તમામ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી. સરકારી કર્મચારીઓ માટે સાનુકૂળ સપ્તાહ સાથે બઢતીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી લાભદાયક તથા સાનુકૂળ સપ્તાહ. ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ થવાની સંભાવનાઓ. સગા તેમજ સ્નેહી તરફથી સાથ સહકારના સંયોગો તથા સંભાવના. મહિલા કર્મી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ આખું અઠવાડિયું સાનુકૂળ નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

કાયદો અને વ્યવસ્થા તંત્ર તેમજ રેવન્યુ ડિપાર્ટમેંટ્સના ઉચ્ચ અધિકારીઓ માટે આ સપ્તાહ ભાગદોડ વાળું ત્થા લાભદાયક રહેશે. સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ રહેવાના સંયોગ. આર્ટિસ્ટ તથા સ્મિથ વર્ગના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી તથા નવી તક વાળું રહેશે. ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી જણાશે. પરિવાર તરફથી સાથ સહકાર મળવાની સંભાવના. નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વૂમન, વિદ્યાર્થી માટે લાભકારી સપ્તાહ. ૧ તથા ૨ જુન અર્ધ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

ખાનગી કંપની, કોર્પોરેટ કંપની એવમ સરકારી ક્ષેત્રે, તમામ કર્મચારીઓ એવમ ઉચ્ચાધિકારી જાતકો માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે પરંતુ સાથે સાથે ચડાવ ઉતાર રહેવાની શક્યતા. ખાનગી ફાઈનાન્સ એકમ તેમજ શરાફી પેઢીના જાતકો આ સપ્તાહ ચડાવ-ઉતાર વાળું નીવડશે. ખાનગી શૈક્ષણિક એકમના જાતકો ત્થા એકાઉન્ટન્સી એકમના જાતકો માટે આ સપ્તાહ અતિ સામાન્ય નીવડશે. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ તથા સંતોષના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૬ જુન મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન).

# પાણી કાપ લાદ્યા વિના ન્યારી વોટર ફિલ્ટર પ્લાન્ટની સફાઈ

**અબતક,રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનીટ-ન્યારી ઝોન (મીકેનીકલ) દ્વારા તાજેતરમાં ૩૨.૨૫ એમ.એલ.ડી. ક્ષમતાના ન્યારી વોટર ફિલ્ટર પ્લાન્ટ પર ફિલ્ટર પ્લાન્ટનાં કલેરીફાયરની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ કામગીરી અંતર્ગત કલેરીફાયરમાં જમા થયેલ સ્લજને સંપૂર્ણપણે દૂર કરી, સ્ક્રેપીંગ/બ્રશીંગથી કલેરીફાયર તથા તેની ઓવરફ્લો ચેનલ, ઈનલેટ ચેનલ, સેટલવોટર ચેનલ વિગેરેની સફાઈ કરી, બ્લીચીંગ સોલ્યુશનનો છંટકાવ કરવામાં આવેલ. આ તમામ કામગીરી દરમ્યાન શહેરની જાહેર જનતાને કોઈ અગવડ ન પડે તે શુભઆશયથી દૈનિક પાણી વિતરણ રાબેતા મુજબ ચાલુ રાખી, કોઈ પણ પ્રકારના શટડાઉન રાખ્યા વિના બન્ને કલેરીફાયરની સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી.

આ સમગ્ર કામગીરી એડી.સીટી એન્જીનીયર કે.પી.દેથરીયાના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી એકઝીક્યુટીવ એન્જીનીયર સી. બી. મોરીના સુપરવિઝનમાં, એડી.એન્જીનીયર એમ.એમ. ભટ્ટ, કેમીસ્ટ એ.બી. જાડેજા, વર્ક.આસી. આશિષન લીયાપરાતથા મયુરભાઈ બાબરિયાસહિતની ટેકનીકલ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ગોકુલધામ મહિલા મંડળ આયોજીત સમર કેમ્પનો ૫૫ બહેનોએ લીધો લાભ



**અબતક,રાજકોટ**

ગોકુલ ધામ મહિલા મંડળ દ્વારા આયોજિત ફ્રી સમર કેમ્પ જેમાં ૫૫ થી વધુ બહેનો એ ભાગ લીધો હતો અને હેતલ બેન જાની, ચેતના બેન વાઘેલા, દક્ષાબેન કારેલીયા ના માર્ગદર્શન હેઠળ નામાંકિત એવા ઝંકાર ગ્રુપ ના સર કેતન દેગડા એ ગરબા, યોગ માટે સુરભી મેડમ આરંભ યોગા કલાસ વાળા અને મહેંદી માટે નેહા થોરિયા મહેંદ ડિઝાઈન શીખવ્યા હતા આ ત્રણ દિવસ નો સમર કેમ્પ ફ્રી મા ત્રણ વસ્તુઓ શીખવાડવામા આવી હતી અને વિજેતાઓને શીલ્ડ આપવામાંઆવ્યા હતા.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા એક માસ સુધી અવિરત છાસ વિતરણ કરાયું



**અબતક, રાજકોટ**

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩૦ દિવસથી જરૂરિયાત મંદ લોકો માટે દરરોજ નિઃશુલ્ક વાણીયાવાડી મેઈન રોડ ઉપર છાશ વિતરણનું આયોજન થઈ રહ્યું છે. જેનો અનેક લોકો લાભ લઈ રહ્યા છે. આ સેવાને એક માસ પૂર્ણ થતા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ દર્શિતભાઈ જાની, અનેક સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ એડવોકેટ મેહુલભાઈ મોદી, સ્વામિનારાયણ ગુરૂકુળના પ્રિન્સિપાલ કિશોરભાઈ દવે, ટ્રસ્ટના ખજાનચી કનુભાઈ પરમાર, વોર્ડ નંબર-૧૪ના પ્રમુખ ધર્મિષ્ઠાબેન વાઘેલા, કાર્યકર અતુલભાઈ શાહ, હીનાબેન પંડ્યા, કવિતાબેન વગેરેએ ઉપસ્થિત રહી છાશ વિતરણ કર્યું હતું અને ઉમેશભાઈ અને ટીમના આ સેવા યજ્ઞને બિરદાવ્યો હતો.આ છાશ વિતરણનો કાર્યક્રમ હજુ ૧૫ જૂન સુધી ચાલુ રહેશે. તેમ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતાએ જણાવ્યું હતું.

## અબતક પંચાગ

### તા.૧-૬-૨૦૨૫ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** જેઠ શુદ છઠ
**નક્ષત્ર** આશ્લેષા
**યોગ** ધૃવ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૦૪ **સુર્યાસ્તઃ** ૭.૨૭
**ચંદ્ર રાશી** કર્ક રવિવારે રાત્રે ૯.૩૯થી સિંહ
**રાશિ અક્ષર** ડ.હ/મ.ટ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૨ | ૮ | | | | | ૫ |
| ૫ | | ૧ | | | | ૮ | ૩ | |
| | | ૩ | ૬ | | | | | |
| | | | | ૭ | ૩ | ૫ | | |
| | | ૭ | | | | | ૬ | |
| | ૮ | | | ૬ | | | ૭ | |
| | | ૪ | | ૫ | ૬ | | ૨ | ૮ |
| | | | | | | | | |
| ૩ | | | | | ૧ | | | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૮ | ૩ | ૭ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૯ | ૫ | ૬ | ૮ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૮ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ |
| ૮ | ૧ | ૯ | ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૩ |
| ૨ | ૭ | ૫ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૯ | ૮ |
| ૧ | ૩ | ૭ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ | ૬ |
| ૯ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૧ | ૭ | ૨ |

# સંસ્કૃતિ આર્ય ગુરૂકુલમ દ્વારા કાલે સુવર્ણપ્રાશન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા ૧૯૭૦ થી વીનામુલ્યો ટીપા પીવડાવવામાં આવે છે જે ટીપાં પૂરા ભારતભરમાં દરેક બાળકો સુધી પહોંચી શકે તેનું આર્યોજન અને સંચાલન રાજકોટથી કરવામાં આવે છે. જેઓ પોતાના ગામ - શહોરમાં આવા નિઃશુલ્ક કેન્દ્રો ખોલવા માંગતા હોઈ તેઓ ગુરુકુળ નો સંપર્ક કરી આ સેવામાં જોડાઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે.



૩૧ માર્ચ ૨૦૨૩નાં રોજ મંત્રૌષધિ સુર્વણપ્રાશનમ મુવમેન્ટ ચલાવવામાં આવેલ હતી. જેમાં એક જગ્યા પર ૨૦૦૦ બાળકોને અને ૧૫૩૭ કેન્દ્રનો પર કુલ મળી ૧,૪૭,૨૩૬ બાળકાોનો માંતૌષતધ સુવણયપ્રાશન આપવા અંગે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છો. આ માટે ગોપાલ નમકીનનો સહયોગ મળેલ હતો. વારણસીમાં સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ ની સ્થાપના કરવામાં આવી હતી. તેના પુજ્ય વિશ્વનાથ ગુરૂજીઓ સંશોધન કરીનો મંત્રૌષધિ સુર્વણપ્રાશના બનાવ્યુ અને હાલમાં મેહુલભાઈ આચાર્યની આગેવાની હેઠળ આ આભિર્યાન આતરરાષ્ટ્રીય કક્ષા સુધી પંહોચ્યું છે. મંત્રૌષધિ સુર્વણપ્રાશનનાં ક્ષેત્રનાં જનક તેમજ અગ્રણી હોવાનો કારણે આ સેવા માટે પૂ. ગુરુવર્યનો રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી દ્વારા પણ સન્માન મળી ચુકર્યુ છે.

કાશ્યપ સંહિતાએ આર્યુવેદનો જુનો ગ્રંથ છે. જયારે નાલંદા યુનિવર્સિટી સળગી ગઈ હતી ત્યારે કેટલીક પ્રતો તેમાં હતી. જે બળીને ખાખ થઈ ગઈ. જ્યારે તેની એક પ્રત નેપાળમાં હતી. જે ખંડિત હતી. તેમાં કેટલાક શ્લોક ખોવાયેલી હાલતમાં હતા. પુ. વિશ્વનાથ ગુરુજીએ સંશોધન કર્યુ. ૧૯૬૨માં શરુ થયેલું આ સંશોધન અંદાજી ૮ વર્ષ સુધી ચાલ્યું હતું. સંશોધન દરમ્યાન ગુરુજીએ મંત્રો, ઔષધિઓ અને વિધીનો આખો કોન્સેપ્ટ ડેવલોપ કર્યો. તેના પરથી મંત્રોષધિ સુવર્ણપ્રાશનની શોધ થઈ.

મંત્રોષધિ સુર્વણપ્રાશનની કોઈ જ સાઈડ ઈફેકટ નથી. જયારે કેટલાક ગંભીર પ્રકારની બિમારીમાં તે અકસીર ઈલાજ સાબિત થયું છે. ૦ થી ૧૫ વર્ષના બાળકો મૈત્રોષધિ સુર્વણપ્રાશન ટીપા પી શકે છે.

ગોપાલ નમકીન જેવી સંસ્થાના સહયોગથી અમૂલ્ય એવું મંત્રૌષસિ સુવર્ણપ્રાશન દર પુષ્યનક્ષત્ર ના દિવસે નાના નાના ગામડાથી લઈ મુંબઈ, કલકત્તા, પૂના જેવાં મેટ્રો સિટિમાં પણ આ નિઃકેન્દ્રો ચાલે છે તેમજ આયુવેદ હોમીઓપેથી, નેચરોપેથી, એલોપેથીના ડોક્ટરો આ કેન્દ્રો ચલાવે છે, મંત્રૌષસિ સુર્વણપ્રાશનના લાભ લેવા સંસ્થાના નંબર : ૯૬૬૪૯ ૧૧૧૮૨ / ૮૧૪૦૧૪૦૦૧૪ પર સંપકવ કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૩૧-૦૫-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ધાન શાક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સાયબર ફ્રોડ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૬-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ચાય પે ચર્ચા (સાયબર ફ્રોડ)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાવા જાંબુન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનોકોલોજીસ્ટ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૬-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૬.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, જેઠ સુદ છઠ, આશ્લેષા નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે રાત્રે ૯.૩૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય,શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.
**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
**કુંભ (ગ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

## કોડ ઓફ યુનિવર્સ : જન્મકુંડળી અને શ્રી ચક્ર

હાલ આપણે શ્રી ચક્ર અને બ્રહ્માંડ વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે એ જાણવું રસપ્રદ રહેશે કે વર્તુળમાં જે રીતે જૂની પદ્ધતિ મુજબ જન્માક્ષર બનતા તેને શ્રીચક્ર સાથે સાંકળીને અદભુત પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. ગુરુકૃપાથી આ જ્ઞાન આપ સૌ સાથે વહેંચી રહ્યો છું કે જન્મકુંડળીને બળવાન બનાવવા માટે વર્તુળના બાર ભાગ કરી તે દરેક ભાગને જન્મકુંડળીનો એક ભાવ ગણવામાં આવે છે જે આપણી જૂની પદ્ધતિ છે અને તેમાં કેન્દ્રમાં શ્રીચક્ર અંકિત કરવામાં આવે છે અને ત્યારબાદ શ્રી ચક્ર પર શ્રી સાધના કરવાથી અને ધ્યાન કરવાથી જન્મકુંડળીને મજબૂત કરી શકાય છે. મારા વર્ષોના અનુભવમાં મેં જોયું છે કે જયારે કેંદ્રબિંદુથી લઈને શ્રી ચક્ર બાદ આ રીતે જન્મકુંડળી બનાવી તેનું અધ્યયન કરવાથી નવા પરિમાણ ખુલે છે તથા આ જ પદ્ધતિમાં ચક્રના ૨૭ ભાગ પડી નક્ષત્ર મુજબ પણ જન્માક્ષર બનાવી શકાય છે જે વધુ સટીક પરિણામ આપતા જોવા મળે છે અને દરેક નક્ષત્ર મુજબ શ્રી પૂજા કરવાથી નક્ષત્રની શક્તિઓ પ્રાપ્ત કરી શકાય છે. જાતક જયારે પોતે ચક્ર પર ધ્યાન કરીને ત્રાટક કરીને પોતાની ઉર્જા ત્યાં સંમિલિત કરે છે ત્યારે જીવનને વેગ મળે છે વળી દરેક પદાર્થ વ્યક્તિ ઘટના કે વસ્તુને શ્રીચક્ર દ્વારા ઊર્જિત કરી શકાય છે તેમાં પણ આ દિવ્ય જન્માક્ષર સાથે શ્રીચક્રની દિવ્યતા અને શ્રી પૂજા જીવનમાં અલગ જ આયામ અને સફળતા ખોલી આપે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

સાવચેતી, સુરક્ષા અને સજાગતા!

# ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડઃ સતર્કતા જ શ્રેષ્ઠ રક્ષણ

## બેંક ખાતામાંથી પૈસા ઉપાડી લેવાથી માંડીને વ્યક્તિગત માહિતી ચોરી કરવા સુધી, સાયબર ફ્રોડના અનેક પ્રકારોથી બચવા સાવધાની જરૂરી

**અબતક, રાજકોટ**

આજના ડિજિટલ યુગમાં જ્યાં ઈન્ટરનેટ આપણા જીવનનો અભિન્ન અંગ બની ગયું છે. ત્યાં સાયબર ફ્રોડ (ઓનલાઈન છેતરપિંડી) એક ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. જેમ જેમ ટેક્નોલોજી આગળ વધી રહી છે. તેમ તેમ ગુનેગારો પણ છેતરપિંડી કરવા માટે નવી અને વધુ અત્યાધુનિક પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. બેંક ખાતામાંથી પૈસા ઉપાડી લેવાથી માંડીને વ્યક્તિગત માહિતી ચોરી કરવા સુધી, સાયબર ફ્રોડના અનેક પ્રકારો છે. આ છેતરપિંડીનો ભોગ બનવાથી વ્યકિતને આર્થિક નુકસાન, માનસિક તણાવ અને ઓળખ ચોરી જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. અબતકના સુપ્રસિદ્ધ ચાય પે ચર્ચા કાર્યક્રમમાં લેખક કૌશિક બારાઈ જે જાણીતા આઈટી કન્સલ્ટેટ છે સાઈબર લો સાહિતની ડિગ્રી ધરાવે છે. અને તેઓ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્ર નો ૨૫ વર્ષ નો વિશાળ અનુભવ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે,સાયબર ફ્રોડ એ એક પ્રકારનો ગુનો છે જેમાં ગુનેગારો ઈન્ટરનેટ અને સંબંધિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વ્યકિતઓ અથવા સંસ્થાઓને છેતરીને પૈસા, માહિતી અથવા અન્ય મૂલ્યવાન વસ્તુઓ મેળવી છે છે. ફિશીંગ એ મુખ્ય બે પ્રકારોમાંનો એક છે. જેમાં ગુનેગારો બેંક, સરકારી સંસ્થા કે જાણીતી કંપની તરીકે ઢોંગ કરીને ઈમેલ, મેસેજ કે ફોન કોલ દ્વારા તમને છેતરીલેતા હોય છે. તેમનો હેતુ તમારી પાસવર્ડ, બેંક વિગતો, કે ઓટીપી જેવી માહિતી મેળવી તેનો દુરુપયોગ કરવાનો હોય છે. ઘણીવાર તેઓ તમને નકલી વેબસાઈટની લિંક મોકલીને ત્યાં માહિતી દાખલ કરવાનો પ્રયત્ન કરતા હોય છે.. બીજા મુખ્ય પ્રકારમાં ઓળખ ચોરી આવે છે. જેમાં ગુનેગારો તમારી વ્યકિતગત ઓળખ સંબંધિત માહિતી (જેમ કે નામ, સરનામું, જન્મ તારીખ, આધાર નંબર, વગેરે) ચોરી કરી લે છે.

માહિતીનો ઉપયોગ તેઓ તમારા નામે નાણાકીય ગુનાઓ કરવા (જેમ કે લોન લેવી, ક્રેડિટ કાર્ડ ખોલાવવા, કે ઓનલાઈન ખરીદી કરવી) માટે કરે છે. આ માહિતી ફિશિંગ દ્વારા, ડેટા ભંગથી કે શારીરિક રીતે તમારા દસ્તાવેજો ચોરીને મેળવી શકાય છે. આ ઉપરાંત માલવેર, રેન્સમવેર,




## ડિજિટલ છેતરપિંડીનો નવો યુગ એઆઈ અને યુપીઆઈથી વધતા સાયબર ફ્રોડઃ કૌશિક બારાઈ

અબતક સાથેના સુપ્રસિદ્ધ ચાય પે ચર્ચા કાર્યક્રમમાં લેખક તેમજ આઈટી કન્સલ્ટન્ટ કૌશિક બારાઈએ જણાવ્યું હતું કે,હું ૧૯૭૬ થી કમ્પ્યૂટર ટેકનોલોજી સાથે સંકળાયેલ છું, ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રે મને ૨૫ વર્ષનો અનુભવ છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં લગભગ રૂ. ૪૨૫૦ કરોડના સાયબર ફ્રોડ થયાં હતાં. ૨૦૨૩-૨૦૨૪ કરતા ૨૦૨૪-૨૦૨૫ માં ૬૭% સાયબર ફ્રોડમાં વધારો થયો છે. ડિજિટલ સિસ્ટમ્સ, નેટવર્ક્સ, ઉપકરણો અને ડેટાને સાયબર હુમલાઓ, ચોરી, નુકસાન અથવા અનઅધિકૃત ઍક્સેસથી બચાવવા માટેના પગલાં અને ટેકનોલોજીનો સમૂહ એટલે સાઈબર સિક્યુરિટી.જેમાં કમ્પ્યુટર, સ્માર્ટફોન, સર્વર્સ, નેટવર્કિંગ હાર્ડવેર અને ડેટાને સુરક્ષિત રાખવાનો સમાવેશ થાય છે. સાયબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સરકાર, સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા અને બેંકો દ્વારા વિવિધ કાર્યક્રમો તથા જાહેરાતો થકી જાગૃતિ ફેલાવતી હોય છે. તેમ છતાં વધતા જતા સાયબર ફ્રોડન કિસ્સાઓનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને થતા ફ્રોડ છે. સાયબર ફ્રોડ વધવાના મુખ્ય કારણોમાં ડિજિટલ વ્યવહારોમાં થતો વધારો, લોકોમાં સાયબર સુરક્ષાની ઓછી જાગૃતિ અને ગુનેગારો દ્વારા અપનાવાતી અત્યાધુનિક છેતરપિંડીની પદ્ધતિઓ શામેલ છે. સાયબર ફ્રોડનો ખતરો ભારત અને વિદેશમાં અલગ અલગ રીતે જોવા મળતો હોય છે. ભારતમાં યુપીઆઈ જેવી સુવિધાઓને કારણે નાના પાયાના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમા વધારો થયો છે. જેનાથી નાના વેપારીઓ અને સામાન્ય લોકો પણ ગુનેગારોના નિશાન બન્યા છે. વિદેશમાં મોટાભાગે મોટા પાયે ડેટા ચોરી અને સંસ્થાગત હેકિંગ પર ધ્યાન કેન્દ્રિત થતું હોય છે. જ્યારે ભારતમાં વ્યકિતગત ટાર્ગેટિંગનું પ્રમાણ વધુ છે. વધતા જતા ઓનલાઈન ટ્રાન્ઝેક્શનને કારણે આ ફ્રોડ રોકવા માટે મજબૂત અને અઘરા પાસવર્ડનો ઉપયોગ કરવો.

અજાણી લિંક્સ પર ક્લિક ન કરવું, એન્ટીવાયરસ સોફ્ટવેર વાપરવું અને સિસ્ટમ્સ નિયમિતપણે અપડેટ કરતા રહેવું અત્યંત જરૂરી છે. ઘણીવાર એપ્લિકેશન સર્વર ડાઉન થવા પાછળ પણ સાયબર ફ્રોડના હુમલા જવાબદાર હોય છે, જે દર્શાવે છે કે સાયબર સિક્યોરિટી આજે આવશ્યક બની ગઈ છે.

ઓનલાઈન શોપિંગ ફ્રોડ, લોન ફ્રોડ, જોબ ફ્રોડ અને અન્ય ઘણા પ્રકારોનો સમાવેશ થાય છે. આજના ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડથી બચવા માટે સાવચેતી અને જાગૃતિ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તમારી જાતને સુરક્ષિત રાખવા માટે, ક્યારેય પણ અજાણ્યા ફોન કોલ, ઈમેલ કે મેસેજ દ્વારા માંગવામાં આવેલી બેંક વિગતો ઓટીપી, પીઆઈએન, પાસવર્ડ કે ક્રેડિટ/ડેબિટ કાર્ડ નંબર જેવી સંવેદનશીલ માહિતી શેર કરવી જોઈએ નહી. તમારે યાદ રાખવું જોઈએ કે બેંકો અને સરકારી સંસ્થાઓ ક્યારેય આવી માહિતી ફોન પર માંગતી નથી.

હંમેશા તમારા તમામ ઓનલાઈન એકાઉન્ટ્સ માટે મજબૂત અને અનન્ય પાસવર્ડનો ઉપયોગ કરો. જેમાં અક્ષરો, સંખ્યાઓ અને વિશેષ અક્ષરોનું મિશ્રણ હોય. અજાણી કે શંકાસ્પદ લિંક્સ પર ક્લિક કરવાનું ટાળો અને તમારા ઓપરેટિંગ સિસ્ટમ, વેબ બ્રાઉઝર, તથા એન્ટીવાયરસ સોફ્ટવેરને નિયમિતપણે અપડેટ કરતા રહો. ઓનલાઈન ખરીદી કે બેંકિંગ માટે હંમેશા સુરક્ષિત અને જાણીતી વેબસાઈટ્સનો જ ઉપયોગ કરો અને ''ફ્રી'' ''ઈનામ'' જેવી લાલચ આપતી જાહેરાતો અને ઓફરથી સાવચેતી રાખવી જોઈએ. જાહેર વાઈ-ફાઈ નેટવર્ક પર સંવેદનશીલ વ્યવહારો કરવાનું ટાળો કારણ કે તે અસુરક્ષિત હોઈ શકે છે અને કોઈપણ શંકાસ્પદ વ્યવહાર માટે તમારા બેંક સ્ટેટમેન્ટ નિયમિતપણે તપાસતા રહો.

# કટારિયા ચોકડી બ્રિજનો પ્રોગ્રેસિવ રિપોર્ટ મેળવતા મ્યુનિ.કમિશનરઃ ડાયવર્ઝન રૂટ જાહેર

### ૩-લેયર મલ્ટીલેયર ફ્લાયઓવર બ્રિજની કામગીરીમાં ડાયવર્ઝન રૂટમાં અંદાજે ૮૦%થી વધુ કાર્ય પૂર્ણ: બ્રિજ નિર્માણની કામગીરી ઝડપથી શરૂ થાય અને નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે એજન્સીને પણ તાકીદ કરતા તુષાર સુમેરા







**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આજે કાલાવડ રોડ કટારીયા ચોકડી ખાતે ૩-લેયર મલ્ટીલેયર ફ્લાયઓવર બ્રિજની ચાલતી કામગીરીની રૂબરૂ સ્થળની મુલાકાત કરી હતી. કટારીયા ચોકડી ખાતે બ્રિજ બનાવવાનું કામ એક પડકારરૂપ છે. માત્ર એક મહિનામાં ડાયવર્ઝન રૂટ સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

દૈનિક હજારોની સંખ્યામાં પસાર થતાં વાહનોના પરિવહનને સમગ્ર પ્રોજેક્ટ દરમિયાન અસર ના થાય તે અંગેનું આગોતરું આયોજન કરી તેના રૂટ ડાયવર્ઝનની કામગીરીમાં છેલ્લા એક મહિનામાં અંદાજે ૮૦% જેટલું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. બ્રિજના પિઅરની કામગીરી શરૂ થાય તે પહેલા ડાયવર્ઝન રૂટ પર વાહનોની અવર જવર રાબેતા મુજબ થઈ શકશે.

કટારીયા ચોકડી ખાતે બ્રિજ બનાવવા માટે ખોદાણ કામ શરૂ કરતા પહેલા આ રસ્તાની ટ્રાફિક વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે જળવાઈ રહે તે હેતુસર ડાયવર્ઝન રોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેનો ડાયવર્ઝન રૂટ નીચે મુજબ રહેશે.

### રાજકોટથી કાલાવડ તરફ જવા માટે

કાલાવડ રોડ થી કોરાટવાડી મેઈન રોડ થી ધ વાઈબવાળા રસ્તા થી ૧૫૦ ફુટ રીંગ-૨ થઈ પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ થી જીનીયશ સ્કુલવાળા રસ્તા થી કાલાવડ રોડ.

### કાલાવડથી રાજકોટ તરફ આવવા માટે

કાલાવડ રોડથી કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તાર થી કોનપ્લેક્ષ સિનેમા થઈ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થઈ એલેકઝીર રોડથી ગ્રીન ફિલ્ડ ગાર્ડનવાળા રસ્તા થી કાલાવડ રોડ તરફ.

### ૧૫૦ ફુટ રીંગ રોડ-૨, ગોંડલ ચોકડીથી જામનગર રોડ તરફ જવા માટે

એકવાકોરલથી પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસથી જીનીયશ સ્કુલથી કાલાવડ રોડથી કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તાથી કોનપ્લેક્ષ સિનેમા થઈ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨.

### ૧૫૦ ફુટ રીંગ રોડ-૨, જામનગર રોડથી ગોંડલ રોડ તરફ જવા માટે

૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થઈ એલેકઝીર રોડથી ગ્રીન ફિલ્ડ ગાર્ડનવાળા રસ્તાથી કાલાવડ રોડથી કોરાટવાડી મેઈન રોડ ધ વાઈબ રોડ - ૧૫૦ ફુટ રીંગ રોડ -૨.

ડાયવર્ઝન રૂટના કામ અન્વયે ૯૬૮૦૦ કયુબીક મીટર ખોદાણ, અંદાજે ૪૪૯૦૦ કયુબીક મીટર સબબેઇઝ, અંદાજે ૪૨૦૦ ટન ડામર કામ કરવામાં આવેલ છે તેમજ બાકીની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે તેમજ આ બ્રિજના ડાયવર્ઝનના ભાગરૂપે રંગોલી આવાસ યોજના પાસે ૧૮.૦૦ મી. ટી.પી રોડ પર તથા એનિમલ હોસ્ટેલ પાસે ૧૮.૦૦ મી ટી.પી રોડ વોકળા પર કુલ-૨ બોક્ષ કલ્વર્ટમાં કુલ-૨૦૦૦ કયુબિક મીટર ખોદાણ, અંદાજે ૧૦૦૦ કયુબીક મીટર જેટલા સિમેન્ટ કોંક્રીટ કામ કરવામાં આવેલ છેતેમજ રંગોલી આવાસ પાસેના કલ્વર્ટના ટોપ સ્લેબનુ કાસ્ટિંગ કરવામાં આવેલ છે. એનિમલ હોસ્ટેલ પાસેના કલ્વર્ટના ટોપ સ્લેબ માટે સ્ટેજીંગ તેમજ શટરીંગની કામગીરી ચાલુ છે. પાંચ જૂન કોન્ક્રીટ કાસ્ટિંગ કરવાનું આયોજન કરવામાં આવી છે. આ બન્ને કલ્વર્ટમાં આશરે ૭૦% જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

આ ૩-લેયર મલ્ટીલેયર ફલાયઓવર બ્રિજ ૪૫ મીટર પહોળા ટીપી કાલાવડ રોડ પર ૨૫ મીટર પહોળો ફ્લાયઓવર કાલાવડ રોડ પર ૪ લેન ૮૫૦ મીટર લાંબો ફ્લાયઓવર, ફ્લાયઓવરની કુલ ૮૫૦ મીટર લંબાઈમાં ફરજિયાત (મુખ્ય) સ્પેનઆઉટમાં વચ્ચેનાં ભાગમાં ૧૬૦ મીટર લાંબો આઈકોનિક એક્સ્ટ્રા ડોઝ બ્રિજ ભાગ, અવિરત અને સલામત ટ્રાફિક અને રાહદારીઓની અવરજવરના આયોજન સાથે આ પ્રકારનો ગુજરાતમાં પ્રથમ વાહન કમ પેડેસ્ટ્રિયન ફલાયઓવર બ્રિજ બનવા જઈ રહ્યો છે.

### ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ જામનગર રોડથી કાલાવડ રોડથી ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ ગોંડલ રોડ તરફ જવા માટે

(આવવા તથા જવા માટે) - (ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહન માટે)૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થી રત્નવિલાસ પેલેસવાળા રસ્તા થઈ કાલાવડ રોડ - કણકોટ ચોકડી થી વિર-વિરૂ તળાવ ૨૪.૦૦ મીટરવાળા રસ્તે થઈ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨.



આ બ્રિજ બનાવવા માટે અંદાજીત રકમ રૂા.૧૬૭.૨૫ કરોડનો ખર્ચ થશે. આ બ્રિજ બનવાથી અંદાજીત૩ લાખ નાગરિકો સરળતાથી પરિવહન કરી શકશે.ફલાય ઓવર બ્રિજની બંને બાજુ ૭.૫૦ મીટરનોસર્વિસ રોડ, રીંગ રોડ-૨ પર બીઆરટીએસ બસની અવર જવર માટે ૭.૫ મીટર, ગ્રાઉન્ડ કોરીડોર, પેડેસ્ટ્રીયન માટે ફુટપાથની વ્યવસ્થા, વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન, સર્વિસ યુટીલીટી ડકટ, અંડરપાસની શરૂઆતમાં, ફ્લાયઓવર અંડરસ્પેસની નીચે જંકશનની મધ્યમાં સોફ્ટ લેન્ડસ્કેપ, ફ્લાયઓવર અંડરસ્પેસ ડેવલપમેન્ટના વિવિધ મલ્ટિયુઝ વિકલ્પો - પાર્કિંગ / બાળકોના રમવા / બહુવિધ ઉપયોગ, પ્લેટફોર્મ / હોકર્સ સ્ટેન્ડ / બેઠક / શૌચાલય. - ફ્લાયઓવરની ઉપર ૧.૩૫ મીટર પહોળો લેન્ડસ્કેપ /પ્લાન્ટેશન, સમગ્ર લંબાઈ માટે ફૂટપાથ તેમજ ફ્લાયઓવરની ટોચ પર ૧.૨ મીટર પહોળી ફૂટપાથ અને વાહનોની અવરજવર માટે બંને બાજુ વધારાનો પહોળો ૨ લેન કેરેજ-વે ૮.૫ મીટરનો બનાવવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આજની ફેરણી દરમ્યાન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા કરવામાં આવતી પ્રી-મોનસુન અંતર્ગત વોકળા સફાઈ કામગીરીનું ઈન્સ્પેક્શન પણ કર્યું હતું. જેમાં વગડ ચોકથી લઈ એચ.પી.ના પંપ સુધી વરસાદી પાણી નિકાલના નાના પુલિયાની અને વોકળા સફાઈની સફાઈની કામગીરી, રામધણ પાસે વોકળા ઉપર બનતા બ્રિજ તેમજ વરસાદી પાણીની નિકાલની કામગીરી, વૃંદાવન નાલા થી લઈ રૂડા નગર થઈ પ્રેમ મંદિર બગીચો થઈ સરિતા વિહાર સુધીના વોકળાની સફાઈની કામગીરી નિહાળી જરૂરી સુચના આપી હતી.

મ્યુનિસિપલ કમિશનરની વિઝિટ દરમ્યાન નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સિટી એન્જી. કુંતેશ મેતા, ડી.ઈ.ઈ. અમિત ડાભી, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અસામાજિક તત્વોના ૨૦ કાચા-પાકા મકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું




તસવીરઃ હર્ષ ઝિંઝુવાડીયા






## અમદાવાદ-ગોંડલ હાઈવેના સર્વિસ રોડ પર દબાણ કરનારા ગુનેગારો સામે થોરાળા પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

થોરાળા પોલીસે ગોંડલ રોડ હાઈવે નજીક અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી દીધું છે. હાઈવે ઓથોરિટી, પીજીવીસીએલ સહીતની ટીમોને સાથે રાખી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગઈકાલે સાંજે થોરાળા પોલીસ દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા અમદાવાદ-ગોંડલ હાઈવે પર અસામાજિક તત્વો દ્વારા ૨૦ થી વધુ કાચા-પાકા મકાનો ગેરકાયદે ખડકી દેવામાં આવ્યા હતા. જેમાંથી સાત અસામાજિક તત્વો વિરુદજ પ્રોહીબિશન, શરીર સંબંધિત ગુના, મિલ્કત સંબંધીત ગુના નોંધાયેલા છે. મુકેશભાઈ શામજીભાઈ સિંધવ વિરુદ્ધ પાંચ ગુન્હા, મેહુલ મનુભાઈ ચૌહાણ વિરુદ્ધ પાંચ ગુન્હા, ભુરાભાઈ શામજીભાઈ સિંધવ પર ચાર ગુન્હા નોંધાયેલા છે. ઉપરાંત બાલા નાનજીભાઈ સિંધવ, નવઘણ સિંધવ, અજય ચૌહાણ અને પરબત ચૌહાણ પણ અનેક ગુન્હામાં સંડોવાયેલા હતા. આરોપીઓ ગેરકાયદેસર બાંધકામ કરીને ગોંડલ હાઈવે પર રહેતા હતા. આ દબાણો દૂર કરવા નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા પણ નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણકર્તાઓ દ્વારા કોઈ દરકાર નહિ લેવામાં આવતા ગઈકાલે એસીપી રાજેશ બારીયાના નેતૃત્વના થોરાળા પોલીસના પીઆઈ એન જી વાઘેલાની ટીમો દબાણ તોડી પાડવા બુલડોઝર સાથે ઉતરી હતી અને ૨૦ જેટલાં કાચા-પાકા મકાનોનો કડુસલો બોલાવી દેવામાં આવ્યો હતો. ડિમોલીશન દરમિયાન અનિચ્છનીય બનાવને રોકવા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા આવ્યો હતો. જયારે હાઈવે ઓથોરિટી, પીજીવીસીએલ સહીતની ટીમો પણ હાજર રહી હરી.

## સિવિલ સર્વિસીસની દેશને ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા

# ‘નાગરિક દેવો ભવ:’ મંત્ર જ સર્વોપરી હોવો જોઈએ: વિજયભાઈ રૂપાણી

### દિલ્હીમાં શેર ઈન્ડિયા સ્માઈલ ફાઉન્ડેશન આયોજિત મિશન આઈએએસ સન્માન સમારોહમાં સર્વિસીસ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનારા યુવાનોનું સન્માન કરાયું

**અબતક, રાજકોટ**

શેર ઈન્ડિયા સ્માઈલ ફાઉન્ડેશન, દિલ્હી દ્વારા સિવિલ સર્વિસીસ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનારા યુવા મિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું તેમજ દેશ સેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા જેમ ભારતીય સેના આપણી સરહદોને અભેદ્ય અને મજબૂત બનાવીને દેશનું રક્ષણ કરે છે, તેવી જ રીતે ભારતના સ્ટીલ ફ્રેમ તરીકે ઓળખાતી ભારતીય સિવિલ સર્વિસ આઈએએસ આઈપીએસ આઈએફએએ દેશને ઘડવામાં અને તેના વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હર્ષ મલ્હોત્રા,રેખા ગુપ્તા,મહેશ શર્મા મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા.

મિલન મીઠાણી તેમજ આ ગૌરવપૂર્ણ પ્રસંગે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી, યુવાનોનું સન્માન કર્યું મિલન મીઠાણી તેમજ આ ગૌરવપૂર્ણ પ્રસંગે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી, યુવાનોનું સન્માન કર્યું અને તેમને દેશસેવા માટે પ્રેરિત કર્યા હતા.આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં



વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતીય સિવિલ સર્વિસ દેશના નિર્માણ અને વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે રીતે ભારતીય સેના આપણી સરહદોને અભેદ્ય બનાવીને દેશનું રક્ષણ કરે છે, તેવી જ રીતે ભારતના ’સ્ટીલ ફ્રેમ’ તરીકે ઓળખાતી સિવિલ સર્વિસ દેશને ઘડવામાં અને તેના વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ છે.‘‘


તેમણે ઉમેર્યું હતું કે સિવિલ સર્વન્ટ્સ નીતિઓના અમલીકરણ, કાયદો અને વ્યવસ્થા જાળવવા, અને જાહેર સેવાઓ પ્રદાન કરવામાં કેન્દ્રસ્થાને હોય છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ‘‘આ સન્માન સમારોહમાં અપાયેલો ’નાગરિક દેવો ભવઃ’ નો મંત્ર સિવિલ સર્વન્ટ્સ માટે સર્વોપરી હોવો જોઈએ. સિવિલ સર્વન્ટ્સનું મુખ્ય કાર્ય જનતાની સેવા કરવાનું છે. આ યુવા સિવિલ સર્વન્ટ્સ તેમની શકિત અને પ્રામાણિક્તા વડે એક એવા ભારતનું નિર્માણ કરશે જે વિકાસશીલ અને સમૃદ્ધ હશે.‘‘આ સમારોહમાં અભિષેક સિંહ, અમેયા ચંદ્રભાન પોફારે, આદિત્ય આચાર્ય, શુભમ કૌરવ, અર્પિત કુમાર, આકાશ શ્રીવાસ્તવ, રોહિત રે બંસલ, રાજુરકર અતુલ અનિલ, શિવાંગ અનિલ તિવારી, સુરેશ તેલગોટે, અભિજીત જોગુર, રજનીકાંત ચૌબે, અને પ્રણવ આનંદ સહિત અનેક સફળ ઉમેદવારોનું સન્માન કરવામાં આવ્યું હતુંઆ સન્માન સમારોહ સફળ ઉમેદવારોને અભિનંદન આપવા ઉપરાંત, ભવિષ્યના અધિકારીઓને પણ દેશસેવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

રૂપાણીએ આશા વ્યક્ત કરી હતી કે, આ યુવા અધિકારીઓના નિષ્ઠાવાન પ્રયાસો ભારતને પ્રગતિના પંથે આગળ લઈ જવામાં નિશ્ચિતપણે મદદરૂપ થશ. આ યુવા સિવિલ સર્વન્ટ્સ તેમની શકિત અને પ્રામાણિકતા વડે એક એવા ભારતનું નિર્માણ કરશે જે વિકાસશીલ અને સમૃદ્ધ હશે. તેમનો નિષ્ઠાવાન પ્રયાસ ભારતને પ્રગતિના પંથે આગળ લઈ જવામાં નિશ્ચિતપણે મદદરૂપ થશે.આ સન્માન સમારોહ સફળ ઉમેદવારોને અભિનંદન આપવા ઉપરાંત, ભવિષ્યના અધિકારીઓને પણ દેશસેવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

# રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાનો કાલે જન્મદિવસ

લોકપ્રિય રાજયસભા સાંસદ શ્રી રામભાઈ મોકરીયાનો આવતીકાલે જન્મ દિન છે. તેઓ જીવનના ૬૯મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

રામભાઈનો જન્મ એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો, પરંતુ તેઓએ જીવનની દરેક સમસ્યા સામે હિંમતપૂર્વક મુકાબલો કર્યો. ‘‘સેવા અને શ્રમમાં જ જીવનનો સત્યાર્થ છે.‘‘



તેમનો જીવનમંત્ર રહ્યો છે. ૧૯૭૬ માં તેમણે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદથી તેમની જાહેર જીવનની શરૂઆત કરી. ત્યાર બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ અને ૧૯૭૮થી ભાજપ સાથે જોડાયેલ છે. રામભાઈ માટે લોકોના કામો ‘‘ફાઈલમાં નથી અટકાતા‘‘, કારણ કે તેમની છબી એવી ઊભી થઈ છે કે લોકો કહે છે - રામભાઈ પાસે જાઓ તો કામ ૧૦૦% થઈ જાય. પ્રજાના કામ માટે રામભાઈ કોઈપણ ચમરબંધીની શેહશરમ રાખતા નથી અને અધિકારીઓને સાચી વાત ની રજૂઆત કરે છે. એટલે જ રામભાઈ લોકોમાં લોકપ્રિય બન્યા છે. રામભાઈએ ૧૯૮૫માં માત્ર ઈચ્છાશક્તિ, આત્મવિશ્વાસ અને કાર્યશક્તિના આધાર પર શ્રી મારૂતી ટ્રાવેલ્સ અને કાર્ગો નામે નાની પેઢીની શરૂઆત કરી હતી. તેમણે ગામડામાંથી સેંકડો યુવાનોનું હીર પારખી, તેમની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી આર્થિક રોકાણ કે જોખમ વગર કુરિયર ક્ષેત્રે બ્રાન્ડેડ બિઝનેસ ની એક સુવર્ણ તક આપી છે. આ યુવાનોને શ્રી મારૂતી સાથે જોડી તેમને બિઝનેસની પ્રોફેશનલ ટ્રેનીંગ આપી ભારતના મેટ્રો સિટીમાં બિઝનેસમેનનું સ્ટેટસ અપાવ્યું અને તેઓ આજે છ આંકડા સુધીની માસિક આવક પ્રાપ્ત કરી રહ્યા છે. આજે તેમના સંતાનો વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

આજથી ૩૯ વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર ના પાંચ શહેર માંથી શરૂ કરેલી નાની પેઢી આજે દેશના ૨૮ સ્ટેટ માં ૧૫૦ હબ અને ૩૭૦૦ થી વધુ ઓફીસ સાથે શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટિકસ નામે દેશની અગ્રણી લોજીસ્ટિક ટેકનોલોજી કંપની બની છે. તેમના સુપુત્રો અજય મોકરીયા અને મૌલિક મોકરીયા ના માર્ગદર્શન હેઠળ કંપની આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય લોજીસ્ટિકસને ગૌરવ અપાવી રહી છે. તેમજ દેશ ના ત્રણ મોટા બંદરોમાં મુવમેન્ટ, લેન્ડ ડેવલપમેન્ટ, હોટલ ઉધોગ, આઈ.ટી સેક્ટર ના વ્યવસાય સાથે જોડાયેલ છે. આજે શ્રી મારૂતી ગ્રુપ ઓફ કંપની માં ૨૦૦૦૦ થી વધુ લોકો ને રોજગારી મળે છે.

રામભાઈના નેતૃત્વ હેઠળ શ્રી મારૂતી ગ્રુપે સમય સમયે દેશસેવા માટે મોટું યોગદાન આપ્યું છે. સુરતનો પ્લેગ હોય, કચ્છનો ભૂકંપ, કારગિલ યુદ્ધ,

(અનુ. આઠમા પાને)

# કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાનો કાલે જન્મદિવસ

પોરબંદર લોકસભા બેઠકના સાંસદ અને ભારત સરકારના કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયાનો કાલે જન્મદિવસ છે.

ગોહિલવાડના વતની અને સંગઠનના માણસ ગણાતા એવા ડો.મનસુખભાઈ માંડવિયાએ પ્રદેશ ભાજપ મહામંત્રી તરીકેની જવાબદારી નિષ્ઠા સાથે સુપેરભેર નિભાવી હતી. ત્યારબાદ તેઓની ભારતીય જનતા પક્ષ પ્રત્યેની કર્તવ્ય નિષ્ઠાને ધ્યાનમાં રાખીને ગુજરાતથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. કેન્દ્રની મોદી સરકારમાં ડો.મનસુખભાઈ માંડવિયા રાજ્યકક્ષાના મંત્રી તરીકે કાબેલીદાદ કામગીરી કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના કામની કદર કરતા કેબિનેટ મંત્રી બનાવ્યા છે. હાલ તેઓ પોરબંદર લોકસભા બેઠકના સાંસદ છે અને રમત ગમત મંત્રાલય જેવું મહત્વપૂર્ણ મંત્રાલયના મંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. કોરોના સામેની લડાઈમાં તેઓની આરોગ્ય મંત્રી તરીકે કામગીરી કાબીલેદાદ હતી અને તેઓ સફળ રહ્યા હતા અને વેક્સિનેશનની કામગીરીમાં પણ સવાયા સાબિત થયેલ. ડો.મનસુખભાઈ માંડવિયા હાલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની ગુડબુકમાં સામેલ છે.

કાલે ડો.મનસુખભાઈ માંડવિયાને જન્મદિવસ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મંત્રી મંડળમાં ડો.મનસુખભાઈ માંડવિયાની ગણતરી સૌથી વધુ સક્રિય મંત્રી તરીકે થાય છે. કેબિનેટ મંત્રી તરીકેની મોટી જવાબદારી હોવા છતાં તેઓ સતત પોરબંદર લોકસભા બેઠકમાં સમાવિષ્ટ વિસ્તારોની ખેવના કરતા રહે છે. તાજેતરમાં તેઓએ નવી પહેલ શરૂ કરી છે.જેમાં લોકસભા બેઠકમાં સમાવિષ્ટ વિધાનસભા બેઠક વાઈઝ સેવા સેતુ કાર્યક્રમ યોજી લોકોની સમસ્યાઓ હાલ કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

ગત વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ડો.મનસુખભાઈ માંડવીયાને ભાજપે પોરબંદર બેઠક પરથી ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા. પાર્ટીએ મુકેલા વિશ્વાસને તેઓએ ચરિતાર્થ કરી બતાવ્યો હતો. તેઓ તોતીંગ લીડ સાથે વિજેતા બનતા ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેઓને પોતાનું મંત્રી પદ મંત્રી મંડળમાં સામેલ કર્યા હતા હાલ તેઓ એક જાગૃત અને લોકપ્રિય સાંસદની પ્રતિભા કરાવી રહ્યા છે.કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સતત સફળતાના શિખરો સર કરે તેવી અઢળક શુભકામના ‘અબતક’ પરિવાર પાઠવી રહ્યું છે.



# કલેકટર પ્રભવ જોશીએ ‘વયોશ્રી યોજના’ અંગે પ્રાંત અધિકારીઓ સાથે કર્યું મંથન



### વયોવૃધ્ધોને વોકિંગ, સ્ટિક, વોકર્સ, વ્હીલ ચેર, હિયરીંગ, એઈડ મશીન, દાંતના ચોકઠા સહિતની સાધન સુવિધા અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિલ્હી હેઠળની ભારત સરકારની ‘‘રાષ્ટ્રીય વયોશ્રી યોજના‘‘ અંતર્ગત ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સ માટે વિનામૂલ્યે વોકિંગ સ્ટીક, કાખઘોડી, ટ્રાઈપોડ, વોકીંગ એડ મશીન, ફોલ્ડીંગ વ્હીલચેર, આર્ટિફિશિયલ દાંત સહિતના વિવિધ પ્રકારના સાધનો આપવા માટે એલિમ્કો કંપની દ્વારા તાલુકા કક્ષાએ તથા રાજકોટ શહેરમાં આગામી તા. ૪ થી ૨૦ જૂન દરમિયાન એસેસમેન્ટ કેમ્પ યોજાનાર છે.

આ કેમ્પના પૂર્વ આયોજન માટે કલેક્ટર પ્રભવ જોશીએ રાજકોટ જિલ્લાના પ્રાંત અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિગતવાર ચર્ચા કરી હતી.

૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સને સરકારની આ યોજનાનો લાભ મળે તે માટે યોગ્ય કામગીરી કરવા ઉપરાંત વૃદ્ધોને પેન્શન યોજનાનો લાભ, આયુષ્માન ભારત કાર્ડ સહિત અન્ય જરૂરી દાખલાઓમા વિધવા સહાય, હયાતીના દાખલા પણ કેમ્પમાં કાઢી આપવા માટે પ્રાંત અધિકારી ગોંડલ, જસદણ, ધોરાજીને સૂચના આપી હતી. રાજકોટ જિલ્લામાં આગામી તા. ૪ જૂનના રોજ ઉપલેટા સરકારી હોસ્પિટલ, ૫ જૂનના ધોરાજી સરકારી હોસ્પિટલ તેમજ જેતપુર સરકારી હોસ્પિટલ, ૯ જૂનના ગોંડલ સરકારી હોસ્પિટલ, ૧૦ જૂનના જામકંડોરણા સીએચસી, ૧૧ જૂનના કોટડા સાંગાણી સીએસસી, ૧૨ જૂનના જસદણ સરકારી હોસ્પિટલ, ૧૩ જૂનના વિછીયા સીએચસી, ૧૬ ના સીએચસી લોધિકા, ૧૭ તારીખના સીએચસી પડધરી, ૧૮ તારીખના પીએચસી કુવાડવા તેમજ ૧૯ અને ૨૦ જુનના રોજ રાજકોટ શહેરમાં વિવિધ વોર્ડ વાઈઝ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

કલેક્ટરએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પ્રકારની વ્યવસ્થા મામલતદારશ્રીઓ તેમજ આરોગ્ય અધિકારીના સંકલનમાં રહીને પૂરી કરવા માટે પ્રાંત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ પ્રાંત અધિકારી મહેક જૈન તેમજ ચાંદની પરમાર તેમજ સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

# કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલનો કાલે જન્મદિવસ

ગુજરાત સરકારના કૃષિ મંત્રી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલનો કાલે જન્મદિવસ છે. તેઓ વિધાનસભાની ગત ચૂંટણીમાં જામનગર ગ્રામ્ય બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે વિજેતા બની ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. ૧૯૯૦ થી ૧૯૯૫ સુધીની ટર્મ તેઓ કાલાવડના ધારાસભ્ય, ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં જોડીયાના ધારાસભ્ય રહ્યા છે. જ્યારે ૨૦૧૨ થી તેઓ જામનગર ગ્રામ્ય બેઠક પરથી સતત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ રહ્યા છે. રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં હાલ તેઓ કેબિનેટ મંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. સાથોસાથ રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી પણ છે. રાજ્ય સરકારના કૃષિ મંત્રી તરીકે રાઘવજીભાઈ પટેલે સતત ખેડૂતોની ચિંતા અને ખેવના કરી રહ્યા છે. ખેડૂતોને તેઓની જણસીના પૂરતા ભાવ મળી રહે તે માટે તેઓ સતત સક્રિય રહે છે. આ ઉપરાંત ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ પણ તેઓ અમલમાં લાવ્યા છે.તેઓ એક ખેડૂત નેતા તરીકે ઓળખાય છે. એક ખેડૂત પુત્રને કૃષિ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવે તો તેના કેટલા સારા પરિણામ મળી શકે અમે ખેડૂતોને કેટલો ફાયદો થાય તેનું ઉત્તમ ઉદાહરણ રાઘવજીભાઈ છે તેવું કહી શકાય. નાદુરસ્ત તબિયતમાં પણ તેઓએ આરામ કરવાના બદલે ખેડૂતલક્ષી કામને વધુ પ્રાધાન્ય આપ્યું છે. તેઓ પ્રજા માટે સતત દોડતા નેતાની છાપ ધરાવે છે. ખેડૂતોને કમોસમી વરસાદ કે અતિવૃષ્ટિમાં નુકસાની ન સહન કરવી પડે તે માટે તેઓના સતત પ્રયાસો રહે છે. તેઓ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના ‘અબતક’ પરિવાર પાઠવી રહ્યું છે.



આજે જન્મદિવસ નિમિતે તેઓના મોબાઈલ નં.૯૮૨૫૨ ૧૩૩૦૨ અને ૯૪૨૯૪ ૧૩૩૦૨ ઉપર ઉપર શુભકામનાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# ભારત વિકાસ પરિષદના નીતિ નિયમો અને બંધારણ પર કાલે વર્કશોપ

### અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં કાર્યકર્તાઓએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

સંપર્ક સહયોગ સંસ્કાર સેવા અને સમપર્ણ એવા પંચસૂત્રોને વરેલી અને ‘‘સ્વસ્થ, સમર્થ,સંસ્કારિત ભારત ના મંત્રને વરેલી સંસ્થા ભારત વિકાસ પરિષદનો પ્રાંતિય વર્કશોપ કાલે રાજકોટની સુવિખ્યાત સરસ્વતી શિશુમંદિર - એરપોર્ટ રોડ રાજકોટ ખાતે યોજાશે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

પરિષદનું નાનામાં નાનું એકમ એટલે બ્રાન્ચ (શાખા) ત્યારબાદ પ્રાંત, રીજીયન અને નેશનલ. આ મુજબ સંસ્થા તેના બંધારણ મુજબ દરેક શરૂ થતાં નવા વર્ષે નેશનલ વર્કશોપ, રીજયોનલ વર્કશોપ, પ્રાંતિય વર્કશોપ એમ ઈમાનુસાર વર્કશોપનું આયોજન કાર્યકર્તાઓના ઘડતર માટે કરે છે. જેમાં નવનિયુકત જવાબદારી સંભાળનાર પદાધિકારીઓનું ઘડતર કરવામાં આવે છે.

ભારત વિકાસ પરિષદની ૧૬૦૦ થી વધુ જેટલી શાખાઓ સમગ્ર દેશમાં ફેલાયેલી છે. આ શાખાઓને ૧૦ રીજીયન અને ૭૯ પ્રાંતમાં વહેચવામાં આવેલ છે. જે પૈકી સૌરાષ્ટ્ર પ્રાંતની ૨૩ શાખાના ૫ આયામોના કન્વીનરો, અધ્યક્ષ, મહાસચિવ, કોષાધ્યક્ષ, અને મહિલા સંયોજિકા આ વર્કશોપમાં અપેક્ષિત છે.

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંત જેના અધ્યક્ષ સંજયભાઈ કોટક, મહાસચિવ દિવ્યેશભાઈ સતાસીયા, અને કોષાધ્યક્ષ ડો. જયેશભાઈ પનારા છે તે આ વર્કશોપના યજમાન પદે રહેલ છે જેને

(અનુ. આઠમા પાને)

### બેઠકમાં પરિષદના આગામી કાર્યો અંગે ચર્ચા-વિચારણા

# વીવીપી કોલેજના જોબફેરમાં સિવિલ એન્જિનિયરિંગના ૧૮ છાત્રોને મળી ‘જોબ’

### ૧૩ કંપનીઓ દ્વારા અભ્યાસ દરમિયાન જ પ્લેસમેન્ટ અપાયું

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ વીવીપી એન્જીનીયરીંગ કોલેજ-સિવિલ વિભાગ દ્વારા જોબફેરનું આયોજન કરવામાં આવેલ હતુ, જેમાં ૧૩-કંપનીઓ દ્વારા સિવિલ વિભાગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા કુલ ૧૮-વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન જ પ્લેસમેન્ટ આપવામાં આવ્યું હતું.

૧૩- કંપનીઓમાં એકઝોકોર્પ પ્રા.લી, સ્ટુકોન કન્સલ્ટન્ટ,સ્ટન મટી. ટેસ્ટીંગ લેબ, જયેશ દલાલ એન્ડ કુ., તથાસ્તુ આર્કીટિકટ, હસીત ખોલીયા, પરાગ ઉદાણી આર્કીટિકટ ફર્મ, ટી.ઈ. કોન એસોસીએટસ, રાજ કોન્સેપ્ટ પ્રા.લી., મૌર્ય વેલ્યુએશન ફર્મ, એ. કે. એપ્રેઝલ એન્ડ કુ., જીયોગ્રીડ કન્ઝર્વ પ્રા. લી. જેવી નામાંકિત કંપનીઓનો સમાવેશ થાય છે. હાલ બાંધકામ ક્ષેત્રે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ, ગવર્નમેન્ટના સિવિલ કન્સ્ટ્રકશન પ્રોજેક્ટસમાં તેમજ પ્રાઈવેટ મેગા રેસીડેન્સીયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સમાં એન્જિનિયરોની માંગ વધેલ છે. આ ઉપરાંત પ્લાનીંગ લેવલે આર્કિટેક્ટ અને ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્સી, વેલ્યુએશન ફીલ્ડ તેમજ મટીરીયલ ટેસ્ટીંગ લેબમાં પણ સિવિલ એન્જીનીયરો ની ડિમાન્ડ વધેલ છે. પ્લેસમેન્ટ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અ વી.વી.પી. સિવિલના શ્રેષ્ઠ શિક્ષણ, પ્રાધ્યાપકોની મહેનત-સંભાળ-જ્ઞાન-પુરુષાર્થ પ્રત્યે આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરેલ હતી. જોબફેર ની સફળતા માટે વી.વી.પી.ના આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારા ના માર્ગદર્શન હેઠળ સિવિલ વિભાગના વડા ડો. જે. વી. મહેતા, પ્લેસમેન્ટ કો-ઓર્ડીનેટર પ્રો. જીજ્ઞેશભાઈ શાહ તથા સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

આ તકે વી.વી.પી.ના સિવિલ વિભાગને સંસ્થાના ટ્રસ્ટીઓ કોશિકભાઈ શુકલ ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છા પાઠવેલ છે.



# T. N. RAO COLLEGE
Nr. Saurashtra University Campus, Rajkot
Contact : 9978670472 / 74

ADMISSION OPEN

CO-EDUCATION (BOYS & GIRLS)

BCA | M.Sc. (IT & CA) | B.Ed. | M.Ed.

ONLY FOR GIRLS
B.B.A.
B.Com.


- ૨૦ કરતા પણ વધુ વર્ષથી ચાલતી બી.સી.એ. ની એકમાત્ર સંસ્થા
- ગુજરાતની નામાંકિત સોફ્ટવેર કંપનીઓમાં વિદ્યાર્થીઓનું દર વર્ષે પ્લેસમેન્ટ
- ૧૮૦ કરતા પણ વધુ અપડેટેડ કમ્પ્યુટર લેબોરેટરી
- ૧૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતા અધ્યાપકો

આપની બાળકોના શ્રેષ્ઠ અભ્યાસ તથા શ્રેષ્ઠ સલામતી માટે શ્રેષ્ઠ સ્કુલ પસંદ કરો...

## ટી. એન. રાવ સ્કૂલ, રાજકોટ
FOR GIRLS & BOYS | CBSE AFFILIATED
પ્લે હાઉસ, નર્સરી, કે. જી. થી ધોરણ : ૧૦ માં પ્રવેશ મળશે.
યુનિવર્સિટી કેમ્પસ પાસે, રાજકોટ-૩૬૦૦૦૫
0281-2970473 / 9978670473

# MODI SCHOOL
માત્ર NEET જ નહી, RE-NEET માં પણ સૌરાષ્ટ્ર ટોપરની પરંપરા

RE-NEET 2024 — SAURASHTRA TOPPER




અંશ પટેલ, B.J. Medical Ahmedabad — 2023: 540, 2024: 695 — MARKS GROWTH 155

RE-NEET 2023 — RE-NEET TOPPER



Suhem Dakora, P.D.U. Medical Rajkot — 2022: 466, 2023: 615 — MARKS GROWTH 149

RE-NEET 2022 — SAURASHTRA TOPPER



કિશન કણઝારીયા, B.J. Medical Ahmedabad — 2021: 432, 2022: 660 — MARKS GROWTH 228

| RESULT ANALYSIS | RE-NEET 2024 | RE-NEET 2023 | RE-NEET 2022 |
|---|---|---|---|
| કુલ વિદ્યાર્થી | 128 | 134 | 86 |
| 600+ માર્કસ | 30 વિદ્યાર્થીઓ | 3 વિદ્યાર્થીઓ | 9 વિદ્યાર્થીઓ |
| 550+ માર્કસ | 49 વિદ્યાર્થીઓ | 13 વિદ્યાર્થીઓ | 17 વિદ્યાર્થીઓ |
| 500+ માર્કસ | 76 વિદ્યાર્થીઓ | 40 વિદ્યાર્થીઓ | 28 વિદ્યાર્થીઓ |

NEET 2024 ▸ MBBS પ્રવેશ 235 વિદ્યાર્થીઓ

Admission Open for RE-NEET

Batch starts 2nd JUNE 2025

Registration Link : http://tiny.cc/RENEET2025
Scan QR Code

રાજકોટ સીટી બ્રાન્ચ 70690 05242
જામનગર બ્રાન્ચ 70697 80808
બોયઝ તથા ગર્લ્સ માટે અદ્યતન હોસ્ટેલ સુવિધા
ઈશ્વરીયા બોર્ડીંગ બ્રાન્ચ 70690 05288

# પંચશીલ કોલેજ
ADMISSION OPEN 2025-2026

B.C.A. (Bachelor of computer Application) | B.SC. (Bachelor of Science) | B.B.A. (Bachelor of Business Administration)
B.COM. (Bachelor of Commerce) | B.ED. (Bachelor of Education)

દિકરીઓ ને ફ્રી ટ્રાન્સપોર્ટેશન આપતી એકમાત્ર સંસ્થા



Mahika, near aji dem, Rajkot.
More information call us +91 70699 14143

# Kamdar Group of Schools and Colleges
Admission OPEN
SC/ST ના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

ANM NURSING | GNM NURSING | B.Sc. NURSING | PB B.Sc. NURSING | M.Sc. NURSING
B.P.T. PHYSIOTHERAPY | B.H.M.S. HOMOEOPATHIC
D.M.L.T. | B.A. | B.Ed. | B.Com | M.Com
PHARMACY : B.Pharm : After 12th

M.Sc. Science
B.Sc. Science
- Chemistry • Physics
- Maths • Ind. Chemistry
- Botany • Biotechnology
- Zoology • Biochemistry
- Microbiology

Wing - A : Haripar Pal, Near DWPS School, Kalawad Road, RAJKOT - 7.
Wing - B : Haripar Pal, Near DWPS School, Kalawad Road, RAJKOT - 7.
NURSING / BPT / PHARMACY 93750 07440 / 95100 52611
D.M.L.T. 93750 07440
M.Sc. / B.Sc. Science 99792 68708
BHMS 82198 34117
B.Ed. / B.A./ D.M.L.T. 93289 44162

UNDER THE AEGIS OF DELHI WORLD FOUNDATION
# DELHI WORLD PUBLIC SCHOOL MORBI
Admissions Open
For NURSERY to CLASS 12th



CONTACT US
B/h. Baa Ni Vadi, Virpar, Morbi - 363641.
75730 75065 | 75730 75020
E-mail : info@dwpsmorbi.com
Website : www.dwpsmorbi.com
Follow us : https://www.facebook.com/dwpsmorbi/

UNDER THE AEGIS OF DELHI WORLD FOUNDATION
# DELHI WORLD PUBLIC SCHOOL ESTD - 2002 RAJKOT
Admission Open
For NURSERY to CLASS 12th
- 100+ schools in India and abroad.
- Sports (Indoor & Outdoor).
- Excellent result of CBSE 10th & 12th Class.
- Located in pollution free environment.

HOSTEL Facilities Available

SCHOOL CAMPUS
Haripar, Survey No. 12, Kalawad Road, Rajkot-5.
CITY OFFICE
7th Floor, Neptune Tower, Kalawad Road, Rajkot-5.
CONTACT :: +91 75728 90055 / +91 75728 90044

તંત્રી લેખ

# શાળા પ્રવાસમાં પોલીસને સાથે રાખવાનો નિર્ણય સરાહનીય

શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા-સલામતિ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવાસમાં બે પોલીસ કર્મચારીઓને સાથે રાખવાનો નિયમ બનાવ્યો છે.જે સુરક્ષા સહિતના અનેક પરિબળોને ધ્યાનમાં રાખી ખૂબ જ સરાહનીય છે.

કોઈ પણ વ્યક્તિ માટે પરિવાર અને બાળકોની સુરક્ષા સૌથી મોટી ચિંતાનો વિષય બની રહેતો હોય છે જ્યારે બાળકો શાળાએથી પ્રવાસે જતા હોય છે ત્યારે બાળક ઘરે પર પ્રવાસ પૂરો કરી સહી સલામત ઘરે ન પહોંચે ત્યાં સુધી માતા પિતાના જીવ અધ્ધર રહેતા હોય છે.રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.જે અનેક રીતે ખાસ બની રહેશે.હવેથી રાજ્યની તમામ સરકારી, અર્ધસરકારી કે ખાનગી શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે કોઈપણ પ્રવાસ, ટુર, પિકનિક કે મુલાકાત જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તો તેમાં બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત કરવામાં આવી છે.

જો પ્રવાસમાં વિદ્યાર્થીનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. આ કામગીરી માટે શાળાના આચાર્યઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો પડશે અને પોલીસ કર્મચારીઓને પ્રવાસમાં સાથે રહેવા માટે અરજી કરવાની રહેશે.

આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવા માટે રાજ્યની તમામ શાળાઓના આચાર્યઓને સૂચનાઓ આપી દેવામાં આવી છે.આ નિર્ણય વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે, જેથી શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા-સલામતિ સુનિશ્ચિત થઈ શકે, સાથે સાથે અન્ય મહત્વનો ઉદ્દેશ્ય છે કે વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે સેતુ બંધાય અને પરસ્પર સુમેળ સંબંધ કેળવાય.

બાળકોને વિદ્યાર્થી કાળથી સુરક્ષાનું મહત્વ શકશે.બાળકોને અત્યાર સુધી પોલીસનો ડર બતાવી હમેશા ડરાવવામાં આવ્યા છે.પરંતુ હવે બાળકોના દિલો દિમાગમાં પોલીસ તરફનો અભિગમ ફરશે.પોલીસથી ડરવાની જરૂરિયાત નથી તેની સાથે મિત્ર ભાવ કેળવવાની આવશ્યકતા છે. કારણ કે પોલીસ પ્રજાની સુરક્ષા માટે સતત કાર્યરત છે. શાળા પ્રવાસમાં પોલીસને સાથે રાખવાનો નિર્ણય સલામતીની દૃષ્ટિએ ખુબ જ મહત્વપૂર્ણ છે.

(સહી)

# ગોંડલના ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો કાલે જન્મદિવસ



ગોંડલ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના પીઢ નેતા જયરાજસિંહ જાડેજાનો કાલે જન્મદિવસ છે. જયરાજસિંહ જાડેજાએ ગોંડલ અને સૌરાષ્ટ્રના રાજકારણમાં એક અનોખું સ્થાન બનાવ્યું છે. ધારાસભ્ય તરીકે તેમણે પ્રદેશના વિકાસ માટે અનેક કાર્યો કર્યા છે અને લોકોના પ્રશ્નોને વાચા આપી છે. તેમની સરળતા, નિષ્ઠા અને જન સેવાની ભાવના તેમને લોકપ્રિય નેતા બનાવે છે. અબતક મીડિયા પરિવાર જયરાજસિંહ જાડેજાના સુખી, સ્વસ્થ અને દીર્ઘાયુષ્ય જીવન માટે પ્રાર્થના કરે છે. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનનો લાભ સમાજને હંમેશા મળતો રહે તેવી શુભેચ્છાઓ. તેમના મોબાઈલ નંબર. ૯૯૧૩૨ ૦૧૧૧૧ પર રાજકોટ સહિત રાજ્યભરમાંથી શુભેચ્છા થઈ રહી છે.

# આહીર અગ્રણી હરિ વાલા ડાંગરનો કાલે જન્મદિવસ



રાજકોટના અડીખમ અને લોકપ્રિય આહીર અગ્રણી અને ભાજપના પૂર્વ કોર્પોરેટર હરીવાલા ડાંગરનો આવતીકાલે જન્મદિવસ છે. બાપલિયાનું જનસેવા કાર્યાલય અરજદારોથી ધમધમતું રહે છે. હાલ તેમના ધર્મ પત્ની જયાબેન ડાંગર ભાજપના કોર્પોરેટર પદે કાર્યરત છે અને પુત્ર શૈલેષભાઈ ડાંગર ભાજપના યુવા અગ્રણી તરીકે સેવા આપી રહ્યા છે. હરીવાલા ડાંગરે સમાજ સેવા, રાજકારણ અને અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની દીર્ઘદ્રષ્ટિ, નિષ્ઠા અને જનસેવાના કાર્યો હંમેશા પ્રેરણાદાયી રહ્યા છે. તેમણે આહીર સમાજ અને રાજકોટ શહેરના વિકાસ માટે કરેલા પ્રયાસો સરાહનીય છે. અબતક મીડિયા પરિવાર હરીવાલા ડાંગરના સુખી, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના કરે છે. તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમાજ અને શહેર સતત પ્રગતિના પંથે આગળ વધે તેવી આશા રાખીએ છીએ. તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૨૮૭૦૦૧ પર રાજકોટ સહિત રાજ્યભરમાંથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# અયોધ્યામાં કાલથી રામેશ્વરબાપુ હરિયાણીના વ્યાસાસને રામકથા



અબતક, રાજકોટ

સરયુ મૈયાના કિનારે તીર્થસ્થાન અયોધ્યા નગરીમાં આવતીકાલથી તા. ૯-૬ ને સોમવાર સુધી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામકથામાં રામેશ્વરબાપુ હરિયાણી વ્યાસાસને બિરાજી કથાનું રસપાન કરાવશે. આ કથાનં આયોજન રાધામોહન કુંજ, જાનકી ઘાટ, અયોધ્યા ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હજારો ભક્તો શ્રોતાઓ રામકથા શ્રવણનો લાભ લેશે.

# ભાજપ અગ્રણી ચેતન રામાણી-પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાએ પ્રેમાનંદ મહારાજના આશિર્વાદ લીધા

અબતક, રાજકોટ



મથુરા જીલ્લાના વૃંદાવન શહેર ખાતે ભારતીય આધ્યાત્મિક જગતના પ્રખ્યાત સંત પ્રેમાનંદજી મહારાજના સાધુ આશ્રમ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. પ્રેમાનંદ મહારાજ રાધા-કૃષ્ણના ભક્તિ માર્ગના અનુયાયી છે અને તેમના ઉપદેશો અને જીવનશૈલી દ્વારા અનેક ભક્તોને પ્રેરણા આપતા રહ્યા છે.

# વાસના-દુર્ગતિનો અને ઉપાસના સદગતિનો માર્ગ: પૂ.મોરારિબાપુ

## માનસ નાલંદા યુનિવર્સિટીમાં રામકથાના સાતેમા દિવસે સંગીતમય શૈલી સાથે શ્રોતાઓ કથાશ્રવણનો લાભ લીધો

અબતક, રાજકોટ



''માનસ નાલંદા યુનિવર્સિટી'' ના સાતમા દિવસના સંવાદી શરૂઆત કરતા, બાપુએ નવ નિર્મિત નાલંદા યુનિવર્સિટીની મુલાકાત બદલ ખુશી વ્યક્ત કરી અને ફક્ત બે શબ્દોમાં પ્રતિભાવ આપતા કહ્યું - ''ભલી રચના.''

બાપુએ વિદ્યાપીઠ દ્વારા વ્યાસપીઠ પ્રત્યે દર્શાવવામાં આવેલી અદબ બદલ પ્રસન્નતા વ્યક્ત કરી.

બાપુએ કહ્યું કે આ યુનિવર્સિટીએ પંચ મહાભૂતના પાંચેય તત્વોનો પૂરો લાભ લીધો છે. નાલંદા વિશ્વ વિદ્યાલયના મુખ્ય આર્કિટેક્ટ એક ગુજરાતી છે. વિદ્યાલયનું ઉદઘાટન પણ ગુજરાતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા કરવામાં આવ્યું હતું. બાપુએ- ત્રિભુવાની હોવા છતાં આ પવિત્ર સ્થાન પર ગુજરાતી હોવાને નાતે નાલંદામાં કથા કરવાનો સહજ આનંદ વ્યક્ત કર્યો. બાપુએ નાલંદા યુનિવર્સિટી પુનઃ એકવાર તેની ગરિમા તરફ ગતિ કરે, એવી મંગલ કામના વ્યક્ત કરી.

''રામ'' નામના બે અક્ષરો છે - આ એક જોડી છે, જેનો ઘણો મહિમા છે. ''બાપુ'' શબ્દના પણ બે અક્ષરો છે - એનો પણ મહિમા છે. આધ્યાત્મિકતામાં જુગલનો મહિમા છે. ''ર'' અને ''મ'' એ બંને અક્ષર, જીવ અને જગતનું જતન કરે છે. શ્રોતા-વક્તા જ્ઞાનનિધિ છે, આ જોડી મારી અને તમારી છે!

કથાના ક્રમમાં પ્રવેશતા, પૂ. બાપુએ કહ્યું કે વિશ્વામિત્રજી, વિશ્વના કલ્યાણ માટે યજ્ઞ કરે છે. મારીચ અને સુબાહુ તેમાં અવરોધો ઉભા કરે છે. વિશ્વામિત્રજીએ ધ્યાન સમાધિમાં જોયું કે ભગવાન રામ અયોધ્યામાં પ્રગટ થયા છે. વિશ્વામિત્રજી દશરથજીને અનુજ સાથે રામને યજ્ઞ રક્ષા માટે મોકલવા કહે છે. બાપુએ કહ્યું કે લક્ષ્મણને બાળપણથી જ રામ અતિ પ્રિય છે. તેથી લક્ષ્મણ રામની સાથે જાય છે.

ભારતના ઋષિઓ વિશ્વ

# સૌરાષ્ટ્ર બાજ ખેડવાળ બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કરાશે

અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યા પ્રસારક મંડળ, સ્વ. ડી.એમ. જોશી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ) રાજકોટ તથા શ્રાવણી પર્વ ઉત્સવ સમીતી, યુવા સંગઠન, મહિલા પરિષદ દ્વારા ફુલ સ્કેપ ચોપડાનું વિતરણ રાહત દરે કરવામાં આવશે.

જેથી વર્ષ ૨૦૨૫માં ધોરણ ૧ થી ૧૨ પાસ થયેલ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટ ની ઝેરોક્ષ અને તેની પાછળ નામ સરનામાં તેમજ મોબાઈલ નંબર લખી રૂબરૂ જ્ઞાતિના કાર્યાલયે તા. ૫-૬ ને ગુરુવાર સાંજના ૫.૩૦ થી ૭.૩૦ સુધી અને તા. ૬-૬ થી ૭-૬ સુધીમાં કાર્યાલયે ધુમકેતુ હોલ રોયલ પાર્ક-૪ કાલાવડ રોડ ખાતે આવીને મેળવી લેવા જણાવાયું છે.

# ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં થર્ડ એસી કોચ ઉમેરાયો

અબતક, રાજકોટ

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્રે આગામી ૬ મહિના માટે ટ્રેન નં. ૧૯૨૧૦/૧૯૨૦૯ ઓખા-ભાવનગર એક્સપ્રેસમાં હંગામી ધોરણે એક થર્ડ એસી કોચ સુવિધા પૂરી પાડવાનો નિર્ણય લીધો છે.

ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસમાં ૩.૬.૨૦૨૫ થી ૩.૧૨.૨૦૨૫ સુધી એક થર્ડ એસી કોચ ઉમેરવામાં આવશે.

નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસમાં તા.૨.૬.૨૦૨૫ થી ૨.૧૨.૨૦૨૫ સુધી ટ્રેન એક થર્ડ એસી કોચ ઉમેરવામાં આવશે.

# સેવાના સારથી રમેશભાઈ ઠક્કરનો કાલે જન્મદિવસ

## રકતદાન કેમ્પ થકી કાલે જન્મદિવસની ઉજવણી કરાશે



રમેશચંદ્ર કેશવજી ઠક્કરનો જન્મ ૦૧/૦૬/૧૯૪૯ નારોજ થયેલ હતો તેઓનાં પરિવારમાંતેમના અર્ધાંગીની રેણુકાબેન ઠક્કર, જ્યેષ્ઠ પુત્ર ડો. મયંક ઠક્કર (એમ.ડી.-ઈન્ટરનલ મેડીસીન, ડાયાબીટીક ક્રિટીકલ કેરસ્પેશ્યાલીસ્ટ) તથા નાનો પુત્ર ગૌરાંગ ઠક્કર (મીકેનીકલએન્જી.) છે.પોતાની યુવાનીમાં શ્રી રમેશભાઈએ સફળતાને હાંસલ કરવા,પોતાની કોઠા સૂઝ, મહેનત અને લગાવથી વ્યવસાયને પોતાનું જીવન બનાવ્યું. જિંદગીની સીડી સડસડાટ ચઢવા, ઉતારચઢ રાજકોટનું સેવા જગતનું ગૌરવ, ગૌ પ્રેમી તથા અનેક સેવાકીય સંસ્થાઓ સાથે તન,મન, ધનથી સંકળાયેલા રમેશભાઈ ઠક્કરના ૭૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયાં છેત્યારે તેમના જન્મદિનની સેવામય ઉજવણી થવા જઈ રહી છે ત્યારે પ્રવર્તમાનઉનાળાની ગરમીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઈ છે. ત્યારે રમેશભાઈ ઠક્કરના પરીવાર તથા મિત્રવર્તુળ દ્વારા સિવીલ હોસ્પિટલ બ્લડ બેંક, રેડક્રોસ બ્લડ બેંક, લાઈફ બ્લડ બેંક, જીવનદિપ બ્લડ બેંકના સહયોગથી થેલેસેમીયાપીડીત બાળકો, દર્દીનારાયણ, દરીદ્ર નારાયણના લાભાર્થે તા.૧, જૂન, રવીવારના રોજ સવારે ૮ થી બપોરે ૧ સુધી શ્રીગિરિરાજ હોસ્પિટલ, ૨૭-નવજ્યોત પાર્ક,૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે કાલે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સાથે સાથે દરરોજ ૪૦૦ થી વધુ શ્વાનોને દુધ રોટલા પહોચાડવામાં આવે છે. આજની જરૂરીયાત યુરીયાથી થતાં નુકશાનઅને જંતુનાશક દવાઓથી રોગ વધ્યા છે ત્યારે ગૌ આધારીત અને ઓછા ખર્ચે પૌષ્ટીક અને જૈવીક ખેતી (ઓર્ગેનીક) માટે ખેડુતોનેમાર્ગદર્શન સેમીનારનું આયોજન અને ગોબર અને ગૌમૂત્રથી જમીનનું પણ નવસર્જન થાય છે તે સમજાવવા માટે અને ઘરે ઘરે ગાયબંધાય તે માટે સનીષ્ઠ પ્રયત્ન દ્વારા ૩૦ થી વધુ ખેડૂતોને આંગણે ગાયોને બાંધવામાં સફળતા મળેલ છે. રમેશભાઈ ઠક્કરનેજન્મદિનન નિમિતે મો. ૯૯૦૯૯ ૭૧૧૧૬ પર શુભેચ્છા વર્ષા વરસી રહી છે.

# ભારતીય બૌદ્ધ મહાસભા દ્વારા કાલે ભવ્ય ભીમ ડાયરો

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાત દરમિયાન આયોજકોએ કાર્યક્રમ અંગે માહિતી આપી: બાબાસાહેબ આંબેડકરના પૌત્ર ભીમરાવ યશવંતરાય આંબેડકર ઉપસ્થિત રહેશે



તસવીર: શૈલેષ વાડોલિયા


અબતક, રાજકોટ

ત્રંબા માનવ મંદિર કસ્તુરબા ધામ ખાતે આવતીકાલે મહાબોધિ મહાવિહારના મુક્તિ આંદોલનના સમર્થનમાં ભવ્ય બૌદ્ધ ધર્મ સભા અને ભવ્ય ભીમવાણી ભીમ ડાયરા નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભીમરાવ યશવંતરાવ આંબેડકર (કાર્યાધ્યક્ષ ભારતીય બૌદ્ધ મહાસભા) રાજેન્દ્ર પાલ ગૌતમ (સંરક્ષક મિશન જયભીમ) પ્રોફેસર રતનલાલ (દિલ્લી યુનિવર્સિટી) ધીરુભાઈ કોરાટ સામાજિક કાર્યકર્તા ટ્રસ્ટી કસ્તુરબા માનવ મંદિર ત્રંબા ના અધ્યક્ષ સ્થાને ૫:૩૦ વાગ્યાથી આ કાર્યક્રમ શરૂ થશે.

આ કાર્યક્રમ ની માહિતી આપતા અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં કાર્યક્રમના આયોજકો એડવોકેટ જાગૃતીબેન પરમાર (ભારતીય બૌદ્ધ મહાસભા ગુજરાત રાજ્ય મહિલા સંગઠક) જયેશભાઈ પાતર, રમેશભાઈ સોલંકી, દિલીપભાઈ પરમાર, હરેશભાઈ ચૌહાણ, પ્રવીણ વાળા, સતિષભાઈ મુછડીયા, ભુપેનભાઈ પરમાર, એડવોકેટેડ રમેશ સોલંકી અને વિક્રમ વોરાએ જણાવ્યું હતુ કે મહાબોધી મહાવિહાર મુક્તિ આંદોલનના સમર્થનના આયોજિત આ આ કાર્યક્રમમાં બાબાસાહેબ આંબેડકરના પ્રપૌત્ર ભીમ રાવ યશવંત રાવ આંબેડકર ઉપસ્થિત રહેનાર છે આ કાર્યક્રમમાં બુદ્ધને જે જ્ઞાન પ્રાપ્તિ થઈ એવા મહાબત્તી મહાવિહાર અને ભારતમાં બૌદ્ધ ધર્મનું વર્તમાન અને ભવિષ્ય દિશા અને દશાના સંદર્ભમાં ઉપસ્થિત વક્તાઓ અને નિષ્ણાતો પ્રવચન આપશે તથા બાબા સાહેબ ના વિચારોને લોકસાહિત્યના માધ્યમથી પ્રસ્તુત કરવા માટે દિનેશ ગોહેલ દ્વારા ભીમ ડાયરો ભીમ ડાયરાનો ભવ્ય આયોજન પણ કરવામાં આવ્યો છે આ ભવ્ય કાર્યક્રમમાં અંદાજે ૭૦૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહેનાર છે અને ૫૦૦૦ લોકો માટે જમણવારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારતીય બોધ મહાસભાની રાજકોટ શહેર અને જિલ્લાની ટીમ ધીરુભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવી રહી છે.

# વિશ્વ શાંતિ અને સદભાવના સ્થાપનામાં આચાર્ય લોકેશજીનું અભૂતપૂર્વ યોગદાન: શ્રી શ્રી રવિશંકરજી

અબતક, રાજકોટ



અહિંસા વિશ્વ ભારતીય અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, પ્રખ્યાત જૈન આચાર્ય લોકેશજી અને વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરજીએ આર્ટ ઓફ લિવિંગના મુખ્યાલય ખાતે યોજાયેલી સંવાદ સંગ્રોષ્ઠીમાં હાજર વિશાળ જનમેદનીને આધ્યાત્મિકતા અને સમાજકલ્યાણના વિવિધ મુદ્દાઓ પર સંબોધિત કર્યા. વિશ્વ શાંતિદૂત આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે સંવાદ પરસ્પર સમન્વય, સદભાવના અને શાંતિ સ્થાપિત કરવાનો મહત્વપૂર્ણ માધ્યમ છે. ધર્મ અને આધ્યાત્મને સમાજસેવામાં જોડીને રાષ્ટ્ર નિર્માણ અને વિશ્વ કલ્યાણ માટે સદાય અગ્રેસર રહેવું જોઈએ. આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજીએ જણાવ્યુંહતુંકેઆચાર્ય લોકેશજીએ વિશ્વ શાંતિ અને સદભાવના માટે જે યોગદાન આપ્યું છે તે અદ્વિતીય છે. આ વર્ષે ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રની સ્થાપના કરીને તેમણે ભારતીય મૂલ્યો અને આદર્શો દ્વારા સમાજ કલ્યાણ માટે પ્રતિબદ્ધતા દાખવી છે. તેમના વિશ્વ શાંતિના પ્રયાસોમાં અમે તેમનાં સાથે છીએ.

## પર્યાવરણ દિવસની ઉજવણી અન્વયે

# લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે કાલે 'બીટ પ્લાસ્ટીક પોલ્યુશન' વિષય પર સેમિનાર

અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય ઓ.વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર- રેસકોર્સ રાજકોટ ખાતે આવતીકાલે સાંજે ૫ થી ૭ દરમિયાન ''બીટ પ્લાસ્ટિક પોલ્યુશન'' વિષયે પર્યાવરણ પ્રેમીઓનો એક સેમિનાર રાખવામાં આવ્યો છે. જેમાં રાજકોટની ''સૌરાષ્ટ્ર બોન્સાઈ ક્લબ''નો પણ સહયોગ સાંપડ્યો છે.

વિશ્વ પર્યાવરણ દિવસ - ૫ જૂનની વૈશ્વિક ઉજવણીનો મુખ્ય વિષય ''બીટ પ્લાસ્ટિક પોલ્યુશન''ને સાર્થક કરવા માટે સમગ્ર વિશ્વના પર્યાવરણ પ્રેમીઓ પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવા માટે જન જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્ર બોન્સાઈ ક્લબના સર્વે પર્યાવરણ પ્રેમીઓ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાનાર આ સેમિનારમાં સક્રિય રીતે સહભાગી થઈને સીંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને જાકારો આપવાનો સંકલ્પ લેશે. રાજકોટ શહેરમાં પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતા અને કરવા માંગતા સર્વે પર્યાવરણ પ્રેમીઓને આ સેમિનારમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણના જતન - સંવર્ધન અને સંરક્ષણ માટે દેશના તમામ નાગરિકો માટે સૂચવેલ મિશન લાઈફ સ્ટાઈલ ફોર એનવાયરમેન્ટ - લાઈફને આપણે સૌ અનુસરીએ અને પર્યાવરણનું જતન કરીએ તે માટે બહોળા જન સમુદાયને જોડવાના પ્રયત્નો આ સેમિનાર મારફતે થશે.

આ સેમિનાર અંગે વધુ માહિતી અને નિઃશુલ્ક નામ નોંધણી માટે ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર -રાજકોટના મીનેષ મેઘાણી - મો.૯૯૭૮૮૨૫૮૨૯ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# બજરંગ ગ્રુપ દ્વારા દર રવિવારે લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર કાર્યરત

અબતક, રાજકોટ

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટી લોહાણા સમજના યુવક-યુવતિઓના વેવિશાળના પ્રશ્નોના નિરાકરણ માટે દર રવિવારે સાંજે ૫ થી ૭ વેવિશાળ કેન્દ્ર રાધેશ્યામ કોમ્પ્લેક્સ, ગ્રાઉન્ડ ફ્લોર, ગરેડિયા કુવા રોડ ખાતે કાર્યરત રહે છે. દર રવિવારે ગ્રેજયુએટ, ઉચ્ચ શિક્ષણ લાયકાત ધરાવતા, મીઠી જીભ, કેન્સલ, પુનઃલગ્ન સગાઈ વિચ્છેદ, વિધુર વિધવા ત્યકતા યુવક યુવતિઓને એન્ટ્રી આપવામાં આવશે. દર મહિનાના ચોથા રવિવારે ગ્રેજયુકેટ, ઉચ્ચ શિક્ષણ લાયકાત ધરાવતા નોનમેટ્રિકને એન્ટ્રી આપવામાં આવશે.

ઈચ્છુકોને કલર ફોટોવાળી બાયોડેટા, પાસપોર્ટ ફોટો તથા માતા-પિતા સાથે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

વધુ વિગત માટે કિશોરભાઈ કારીયા મો. નં. ૯૪૨૮૨ ૫૪૦૦૮, જતીનભાઈ ભીડોરા અથવા હસુભાઈ ગણાત્રાને સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# લોકવિજ્ઞાન કેન્દ્રમાં સોમવારે ઝીરો શેડો ડેની ઉજવણી

અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા.૨ જૂન અને સોમવારના રોજ ''ઝીરો શેડો ડે''ની ઉજવણી કરવામાં આવનાર છે. તા.૨ જૂનના રોજ સુર્ય બરાબર રાજકોટ શહેરના અક્ષાંશ પર હશે જેથી મધ્યાન સમયે થોડી ક્ષણો માટે વસ્તુઓનો પડછાયો ગાયબ થઈ જશે. વર્ષમાં ૨ જૂન અને ૧૦ જુલાઈ એમ માત્ર બે દિવસના આકાર લેતી આ ઘટનાના નિદર્શન માટે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે જાહેર જનતા માટે વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે ઝીરો શેડોની ઘટનાની વૈજ્ઞાનિક સમજૂતી પણ આપવામાં આવશે. આ સાથોસાથ, ક્લબના અધ્યતન ટેલિસ્કોપમાં સોલાર ફિલ્ટર લગાવી સુર્ય પરના સૌર-કલંકનાં નિદર્શનનું પણ આયોજન છે. કાર્યક્રમ સવારના ૧૨.૩૦ થી શરૂ કરી બપોરે ૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે. જાહેર જનતા માટેના આ નિઃશુલ્ક કાર્યક્રમનો લાભ લેવા વિજ્ઞાન અને ખગોળ પ્રેમીઓને અનુરોધ કરાયો છે.

# રાજકોટ-બિલેશ્વર સેકશનમાં બ્લોકના કારણે ગુરૂવારથી બે ટ્રેનના સમયમાં ફેરફાર

અબતક, રાજકોટ

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેકશનમાં આવેલા બ્રિજ નંબર ૨૨૫ ના ગર્ડર ફરીથી લગાવવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે.

આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

જેમાં જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૪. ૬.૨૦૨૫ અને ૧૧. ૬.૨૦૨૫ ના રોજ જામનગરથી તેના નિર્ધારિત સમય ૮:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે. અને વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૪. ૬.૨૦૨૫ અને ૧૧. ૬.૨૦૨૫ ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૭:૩૦ વાગ્યાને બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૮:૪૫ વાગ્યે ઉપડશે.

ટ્રેનોના સંચાલન સમય વિશે વધુ માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

# ડીવાઈન ટ્રસ્ટ દ્વારા મંગળવારે દંત ચિકિત્સા કેમ્પ

અબતક, રાજકોટ

શિવાનંદ ભવન'' ૬/૯ જંકશન પ્લોટ, સુખસાગર પાન પાસે ૩-૬-૨૫ મંગળ વારે સવારે ૯ થી ૧૦ દંત ચિકિત્સા કેમ્પ અને દાંત ની બત્રીસી નો કેમ્પ દિવ્ય જીવન સંઘ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે યોજાશે ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિના ભાગ રૂપે આ કેમ્પમાં જરૂરી આર્થિક અનુદાન રશ્મિબેન મહેન્દ્રભાઈ ગોહિલ (યુ.એસ.એ.) દ્વારા મળેલ છે. કેમ્પમાં ડો.જયસુખભાઈ મકવાણા, તેમજ મોનિકા ભટ્ટ જાગૃતિ ચૌહાણ સેવા આપશે. દાંતના ના દર્દીને તપાસી જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર દાંત વિના મુલ્યે કાઢી આપશું અને જરૂરી દવા પણ આપવામાં આવશે.દાંતની બત્રીસી તદન ટોકન દરે બનાવી આપવાની વ્યવસ્થા છે.એ અત્રે શિવાનંદ ભવન માં ભુપેન્દ્ર ભાઈ સ્વાદિયા, કિશોરસિંહ રાઠોડ,ઉપાધ્યાય ભાઈ,પ્રાણલાલ પંડ્યા, બીપીન ભાઈ અંતાણી, જહેમત ઉઠાવી રહ્યા છે. કેમ્પ નો લાભ લેવા ડીવાઈન ટ્રસ્ટના અગ્રણી હસુભાઈ મકવાણા એ અપીલ કરેલ છે.

# વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપતું ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ

## ઉચ્ચ શૈક્ષણીક કારકિર્દીના સપના આંખોમાં આંજીને આવતા યુવાનોના જીવન ધ્યેયને સાકાર કરવા અહીં મળે છે યોગ્ય પ્લેટ ફોર્મ


**અબતક, રાજકોટ**

**શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠતા - ૨૫ વર્ષથી**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ, રાજકોટ છેલ્લા ૨૫ વર્ષોથી સૌરાષ્ટ્ર પ્રદેશના વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપતું અજવાળું બન્યું છે. કેમ્પસમાં ત્રણ મુખ્ય સંસ્થાઓ છે: ક્રિસ્ટ કોલેજ, ક્રાઈસ્ટ પોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટ અને ક્રિસ્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ. આ તમામ સંસ્થાઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક રીતે સજ્જ બનાવે છે. સામૂહિક વિકાસ માટે સમર્પિત અભિગમ સાથે આ કેમ્પસ નીતિનિર્માણક્ષમ અને ઉદ્યોગસજ્જ વિદ્યાર્થી તૈયાર કરે છે. તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા, નવીનતા અને સામાજિક જવાબદારીની પરંપરા ગુજરાતના હજારો વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવી રહી છે.

**સાદ્ધાંતિક જ્ઞાન સાથે કૌશલ્ય વિકાસ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ સિદ્ધાંત સાથે કૌશલ્ય વિકાસ પર ખાસ ભાર આપે છે, જેથી વિદ્યાર્થીઓ ઉદ્યોગ માટે તૈયાર બને. અહીંનો ભણતરદાર અને પ્રતિબદ્ધ સ્ટાફ એ કેમ્પસની સૌથી મોટી તાકાત છે. વધુમાં, મોટા ભાગના પ્રોફેસર્સ પીએચ.ડી. ધરાવતા અનુભવી શિક્ષકો છે. તેમનો અનુભવ અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને વ્યવહારિક તાલીમ અને મેન્ટોરશીપ દ્વારા તેમનાં સાહસિકતાને વિકસિત કરે છે. આવું સંતુલિત શિક્ષણ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ અને કૌશલ્યથી ભરપૂર બનાવે છે.



**મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા પ્લેસમેન્ટ અને મેગા જોબ ફેર**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં પ્લેસમેન્ટની શ્રેષ્ઠ પરંપરા રહી છે. વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓ નિયમિત રીતે કેમ્પસની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ઉત્તમ નોકરીના અવસરો આપે છે. દરેક વર્ષે આયોજન થતા મેગા જોબ ફેરમાં ૧૦૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ જોડાય છે. આ મહત્વપૂર્ણ પ્લેટફોર્મ દ્વારા અનેક વિદ્યાર્થીઓ પોતાનું કરિયર શરૂઆત કરે છે. આ અભિગમ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક વિશ્વ માટે સારી રીતે તૈયાર કરે છે.

**ઔદ્યોગિક ઈન્ટર્નશિપ અને તાલીમ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં નિયમિત અભ્યાસ સાથે ઔદ્યોગિક ઈન્ટર્નશિપ અને તાલીમનું આયોજન થાય છે. આ અનુભવો વિદ્યાર્થીના સાદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારિક અનુભવ સાથે જોડે છે. પરિણામે વિદ્યાર્થીઓની કૌશલ્યક્ષમતા વધી અને તેમની નોકરી મળવાની શક્યતાઓ વધે છે.

**નવી શિક્ષણ નીતિની અમલવારી**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસે નવી શિક્ષણ નીતિનું સફળ અમલ કર્યુ છે, જેમાં હોલિસ્ટિક અભ્યાસ, કૌશલ્ય આધારિત અભિગમ અને લવચીક અભ્યાસક્રમો પર ભાર મુકાયો છે. આ નીતિ આંતશશાખીય અભ્યાસ અને વ્યવહારુ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે.

**સંસ્કૃતિક, રમતગમત અને કલબ પ્રવૃત્તિઓથી પરિપૂર્ણ કોલેજ લાઈફ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ વિદ્યાર્થીઓને સક્રિય અને જીવંત કોલેજ લાઈફ આપે છે જેમાં વર્ષભરમાં વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમો, રમતો અને વિદ્યાર્થીઓના ક્લબ્સની પ્રવૃત્તિઓ યોજાય છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ટીમ વર્ક અને નેતૃત્વના ગુણો વિકસાવે છે. ઉત્સવો અને સ્પર્ધાઓથી ભરેલું આ વાતાવરણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**મહિલા શિક્ષણ અને સશકિતકરણ માટે વિવિધ યોજનાઓ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં મહિલા શિક્ષણ અને સશક્તિકરણ માટે વિશેષ યોજના અને સુવિધાઓ ઉપલબ્ધ છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ દ્વારા વિવિધ કોર્સીસ, તાલીમ કાર્યક્રમો અને સચોટ માર્ગદર્શન આપવામાં આવે છે. છાત્રાઓ માટે ભણતર માટે ખાસ રિયાયતો, ફ્રી ટ્રાન્સપોર્ટેશન, અને શિક્ષણ માટે પ્રોત્સાહન યોજના અમલમાં મૂકવામાં આવી છે. એડીશ્નલી, મહિલાઓના આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા વધે તે હેતુથી સશક્તિકરણના અનેક કાર્યક્રમો પણ આયોજિત થાય છે.

**આંતરરાષ્ટ્રીય સફળતા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના વિદ્યાર્થી આજે માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરના અનેક દેશોમાં સફળતાપૂર્વક સ્થાયી થયા છે અને વિવિધ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં નોકરી કરીને ગૌરવ પામે છે. સાથે જ, ઘણા વિદ્યાર્થીઓ ભારતના મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં સક્રિય રીતે જોડાઈને દેશના વિકાસ અને વિકાસયાત્રામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. આનું શ્રેય તેમની શિક્ષણની મજબૂત પાયાદારી અને કેમ્પસના સર્વાંગી વિકાસના અભિગમને જાય છે.

# કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ માત્ર શિક્ષણમાં જ નહીં, વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતરમાં અગ્રેસર


RAJKOT KELAVANI MANDAL

**રાજકોટ કેળવણી મંડળ સંચાલિત શાળા-કોલેજો**

૧. ર હ. & વુ બિ. કોટક કન્યા વિનય મંદિર (ગ્રાન્ટેડ ગુજરાતી મિડિયમ ગર્લ્સ હાઈસ્કૂલ)
૨. પી. બી. કોટક મેમોરિયલ ઈંગ્લિશ હાઈસ્કૂલ (ગ્રાન્ટેડ ઈંગ્લિશ મિડિયમ ગર્લ્સ હાઈસ્કૂલ)
૩. પી. બી. કોટક મેમોરિયલ ઈંગ્લિશ સ્કૂલ (ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળા)
૪. કોટક ઈંગ્લિશ સ્કૂલ (ઈંગ્લિશ મિડિયમ બાલમંદિર)
૫. ર.હ. કોટક પ્રાથમિક શાળા (ગુજરાતી મિડિયમ પ્રાથમિક શાળા)
૬. સી. પી. કોટક મેમોરિયલ પ્રાયમરી સ્કૂલ (ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળા)
૭. ચં. પો. કોટક બાલમંદિર (ગુજરાતી મિડિયમ બાલમંદિર)
૮. કોટક સેકન્ડરી & હાયર સેકન્ડરી સ્કૂલ (ગુજરાતી મિડિયમ હાઈસ્કૂલ)
૯. એ. એસ. ચૌધરી હાઈસ્કૂલ (ગ્રાન્ટેડ ગુજરાતી મિડિયમ બોયસ સ્કૂલ)
૧૦. સદગુરૂદેવશ્રી રણછોડદાસજીબાપુ મહિલા હોમ-સાયન્સ કોલેજ & સ્વ. એમ. જે. કુંડલિયા ઈંગ્લિશ મિડિયમ મહિલા કોમર્સ કોલેજ (ગ્રાન્ટેડ મહિલા હોમ-સાયન્સ & બી.કોમ. કોલેજ)
૧૧. સદગુરૂદેવશ્રી રણછોડદાસજીબાપુ મહિલા હોમ-સાયન્સ કોલેજ & સ્વ. એમ. જે. કુંડલિયા ઈંગ્લિશ મિડિયમ મહિલા કોમર્સ & બી.બી.એ. કોલેજ (મહિલા બી.બી.એ. કોલેજ)
૧૨. સ્વ. એમ. જે. કુંડલિયા એજ્યુકેશન & ફીઝીકલ એજ્યુકેશન સ્પોર્ટ્સ સાયન્સ કોલેજ (બી. એડ. કોલેજ)
૧૩. સદગુરૂદેવશ્રી રણછોડદાસજીબાપુ મહિલા હોમ-સાયન્સ કોલેજ & સ્વ. એમ. જે. કુંડલિયા ઈંગ્લિશ મિડિયમ મહિલા કોમર્સ કોલેજ -એમ. કોમ. પી. જી. સેન્ટર (એમ. કોમ. કોલેજ)
૧૪. કે. એ. પાંધી ઈંગ્લિશ મિડિયમ લો કોલેજ (એલ. એલ. બી. કોલેજ)

**કે.એ.પાંધી ઈંગ્લિશ મિડિયમ લો કોલેજ,**
**ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ,**
**કસ્તુરબા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**
**ફોન નં. ૦૨૮૧-૨૪૪૨૧૬૭**


## ભણતર સાથે ગણતર આપતી અતિ આધુનિક સુવિધાથી સજ્જ કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલમાં એડમિશન ચાલુ

**અબતક, રાજકોટ**

રાજકોટની કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલે બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને ફરી એકવાર પોતાની શૈક્ષણિક ગુણવત્તા સાબિત કરી છે. આ પરિણામ માત્ર વિદ્યાર્થીઓની મહેનતનું જ નહીં, પરંતુ શાળાની વિશિષ્ટ શિક્ષણ પ્રણાલી અને સર્વાંગી વિકાસ પરના ભારનું પણ પ્રતિક છે.કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્લે હાઉસ થી માંડીને થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આધુનિક અને ઈન્ટરેક્ટિવ શિક્ષણ પ્રદાન કરવા માટે સુસજ્જ છે, ત્યારે કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલમાં એડમિશન ચાલુ છે, શાળાના વર્ગખંડો ડિજિટલ બોર્ડ, પ્રોજેક્ટર અને ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી સજ્જ છે, જે ઈન્ટરેક્ટિવ લર્નિંગને પ્રોત્સાહન આપે છે. વિજ્ઞાન (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન), કમ્પ્યુટર અને ભાષા શીખવા માટેની આધુનિક પ્રયોગશાળાઓ વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડે છે. વિવિધ વિષયોના પુસ્તકો, સંદર્ભ ગ્રંથો, જર્નલ્સ, ઇ-બુક્સ અને ડિજિટલ સંસાધનોથી ભરપૂર પુસ્તકાલય વિદ્યાર્થીઓને સંશોધન અને વાંચન માટે પ્રોત્સાહિત કરે છે. શૈક્ષણિક ફિલ્મો, પ્રેઝન્ટેશન્સ અને અન્ય દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી દ્વારા શિક્ષણ આપવાની સુવિધા ઉપલબ્ધ છે. કારકિર્દી માર્ગદર્શન, શૈક્ષણિક સલાહ અને વ્યક્તિગત સમસ્યાઓના નિરાકરણ માટે નિષ્ણાત કાઉન્સિલર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓની પ્રગતિ પર નજર રાખવા અને સુધારા માટે મદદ કરવા નિયમિત પરીક્ષાઓ અને મૂલ્યાંકનનું આયોજન કરવામાં આવે છેશાળા માત્ર શૈક્ષણિક જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. ક્રિકેટ, ફૂટબોલ, હોકી જેવી આઉટડોર રમતો માટેનું વિશાળ મેદાન અને બેડમિન્ટન, ટેબલ ટેનિસ, બાસ્કેટબોલ જેવી ઈન્ડોર રમતો માટેની સુવિધા ઉપલબ્ધ છે.તરવાનું શીખવા અને પ્રેક્ટિસ કરવા માટેની આધુનિક સુવિધા છે. વિદ્યાર્થીઓની શારીરિક તંદુરસ્તી અને માનસિક શાંતિ જાળવવા માટે યોગ અને ધ્યાન કેન્દ્રની સુવિધા છે. ચિત્રકામ, શિલ્પકલા, સંગીત અને નૃત્ય શીખવવા માટેની સુવિધાઓ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે.




ઈકો ક્લબ, સાયન્સ ક્લબ, લિટરેરી ક્લબ જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના રસ અને કૌશલ્યોને વિકસાવે છે.આ તમામ સુવિધાઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે મજબૂત બનાવવાની સાથે સાથે તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં પણ મદદરૂપ થાય છે, જેથી તેઓ ભવિષ્યના પડકારોનો સામનો કરવા સક્ષમ બની શકે.વધુમાં, ૩૩૦૪ વિદ્યાર્થીઓ અ૧ ગ્રેડ સાથે અને ૭૦૬૦ વિદ્યાર્થીઓ અ૨ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. આ સિદ્ધિ શાળાના સંચાલકોની મહેનત અને દ્રષ્ટિનું ફળ છે, જેમની પ્રતિબદ્ધતાને કારણે ૧૦૦% પરિણામની આ લહેર સમગ્ર શાળા પરિવારમાં છવાઈ છે.કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલના આ શાનદાર પરિણામ પાછળ શાળાની વિશેષ શિક્ષણ પ્રણાલી અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની સખત મહેનત જવાબદાર છે: શાળા દ્વારા વિદ્યાર્થીઓને પર્સનલ ગાઈડન્સ પૂરું પાડવામાં આવતું હતું,

જે દરેક વિદ્યાર્થીની જરૂરિયાત મુજબનું વ્યક્તિગત ધ્યાન સૂચવે છે.: વિકલી ટેસ્ટનું નિયમિત આયોજન કરવામાં આવતું હતું, જેનાથી વિદ્યાર્થીઓની તૈયારીનું સતત મૂલ્યાંકન થતું હતું અને કમજોર વિષયો પર ધ્યાન આપી શકાતું હતું.આ સુનિયોજિત અભિગમ અને વિદ્યાર્થીઓની લગન તથા શાળાના સમર્પિત પ્રયત્નોનું આ પરિણામ સાચું પ્રતિબિંબ છે. કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ રાજકોટમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે.


**'અબતક' શૈક્ષણિક પૂર્તિને**

**હાર્દિક શુભકામના**



**એક શુભેચ્છક**


### -:: જાહેર નોટીસ ::-

આથી સર્વેને જણાવવાનું કે, સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના મોજે ધ્રાંગધ્રાની સીમ જમીન સર્વે નં.૮૬૫/પૈકી-૧ વાળી જમીન બળદેવભાઈ રામજીભાઈ હડીયલની માલીકી અને વડીલોપાર્જીત મિલ્કત હોય જેમાં બોગસ વારસાઈ અને પેઢી આંબાથી બોગસ દસ્તાવેજ થયેલ હોવાથી બળદેવભાઈ રામજીભાઈ હડીયલના કુલ મુખત્યાર તરીકે રાજુભાઈ અમરાભાઈ મુંધવા, રહે.ધોળીધાર, ધ્રાંગધ્રા વાળા ધ્રાંગધ્રા સીવીલ કોર્ટમાં રે.દિ.કેસ નં.૨૮૯/૨૦૨૫ થી દસ્તાવેજ રદ કરવાનો અને કાયમી મનાઈ હુકમનો દાવો દાખલ કરેલ છે આ જમીન સબંધીત પ્લોટ કે અન્ય કોઈ બાબતે વેચાણ લેવુ કે કરવુ નહી કે આ જમીન કોઈએ ગીરો રાખવી નહી જો આવુ કોઈ કૃત્ય કરશે તો તેની જવાબદારી તેમના શીરે રહેશે અને સીવીલ દાવામાં પક્ષકાર તરીકે જોડવાની અમોને ફરજ પડશે જાહેર જનતાને કોઈ વિશ્વાસઘાત ન થાય તે હેતુથી આ જાહેર નોટીસ આપવામાં આવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**રાજુભાઈ અમરાભાઈ મુંધવા,**
રહે.ધોળીધાર,

ધ્રાંગધ્રાના એડવોકેટ તરીકે
**પ્રવિણકુમાર હરીશભાઈ શુકલ**
ઓફીસ : ગ્રીનચોક, ધાંગધ્રા
મો.નં.૯૬૩૮૯૯૨૩૧૧

સ્થળ : ધ્રાંગધ્રા
તા.૩૦-૫-૨૦૨૫

### નામ ફેરફાર બાબતે



બંને નામોની વ્યક્તિ હુ એક જ છું

હું નીચે લખી આપનાર રેખાબેન કેદાર ચૌધરી જે લગ્ન પહેલા નું મારૂ નામ આ હતું તેમજ લગ્ન પછી નું મારૂ નામ રેખાબેન વિજયપ્રસાદ જયસ્વાલ છે આ બંને નામો મારા જ છે આ બંને નામની હું એક જ વ્યક્તિ છું.

**લી.રેખાબેન વિજયપ્રસાદ જયસ્વાલ**
ગામઃ તરખડી તાઃ પડધરી જીઃ રાજકોટ


### પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૧ વર્ષ ૨૦૨૫-૨૬ | તારીખ : ૨૯-૦૫-૨૦૨૫

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | DRM-RJT-2025-26-E-34 | રાજકોટ ડિવિઝન : સિનિ. સેક્શન એન્જિનિયર (વર્ક્સ) મોરબી સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ લેવલ ક્રોસિંગ્સની સુધારણા. | ૨,૨૧,૩૯,૫૫૩.૪૯ | ૨,૬૦,૮૦૦.૦૦ |
| ૦૨ | DRM-RJT-2025-26-E-35 | રાજકોટ ડિવિઝન : (i) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગર સેક્શન હેઠળ લિંક ફ્રુટ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા રોડ અન્ડર બ્રિજ/લિમિટેડ હાઈટ સબવેની સુધારણા. (ii) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) જામનગર સેક્શન હેઠળ લિંક ફ્રુટ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા. | ૪,૬૦,૩૨,૩૬૦.૬૪ | ૩,૮૦,૨૦૦.૦૦ |
| ૦૩ | DRM-RJT-2025-26-E-36 | રાજકોટ ડિવિઝન : (૧) હાપા-જામનગર વચ્ચે કિ.મી. ૮૧૮/૯-૧૦ હાપા યાર્ડ ખાતે વરસાદના ડાર (2X3.0MX1.75M) ની જોગવાઈ. (૨) ખોડી-પડધરી વચ્ચે LC નં. ૧૩૯ ને બદલે LHS ખાતે સંતુલન ગરનાળાની જોગવાઈ કરવા દ્વારા ડ્રેનેજ સુધારણા. | ૧,૦૧,૭૭,૯૮૯.૦૩ | ૨,૦૨,૯૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૨૩-૦૬-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. વેબસાઈટ: www.ireps.gov.in

RJT-038

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**ADMISSION OPEN**

**નર્સિંગ એડમિશન**

**ધો.૧૨ પછી (સાયન્સ/કોમર્સ/આર્ટસ)**

| B.Sc. | G.N.M. | A.N.M. |
|---|---|---|
| નર્સીંગ (૪ વર્ષ) | (૩ વર્ષ) | (૨ વર્ષ) ફક્ત બહેનો માટે |

**શ્રી આનંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ**

ઘંટેશ્વર પાર્ક સામે, સૈનિક સોસાયટી પાછળ, જામનગર રોડ, રાજકોટ
M : 90333 32343
M : 73834 51234
M : 99137 23433

# પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર

## ૪.૭૯ લાખ વિક્રેતાઓને આપ્યું નવું જીવન: વિક્રેતાઓને રિઅલ-ટાઈમ ચૂકવણી પ્રણાલીઓથી પરિચિત કરાવવા વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે વિતરણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે

**અબતક, રાજકોટ**

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની મહત્વની પહેલ- પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવેલી આ યોજનાનો ઉદ્દેશ શેરી વિક્રેતાઓને સશક્ત બનાવવાનો અને તેમને પરંપરાગત નાણાંકીય વ્યવસ્થામાં એકીકૃત કરવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ યોજના હેઠળ રાજ્યના શહેરી વિસ્તારોમાં વિક્રેતાઓ માટે લોન વિતરણ સરળ બને, તેઓ ડિજિટલ માધ્યમ સાથે જોડાય અને તેમને નિયમિત સહાય મળે એ સુનિશ્ચિત કરી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરના શેરી વિક્રેતાઓ અને નાના વ્યવસાયોને સશક્ત બનાવવા માટે ૧ જૂન, ૨૦૨૦ના રોજ પીએમ સ્વનિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. જૂન ૨૦૨૫માં આ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થશે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે શેરી વિક્રેતાઓના સશક્તિકરણ અને સમાવિષ્ટ આર્થિક વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાતનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે. રાજ્યએ જુલાઈ ૨૦૨૩માં ૩ લાખ લોનનો પ્રથમ લક્ષ્યાંક હાંસલ કર્યા બાદ ઑક્ટોબર ૨૦૨૪માં ૪ લાખ લોનનો બીજો લક્ષ્યાંક પાર કરીને આ ઉત્કૃષ્ટ પ્રયાસો માટે રાષ્ટ્રીય સ્તરે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાતની અસાધારણ પ્રગતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૪માં લોનનો લક્ષ્યાંક વધારીને ૫.૨૦ લાખ કર્યો હતો. નોંધનીય બાબત એ છે કે, ગુજરાત આ સંશોધિત લક્ષ્યના ૯૨.૧૪% હાંસલ કરી ચૂક્યું છે અને આ બાબતમાં તે ચોથા ક્રમે છે. અત્યારસુધીમાં, કુલ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓએ કાર્યકારી મૂડી લોન અને જરૂરી માર્ગદર્શન દ્વારા આ યોજનાનો લાભ મેળવ્યો છે, જેથી તેમની આજીવિકાની સાથે આર્થિક સ્થિરતામાં પણ વધારો થયો છે. આ નાણાંકીય સમાવેશ અને શેરી વિક્રેતાઓને સશક્ત બનાવવાની તેની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે ૧૦૦% કેન્દ્રીય હિસ્સાની જોગવાઈ હેઠળ ગુજરાતને વ્યાજ સબસિડીમાં ₹૩૦.૪૭ કરોડની સહાય આપીને આ યોજના માટે સંપૂર્ણ ભંડોળ પૂરું પાડ્યું છે. આ નાણાંકીય સહાયથી વિક્રેતાઓ પર ચૂકવણીનો બોજ હળવો થયો છે, જેના કારણે વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાયા છે. ગુજરાતમાં ૪.૭૯ લાખથી વધુ વિક્રેતાઓને લોનનો પ્રથમ હપ્તો, ૧.૭૧ લાખને બીજો હપ્તો અને ૪૨,૧૭૬ વિક્રેતાઓને ત્રીજો હપ્તો મળ્યો છે. આ આંકડા નાના પાયાના વ્યવસાયો અને સ્વરોજગારીમાં સતત વૃદ્ધિ દર્શાવે છે. ગુજરાત સરકારે ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, લક્ષિત વિતરણ શિબિરો, ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમોનું આયોજન કર્યું છે અને તમામ શેરી વિક્રેતાઓ માટે સમયસર લોન વિતરણ અને નાણાંકીય સમાવેશ સુનિશ્ચિત કરવા માટે નાણાંકીય સંસ્થાઓ સાથે સહયોગ કર્યો છે.ગુજરાતે પીએમ સ્વનિધિ યોજના હેઠળ શેરી વિક્રેતાઓ માટે ડિજિટલ સમાવેશ અને નાણાંકીય સાક્ષરતા પર ભાર મૂક્યો છે. રાજ્ય નિયમિતપણે ડિજિટલ સાક્ષરતા શિબિરોનું આયોજન કરે છે, વિક્રેતાઓને રિઅલ-ટાઈમ ચૂકવણી પ્રણાલીઓથી પરિચિત કરાવવા માટે નાના વ્યવહારોનો ઉપયોગ કરે છે, અને વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે વિતરણ શિબિરોનું આયોજન કરે છે. આ પહેલ સરળ ઓનબોર્ડિંગ અને લાભોની સમયસર પહોંચની ખાતરી આપે છે. આ ઉપરાંત, રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિ અને વિવિધ નાણાંકીય સંસ્થાઓ સાથેના મજબૂત સહયોગથી ગુજરાતની સફળતાને સમર્થન મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવાર અને શનિવારે લોન વિતરણ કરવામાં આવે છે, જે શેરી વિક્રેતાઓ માટે લોનની ઝડપી પહોંચ સુનિશ્ચિત કરે છે. તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ખાસ ઝુંબેશ અને ઓનબોર્ડિંગ પ્રયાસો કોઈ વિક્રેતા પાછળ ન રહે, તેનું વ્યાપક કવરેજ મળે અને સમાવેશ સરળ બને એ સુનિશ્ચિત કરે છે. પરિણામે, અત્યારસુધીમાં વિક્રેતાઓને ડિજિટલ વ્યવહારો દ્વારા કુલ ₹૧૫.૮૭ કરોડનું કેશબેક પણ મળ્યું છે.પીએમ સ્વનિધિ યોજના હેઠળ ગુજરાતની અસાધારણ સફળતા એ શેરી વિક્રેતાઓ અને તેમના સશક્તિકરણ પ્રત્યે રાજ્યની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ગુજરાત સરકારે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને, નાણાંકીય સેવાઓની સુલભતામાં સુધારો કરીને અને મહત્વપૂર્ણ સહયોગીઓ સાથે ભાગીદારી કરીને હજારો શેરી વિક્રેતાઓને સફળ થવામાં મદદ કરી છે.

રાજ્ય આ પ્રતિબદ્ધતાને આગળ વધારતાં વધુ લોકો સુધી અસરકારક રીતે લાભો પહોંચાડવાનો અને દરેક વિક્રેતાને આર્થિક રીતે સ્થિર બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ પ્રયાસો દ્વારા ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે ઉદાહરણ સ્થાપિત કર્યું છે કે, રાજ્ય સ્તરના પ્રયાસો કેવી રીતે જીવનમાં પરિવર્તન લાવી શકે છે, સમુદાયોને ટેકો આપી શકે છે અને અર્થતંત્રને પાયાના સ્તરે વેગ આપી શકે છે.

# અમુલ સર્કલ પાસેથી ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

## થોરાળા પોલીસે આજીડેમ ચોકડીએ યુવક ચોરેલા બાઈક સાથે આટા ફેરા મારતા દબોચી લીધો

**અબતક, રાજકોટ**

શહેર પંથકમાં અનડિટેક્ટ ગુના અને ખાસ કરીને ચોરીના ભેદ ઉકેલવાના આદેશના પગલે થોરાળા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આજીડેમ પાસે થી ચોરીની મોટરસાયકલ સાથે યુવાનને ઝડપી લીધો હતો. થોરાળા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમા હતા ત્યારે બાતમી મળી હતી કે આજીડેમ પાસે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં આટા ફેરા મારે છે, પોલીસે આજીડેમ ચોકડી થી મોટરસાયકલ નંબર જી જે ૦૩એલ એ ૫૭૬૨ સાથે આજીડેમ



ચોકડી નજીક રહેતા દુદુ મનસુખભાઈ વાઘેલા ને ઝડપી આગવી ઢબે પૂછપરછ કરતા દુદુ માંથી પોપટ બનેલા એ કબૂલ્યું હતું કે આ બાઈક અમુલ સર્કલ પાસેથી ચોર્યું હતું ,આમ પોલીસે ગણતરીની કલાકોમાં જ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો ,આ કામગીરીમાં પીઆઈ એનજી વાઘેલા, પીએસઆઈ એપી રતન, અને ટીમના એમએ સોલંકી, ધર્મેન્દ્રભાઈ કુચાલા, અશોકભાઈ ભાલીયા, હરપાલસિંહ વાઘેલા, ઈમરાન ભાઈ ચુડાસમા, અજય કુમાર ચાવડા ,ગોકુલભાઈ મકવાણા તથા ગભરૂભાઈ શેખાભાઈ નીતિનભાઈ મનસુખભાઈ એ જહેમત ઉઠાવી હતી.

# સુવર્ણકારો આર્થિક ભીંસમાં: નાણાકીય ટેકાની માંગ

## સોની યુવા સોશિયલ ટ્રસ્ટ દ્વારા અધિક જિલ્લા કલેકટરને આર્થિક સહાય આપવા રજૂઆત

**અબતક, રાજકોટ**

હાલ માં ભારત માં સોનાનાં ચાંદીના ભાવ વધારો થ ઈ રહ્યો છે ત્યારે સુર્વણકાર સમાજનાં કારીગરો પાસે દાગીના બનાવવાનું તથા મંજૂરી કામ કરતાં કારીગરો કામકાજ નથી ત્યારે અત્યારે હાલ માં તેઓને દુકાન માં સોના ચાંદી નું રોકાણ ધીમે ધીમે ઓછું થાય રહ્યું છે કારીગરો પાસે દુકાન ભાડે તથા ઘરના ભાડું ભરવું મુશ્કેલ પડી રહી છે તથા કારીગરો પાસે સોનાનું ચાંદી નું રોકાણ ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે હાલ માં લગ્ન નો સમય હોવાથી આ



ભાવમાં સોનાનું તથા ચાંદીની ખરીદી ઘણી ઓછી થઈ ગઈ છે

હાલ માં ગુજરાત રાજ્ય નાં ઘણાં શહેર માં રાજકોટ શહેર કારીગરો તથા પરિવાર સહિત આત્મહત્યા કરવાની કોશિશ કરી છે..

'' આ પરિસ્થિતિમાં માં સુર્વણકાર સમાજનાં કારીગરો શું કરવું તે સમજી શકાય તેવી પરિસ્થિતિ નથી.

હાલમાં ગુજરાત રાજ્ય સરકાર તરફથી રત્ન કલાકારો કારીગરો આર્થિક સહાયતા આપવામાં આવે તેવી જાહેરાત ગૃહ મંત્રી દ્વારા કરવામાં આવી તો સુવર્ણકારો કારીગરો ને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમાવેશ કરી ને કારીગરો મદદરૂપ તો ઘણાં કારીગરો પરિવાર લોકો ને ગુજરાત સરકાર દ્વારા એક સરાહનીય કામગીરી થશે..

અમારાં સુવર્ણકારો કારીગરો ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાયતા મળે તો ઘણાં કારીગરો પરિવારના લોકોને લાભ મલશે..

રાજકોટ અધિક જિલ્લા કલેકટર કારીગરો માટે કોઈ સહાયતા અથવા આર્થિક પેકેજ સહાયતા આપવામાં આવે તેની માગણી કરતાં સોની યુવા સોશિયલ ટ્રસ્ટનાં પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા તથા ચેરીટી વકીલ નયનભાઈ કોઠારી ભાવિન ભાઈ વાગડીયા પ્રશાંતભાઈ વાગડીયા કમલેશભાઈ પાટડીયા દિપકભાઈ કરચલિયા મહિલા હોદ્દેદારો હસ્મિતા બેન પાટડીયા દ્વારા આવેદનપત્ર આપી ને રજુઆત કરવામાં આવી.

(પહેલા પાનાનું ચાલું)

### મેગ્નેટ...

કમ્પોનન્ટ સપ્લાયર્સ ચેતવણી આપે છે કે મેગ્નેટ મેળવવામાં વધુ વિલંબથી વાહન ઉત્પાદન પર ગંભીર અસર પડી શકે છે, ખાસ કરીને ઈલેક્ટ્રિક મોબિલિટી સેગમેન્ટમાં અસર વધુ હોય શકે છે.

જ્યારે પુરવઠાની અછત એક ગંભીર પડકાર છે, ત્યારે કેટલાક ઉદ્યોગો તેમની સોર્સિંગ વ્યૂહરચનામાં વૈવિધ્યીકરણ કરવાનું શરૂ કર્યું છે.

અગ્રણી ઈલેક્ટ્રિક બસ ઉત્પાદક જેબીએમ ગ્રુપે અન્ય એશિયન દેશોમાંથી દુર્લભ પૃથ્વી ચુંબક મેળવવાનું શરૂ કર્યું છે. જેબીએમ ગ્રુપના વાઈસ-ચેરમેન નિશાંત આર્યએ જણાવ્યું હતું કે, ''મહામારી પછી, અમે એક વ્યાપક જોખમ મૂલ્યાંકન હાથ ધર્યું જેના કારણે અમને ચીનની બહાર વૈકલ્પિક પુરવઠા આધારો શોધવામાં આવ્યા.''

### ઓટીટી ગેમીંગ એપ...

નાખ્યા છે,'' સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે આ ચુકાદાથી ઉદ્યોગ માટે વધુ મૂંઝવણ ઉભી થઈ છે, પરંતુ તે જીએસટીની વિરુદ્ધ પણ છે, જે મનોરંજન કર સહિત વિવિધ પરોક્ષ કરને એકીકૃત કરવા અને બદલવા માટે રચાયેલ છે. ''આ ચુકાદો રાજ્યો અથવા તો સ્થાનિક સંસ્થાઓ માટે બંધારણની એન્ટ્રી ૬૨ હેઠળ 'મનોરંજન' ના લેબલ હેઠળ આવા કર ફરીથી દાખલ કરવાનો માર્ગ મોકળો કરી શકે છે,'' અગ્રવાલે કહ્યું. તેમણે કહ્યું કે આ જીએસટી કાઉન્સિલ માટે પડકાર ઉભો કરી શકે છે.જીએસટી પહેલાના યુગમાં, રાજ્ય સરકારો મનોરંજન પર કર વસૂલવાની સત્તા ધરાવતી હતી.

''જીએસટી લાગુ થયા પછી પણ, રાજ્ય સરકારો મનોરંજન અને મનોરંજન પર કર વસૂલવાની સત્તા ધરાવે છે. જોકે, પંચાયતો, મ્યુનિસિપાલિટીઝ વગેરે જેવી સ્થાનિક સંસ્થાઓ દ્વારા તેની પરવાનગી આપવામાં આવે છે,'' રોયે જણાવ્યું. ઉદાહરણ તરીકે, હરિયાણા મ્યુનિસિપલ એન્ટરટેઈનમેન્ટ ડ્યુટી એક્ટ, ૨૦૧૯ જાહેર મનોરંજનમાં પ્રવેશના સંદર્ભમાં ફી વસૂલવાની મંજૂરી આપે છે, જેમાં કોઈપણ પ્રદર્શન, પ્રદર્શન, મનોરંજન, રમતગમત, રમતો અથવા રેસનો સમાવેશ થાય છે જેમાં લોકોને સામાન્ય રીતે ચુકવણી પર પ્રવેશ આપવામાં આવે છે.મહારાષ્ટ્ર મનોરંજન ડ્યુટી એક્ટ, ૨૦૨૩ મનોરંજન અથવા પ્રદર્શનમાં પ્રવેશના સંદર્ભમાં ફી વસૂલવાની જોગવાઈ કરે છે, જેમાં ડાયરેક્ટ-ટુ-હોમ બ્રોડકાસ્ટિંગ સેવાનો સમાવેશ થાય છે, જે સ્થાનિક સંસ્થાઓ દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

### કેન્સર...

સૌથી સામાન્ય પ્રકાર છે. જીસીઆરઆઈના ડિરેક્ટરે જણાવ્યું હતું કે તમાકુનું સેવન અને ધૂમ્રપાન આ પ્રકારના કેન્સરના વિકાસ માટે એકમાત્ર કારણો ન હોવા છતાં, તેમની વચ્ચે મજબૂત સંબંધ છે. છેલ્લા ૨૦ વર્ષથી વાર્ષિક ૧૬,૦૦૦ થી વધુ કેસોના વિશ્લેષણ દર્શાવે છે કે માથા અને ગરદનના કેન્સરમાં પુરુષોનો હિસ્સો લગભગ ૮૦% છે, જેમાં ૩૦-૩૯ વર્ષની વયના પુરુષ દર્દીઓનો હિસ્સો ૨૦૦૫ માં ૧૨.૩% હતો જે ૨૦૨૪ માં વધીને ૧૭.૨% થયો છે.

શુક્રવારે જાગૃતિ અભિયાન શરૂ કરવા માટે આયોજિત એક કાર્યક્રમમાં, એપોલો હોસ્પિટલના ડોકટરોએ જણાવ્યું હતું કે તમાકુના સેવનને કારણે ગુજરાતમાં મોઢાના કેન્સરનું પ્રમાણ પ્રમાણમાં વધારે છે અને આ કેસ ઘણીવાર પછીના તબક્કામાં શોધી કાઢવામાં આવે છે. એપોલો કેન્સર સેન્ટરના સર્જિકલ ઓન્કોલોજિસ્ટએ જણાવ્યું હતું કે તમાકુનો ઉપયોગ ન કરનારાઓ કરતાં મોઢાના કેન્સર થવાની શક્યતા છ થી સાત ગણી વધારે હોય છે, અને મોઢાનું કેન્સર એ થોડા કેન્સરમાંથી એક છે જે સરળ મૌખિક તપાસ દ્વારા શરૂઆતમાં શોધી શકાય છે. નિષ્ણાતોએ તમાકુના ઉપયોગને નિયંત્રિત કરવા માટે બહુપક્ષીય અભિગમ પર ભાર મૂક્યો હતો, જેમાં સંવેદનશીલ જૂથોમાં જાગૃતિ લાવવા અને શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ યાર્ડની અંદર તમાકુના વેચાણ પર પ્રતિબંધ જેવા નિયમોનું કડક પાલન કરાવવા પર ભાર મૂક્યો હતો.

(ચોથા પાનાનું ચાલુ)

### રામભાઈ મોકરીયા...

પુલવામા હુમલો કે કોરોનાની મહામારી - દરેક પ્રસંગે રામભાઈ અને તેમની સંસ્થા આગળ આવી છે અને સહાયરૂપ બની છે. રામભાઈ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને હોમ મીનીસ્ટર અમિતભાઈ શાહની ગુડ બુકમાં હોવાથી સૌથી જુના કાર્યકર તરીકે તેમની રાજ્યસભામાં સાંસદ તરીકે પંસદગી થઈ છે.

રામભાઈનું જીવન સાદગી અને શ્રમની સાકાર છબી છે. તેઓ માને છે કે - ''કર્મમાં નીતિ અને મનમાં નિષ્ઠા હોય તો સફળતા અચૂક મળે''. તેઓ જીવંત રીતે વસુધૈવ કુટુંબકમના સિદ્ધાંતને જીવે છે. સમાનતા, સમર્પણ અને સંવેદનશીલતા તેમના જીવનના સ્તંભ છે. બ્રહ્મસમાજ માં તેમને ભામાશા નું બિરુદ આપેલ છે.

તેઓ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના 'અબતક' પરિવાર પાઠવે છે.

### ભારત વિકાસ પરિષદ...

રાજકોટ શહેરમાં આવેલી ૮ બ્રાંચો પૈકી આનંદનગર, રામકૃષ્ણનગર, નટરાજનગર, રણછોડનગર, મવડી અને શ્રધ્ધા પાર્કના કાર્યકર્તાઓ દ્વારા આ વર્કશોપની વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જેમાં વાહન-વ્યવહાર, ભોજન, સ્ટેજ સંચાલન, સ્વાગત, સ્મૃતિભેટ વિગેરે કમિટીઓ દ્વારા ભારત વિકાસ પરિષદ વેસ્ટ રીજીયનનાં જનરલ સેક્રેટરી વિનોદભાઈ લાઠીયા અને વેસ્ટ રીજીયનના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રફુલભાઈ ગોસ્વામી અને વેસ્ટ રીઝીયનના જોઈન્ટ જનરલ સેક્રેટરી દિનેશભાઈ વોરાના માર્ગદર્શન હેઠળ આ અભ્યાસવર્ગના સંયોજક સંજયભાઈ બાલધા અને સહસંયોજક બકુલભાઈ દુધાગરા તથા જીતેશભાઈ ગોસ્વામી, પ્રાંત સંગઠન સચિવ કરશનભાઈ મેતા વિગેરે દ્વારા આ તમામ વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

આ અભ્યાસ વર્ગમાં ૫ થી ૬ સત્રોમાં વકતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં ભારત વિકાસ પરિષદના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન સચિવ પ્રફુલભાઈ ગોસ્વામી, જોઈન્ટ જનરલ સેક્રેટરી દિનેશભાઈ વોરા, નરેન્દ્રભાઈ ભાડલીયા અરવિંદભાઈ તુવર, ડાયાભાઈ વાઢેર, ડો. સ્નેહલભાઈ તન્ના અને ડોલીબેન લાઠીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં ભારત વિકાસ પરિષદના નીતિ, નિયમો, બંધારણ, ધ્યેયો, રાષ્ટ્રીય કાર્યક્રમો વિગેરે વિશે માહિતી આપવામાં આવશે.

અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં બકુલભાઈ દુધાગરા, જીતેશગિ જીતેશગિરિ ગોસ્વામી, કિરિટભાઈ મૈયડ એ વિગત આપી હતી.

પાના નં. ૧૩નું ચાલુ

### દુર્લભ આર્કટિક પક્ષી

ઉષ્ણકટિબંધીય અપવેલિંગ વિસ્તારોમાં શિયાળો પસાર કરવા માટે લાંબા અંતરનો પ્રવાસ કરે છે કે જે દક્ષિણ અમેરિકા તેમજ આફ્રિકાના પશ્ચિમી કિનારાઓથી દૂર ઉત્પાદક સમુદ્રી વિસ્તાર છે. અન્ય પક્ષીઓની જેમ 'સબાઈનનો ગુલ'નો સ્થળાંતર માર્ગ ભારતમાંથી પસાર થતો નથી. તેથી, ભારતમાં તેનું દેખાવું દુર્લભ અને અણધાર્યું ગણાય છે. સાથે જ એવું પણ માનવામાં આવે છે કે આ પક્ષી તેનો માર્ગ ભટકી જતાં અહીં પહોંચ્યું હોય, પરંતુ આ પ્રકારનું અવલોકન અને નોંધણીઓ પક્ષીઓના અભ્યાસકર્તાઓ માટે ખૂબ જ રસપ્રદ ઘટના છે.

નળ સરોવર ભારતના સૌથી મોટા અને પર્યાવરણીય રીતે મહત્વના આર્દ્રભૂમિ અભયારણ્યોમાંનું એક છે કે જે ફ્લેમિંગો, પેલિકન્સ, બતક અને વાડર જેવી અનેક સ્થળાંતરક અને સ્થાયી પક્ષી જાતિઓ માટે સુરક્ષિત આશરો પૂરો પાડે છે. 'સબાઈનનો ગુલ'નું અચાનક દેખાવું આ અભયારણ્યની વૈશ્વિક સ્તરે પક્ષી જીવન માટેની મહત્વની ઓળખમાં વધારો કરે છે અને નળ સરોવરનું વૈશ્વિક પક્ષીશાસ્ત્રમાં સ્થાન વધુ મજબૂત કરે છે.

આ અવલોકન વન વિભાગના સ્ટાફ અને પક્ષીપ્રેમીઓ દ્વારા સતત નિરીક્ષણ અને દસ્તાવેજીકરણની મહત્તતાને જાગૃત કરે છે. આવી દુર્લભ ઘટનાઓ સંશોધકોને પક્ષીઓના સ્થળાંતર, પક્ષીઓની ફરવા જવાની ગતિવિધિઓ અને આબોહવા તથા પર્યાવરણીય પરિવર્તનના વ્યાપક પરિણામો વિશે વધુ સમજવામાં મદદ કરે છે.

વન વિભાગ મુલાકાતીઓ અને સંશોધકોને આવા દ્રશ્યોનો આનંદ માણવા અને અસામાન્ય અથવા નોંધપાત્ર પક્ષી અવલોકનોની માહિતી આપવા માટે પ્રોત્સાહિત કરે છે કે જેઓ ભારતમાં પક્ષીઓની વિવિધતાને વધુ સારી રીતે સમજવામાં ફાળો આપી રહ્યા છે.

### કાલે વિશ્વ દૂધ દિવસ

દાંતને મજબૂત બનાવે છે. બાળકોના વિકાસથી લઈને વૃદ્ધોમાં ઓસ્ટીયોપોરોસિસ (હાડકાં નબળા પડવા) જેવી સમસ્યાઓ અટકાવવામાં દૂધ મહત્વનો ભાગ ભજવે છે. વિટામિન ડી કેલ્શિયમના શોષણમાં મદદ કરે છે, જે દૂધમાં પણ ઉપલબ્ધ હોય આયુર્વેદમાં દૂધને 'રસાયન' તરીકે ઓળખાવવામાં આવ્યું છે, એટલે કે તે શરીરને કાયાકલ્પ કરનાર અને દીર્ઘાયુ પ્રદાન કરનાર છે. આયુર્વેદ અનુસાર, દૂધ સત્વ ગુણ ધરાવે છે, જે મન અને શરીરને શાંતિ અને સંતુલન પ્રદાન કરે છે. ગાયનું દૂધ ખાસ કરીને શ્રેષ્ઠ માનવામાં આવે છે. દૂધને વૈશ્વિક ખોરાક તરીકે ઓળખાવવા અને દૂધ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે આ દિવસની શરૂઆત કરી હતી. ત્યારથી, દર વર્ષે ૧૦૦ થી વધુ દેશો આ દિવસની ઉજવણીમાં ભાગ લે છે. જે ભારતમાં શ્વેત ક્રાંતિના જનક અને અમૂલ ડેરીના સ્થાપક ડો. વર્ગીસ કુરિયન ની જન્મજયંતિ છે.દૂધને ''સંપૂર્ણ આહાર'' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં શરીર માટે જરૂરી તમામ પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે.દૂધ પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન્સ (ખાસ કરીને ઈ૧૨), અને અન્ય આવશ્યક ખનિજોનો સમૃદ્ધ સ્ત્રોત છે, જે બાળકો, કિશોરો અને વૃદ્ધોના હાડકાંના સ્વાસ્થ્ય, સ્નાયુઓની મજબૂતી અને એકંદર વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ દિવસ ડેરી ક્ષેત્ર, જે લાખો લોકો માટે આજીવિકાનો સ્ત્રોત છે, તેના યોગદાનને ઉજાગર કરે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, પશુપાલન અને દૂધ ઉત્પાદન આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વિશ્વ દૂધ દિવસ ડેરી ઉદ્યોગના પર્યાવરણીય અને સામાજિક પાસાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં ટકાઉ દૂધ ઉત્પાદન પ્રણાલીઓ અને ડેરી ખેડૂતોના કલ્યાણનો સમાવેશ થાય છે.દૂધમાં ભરપૂર કેલ્શિયમ હોવાથી તે હાડકાં અને દાંતને મજબૂત બનાવવામાં મદદ કરે છે અને ઓસ્ટીયોપોરોસિસ જેવા રોગોનું જોખમ ઘટાડે છે. દૂધમાં રહેલું પ્રોટીન સ્નાયુઓના નિર્માણ અને સમારકામ માટે જરૂરી છે. દૂધ શરીરને ઉર્જા પૂરી પાડે છે અને દિવસભર સ્ફૂર્તિલા રાખે છે. કેટલાક લોકોને દૂધ પાચનમાં મદદરૂપ થાય છે અને કબજિયાત જેવી દૂધમાં ટ્રિપ્ટોફેન નામનું એમિનો એસિડ હોય છે જે ઊંઘ લાવવામાં મદદ કરે છે અને તણાવ ઘટાડે છે.આમ, દૂધ ખરેખર તેના અદભુત પોષક ગુણધર્મો અને સ્વાસ્થ્ય લાભોને કારણે અમૃત સમાન છે, જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને માટે અત્યંત ફાયદાકારક છે.

### દૂધની દુનિયા

ઈમ્યુનોગ્લોબ્યુલિન રાસાયણિક રચના માનવ દૂધ સાથે ખૂબ સમાન હોવાથી શિશુઓ માટે ઓછી ચરબી અને નાના ચરબીના ગ્લોબ્યુલ્સને કારણે અત્યંત સુપાચ્ય ત્વચાના રોગો (જેમ કે એક્ઝિમા), શ્વસન સંબંધી સમસ્યાઓ (બ્રોન્કાઈટિસ, અસ્થમા) અને પાચન સમસ્યાઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં એન્ટિ-માઈક્રોબાયલ, એન્ટિ-ઈન્ફ્લેમેટરી અને એન્ટિ-ઓક્સિડન્ટ ગુણધર્મો છે.

સીધું પીવા માટે, કોસ્મેટિક ઉત્પાદનો (સાબુ, લોશન) માં, અને ઔષધીય હેતુઓ માટે.દરેક પ્રકારનું દૂધ તેના અનન્ય ગુણધર્મો અને પોષક પ્રોફાઈલ ધરાવે છે. વ્યક્તિની જરૂરિયાતો, પસંદગીઓ, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ અને ઉપલબ્ધતાના આધારે દૂધનો પ્રકાર પસંદ કરી શકાય છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઓપરેશન શિલ્ડ...

યોજાશે. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને જમ્મુ કાશ્મીર સહિત દેશના પાંચ સરહદી રાજ્યોમાં આજે સાંજે સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાશે. અગાઉ આ મોકડ્રીલ માટે ૨૯ મેની જાહેરાત કરવામાં આવી હતી. કોઈ કારણોસર મુલતવી રાખવામાં આવી હતી.

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર ગત તા.૭ મે, ૨૦૨૫ના રોજ દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) હાથ ધરવામાં આવી હતી. જેના આધારે દેશના કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત ''ઓપરેશન શિલ્ડ''નું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે.

### 'ગોડ ફાધર'...

પોલીસમાં જયારે તાલુકા ભાજપ ઉપપ્રમુખ વિશાલ ખૂંટએ ગોંડલ તાલુકા પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો. બાદમાં આવા વિડીયો નહિ બનાવવા સમજાવટ કરવા જતાં જેતપુરના સદીના કારખાનેદાર અતુલ માવાણી પાસેથી બન્નીએ રૂ. ૧૧ લાખની માંગણી કર્યા મામલે જેતપુર તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો હતો.

આ ઉપરાંત જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામે રહેતા પરસોત્તમ ભીખાભાઈ કોટડીયા (ઉ.વ ૬૦) દ્વારા જેતપુર તાલુકા પોલીસમાં બન્ની ગજેરા વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવવામાં આવી હતી જયારે અનુસૂચિત જાતિ અને બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ વિશે અશોભનીય શબ્દો ઉચ્ચારવા મામલે ઉપલેટા પોલીસમાં એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

હવે આ સમગ્ર મામલામાં સૌથી મોટો ઘટસ્ફોટ થવા પામ્યો છે. જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીએ આપેલી વિગત અનુસાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાને બેફામ વાણી વિલાસ કરી ઝેર ઓકવા યુદ્ધ એ જ કલ્યાણ ગ્રુપના પ્રમુખ અને ગુજસીટોકના આરોપી નિખિલ દોંગાએ પીઠબળ પૂરું પાડ્યું હતું. પિયુષ રાદડિયાને વચ્ચે રાખી નિખિલ દોંગા બન્ની ગજેરાને પૈસા સહીતનું સાહિત્ય પૂરું પાડતો હતો તેવું જિલ્લા પોલીસની તપાસમાં સામે આવ્યું છે. બન્ની વિરુદ્ધ વાણી વિલાસના નોંધાયેલા ચાર સહીત છ ગુનામાં હવે નિખિલ દોંગાનું નામ પોલીસ ચોપડે ખુલ્યું છે.

ગુજસીટોકના ગુનામાં જામીન પર રહેલા નિખિલ દોંગાની તમામ પ્રકરણમાં ભૂમિકા ખુલતા પોલીસે નિખિલ દોંગાની શોધખોળ શરૂ કરી છે.

સૌરાષ્ટ્રમાં પ્રવેશ નહિ કરવાની શરતે જામીન મેળવ્યા બાદ નિખિલ દોંગા સુરત ખાતે રહેતો હોય અને તેણે સુરત ખાતેનું આપેલું સરનામે નહિ મળી આવતા પોલીસે શોધખોળ શરૂ કરી છે. આગામી દિવસોમાં આ મામલે મોટા કડાકા ભડાકાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

### પોલીસનો રિપોર્ટ...

નોટીસ ઈસ્યુ કરવા રિપોર્ટ ભર્યાનું પોલીસના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ઘટનામાં મિસ્ટર એક્સ તરીકે સામે આવેલો જૂનાગઢનો રહીમ મકરાણી વિદેશ ભાગી ગયાનું પણ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ધારી:** ધારી (જી.અમરેલી) દાઉદી વ્હોરા આસિફભાઈ અસગરભાઈ ત્રવાડી (ઉ.વ.૪૪) તે અસગરભાઈ મ. નશીમબેનના પુત્ર સોહિલભાઈ, મુમતાઝબેન ફખરૂદ્દીનભાઈ ગોંડલવાળાના ભાઈ મુસ્તફાભાઈ, અલી અસગરભાઈના પિતા તા.૩૦ મે ૨૦૨૫ને શુક્રવારના રોજ ધારી મુકામે વફાત થયેલ છે. મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૧ જુન ૨૦૨૫ને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે દાઉદી વ્હોરા મસ્જિદ મેઈન બજાર ધારી જી.અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો ૭૦૪૬૫૧૬૬૦૭ ઉપર વ્યક્ત કરવો.

**રાજકોટ:** વાંઝા દરજી પ્રમિલાબેન (બબીબેન) ખીમજીભાઈ ભદ્રેશા તે હેંમતભાઈ, મુકેશભાઈ, પ્રકાશભાઈ, દિપકભાઈ, અલ્કેશભાઈના માતાનું તા. ૩૦ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન હરિદ્વાર હેવન, પહેલા માળે, નાનામવા રોડ, મસાલા માર્કેટ પાછળ, પાર્ક એવન્યુ સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: મુળ હળવદ, હાલ રાજકોટ નિવાસી રમેશભાઈ માયાશંકર મેહતા (ઉ.વ.૮૬) (નિવૃત ગવમેન્ટ પ્રેસ) જે સ્વ. મહેન્દ્રભાઈ મેહતાના નાનાભાઈ, ક્રિષ્નાબેનના પતિ, ઓજસ (રૂડા ઓફીસ, રાજકોટ), મીતાબેન ઘેલાણી, મનીષાબેન વ્યાસના પિતા, કલ્પાબેન મેહતા, સચિનભાઈ ઘેલાણી, હરેશભાઈ વ્યાસના સસરા, મેહુલભાઈ મેહતા (શિવમ ફાસ્ટ ફુડ) ના કાકાનું તા. ૩૧ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨-૬ ના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન હળવદ બ્રાહ્મણ બોડીંગ, સરદારનગર મેઈન રોડ, એસ્ટ્રોન ચોક પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ‘કારકિર્દીના ઉંબરે’ ધો. ૧૦ અને ૧૨ પછી શું?

## ડો. મનીષ દોશીના કારકિર્દી અંગે માર્ગદર્શન આપતા પુસ્તકનું વિમોચન કરતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ: સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થીઓ-વાલીઓ માટે આ પુસ્તક પથદર્શક બની રહેશે

**અબતક, રાજકોટ**

કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું રાજીવ ગાંધી ભવન ખાતે વિમોચન કરતાં કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, સહિતના વરિષ્ઠ મહાનુભાવો.



કોંગ્રેસ પક્ષ દ્વારા સતત ૨૦મા વર્ષે પ્રકાશીત કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન પુસ્તક સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી - વાલીઓ માટે પથદર્શક બનશે.

નવતર પ્રયોગના ભાગરૂપે ઈ-કાર્ડ દ્વારા ક્યુઆરકોર્ડ સ્કેન કરીને પણ સરળતાથી પુસ્તકને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી www.careerpath.info અને ww.incgujarat.com પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે, ઉજ્જ્વળ કારકિર્દી અને સફળ જીવન માટે ધોરણ-૧૦/૧૨ પછી અભ્યાસક્રમની પસંદગી અતિ મહત્વની બની જાય છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે રાજ્ય સરકાર ચિંતીત બને તે ઘણું જ આવશ્યક છે. ૧૦મું કે ૧૨મું ધોરણ પૂર્ણ કરવા બદલ અભિનંદન ! આ તમારી શૈક્ષણિક યાત્રામાં એક મહત્વપૂર્ણ છે. જેમ જેમ તમે તમારા જીવનના આગલા તબક્કામાં પ્રવેશ કરો છો, તેમ તેમ હું તમને તમારી ભાવિ કારકિર્દીની આકાંક્ષાઓ વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરવા માંગુ છું. આ એક રોમાંચક સમય છે, જે શક્યતાઓ અને તકોથી ભરેલો છે. યાદ રાખો, તમારી કારકિર્દી એક વ્યક્તિગત પસંદગી છે અને તેને તમારા જુસ્સા, રુચિઓ અને શકિતઓ સાથે સંરેખિત કરવી આવશ્યક છે.બાળકની રસરૂચિ પ્રમાણે કારકિર્દી પસંદગીનો નિર્ણય લેવાય તો ઉત્તમ પરિણામો મળે છે.

### વિદ્યાર્થીઓની ઉજજવળ કારકિર્દી માટે ગુણવતાસભર શિક્ષણ આવશ્યક

વ્યાવસાયિકો સાથે જોડાઓ, કારકિર્દી મેળાઓમાં હાજરી આપો અને સંબંધો બનાવવા અને નવી તકો વિશે જાણવા માટે ઑનલાઈન સમુદાયોમાં જોડાઓ. આ તમને ઉદ્યોગના વલણો અને શ્રેષ્ઠ પ્રથાઓ વિશે માહિતગાર રહેવામાં મદદ કરશે. યાદ રાખો, તમારી કારકિર્દીની યાત્રામાં ઉતાર-ચઢાવ આવશે, પરંતુ દ્રઢતા, સખત મહેનત અને નિશ્ચય સાથે, તમે તમારા લક્ષ્યો પ્રાપ્ત કરશો. ગણતરીપૂર્વક જોખમો લેવામાં, પ્રતિસાદ મેળવવામાં અને બદલાતી પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવામાં ડરશો નહીં. આ રોમાંચક યાત્રા શરૂ કરતી વખતે સતત બદલાતા નોકરી બજારમાં સુસંગત રહેવા માટે તમારી કુશળતા, જ્ઞાન અને વલણને સતત અપડેટ કરો. પહેલ કરો, લક્ષ્યો નક્કી કરો અને તેમને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરો. તકો તમારી પાસે આવે તેની રાહ ન જુઓ - તમારા પોતાના બનાવો. શીખવાની, વૃદ્ધિ કરવાની અને પડકારોને દૂર કરવાની તમારી ક્ષમતામાં વિશ્વાસ રાખો. આ તમને અનિશ્ચિતતાને નેવિગેટ કરવામાં અને પ્રેરિત રહેવામાં મદદ કરશે.

કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જીવનમાં ઉત્તમ કારકિર્દી માટેના મહત્વના ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં સફળતા મેળવનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. ઉત્તમ કારકિર્દીનું સોનેરી સ્વપન દરેક વિદ્યાર્થી, યુવાન કે વ્યક્તિનું હોય છે. બોર્ડના કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાની પદવી, ઉચ્ચ સ્થાન કે ગુણાંક મેળવવા થનગનતા હોય છે તે માટે સફળતાની ચાવી એટલે જ્ઞાન, પ્રશિક્ષણ, શક્તિ, સ્વપન, આત્મવિશ્વાસ, એકાગ્રતા, સમર્પિતા આ સાત ગુણો છે. ગુજરાતમાં તમામ સમાજના વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે શિક્ષણ માળખાની સુવિધા સાથે ગુણવત્તાસભર શિક્ષણ મળે તે અતિ આવશ્યક છે. ગુજરાતના વાલી-વિદ્યાર્થીઓ અથાક મહેનત-પરિશ્રમ કરી સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે, ત્યારે રાજ્ય સરકારની જવાબદારી બને છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્રસ્થાને રાખીને કામગીરી કરે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી કારકિર્દી ઘડતરની અનેક તકો ઉપલબ્ધ છે ત્યારે કોંગ્રેસ પક્ષ રાજનીતિની સાથે સમાજની પ્રગતિ, સમૃધ્ધિ અને સશક્તિકરણ માટે રચનાત્મક કાર્ય કરતો રહ્યો છે. કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી ખુબજ વ્યસ્ત રાજકીય જવાબદારી વચ્ચે પણ શૈક્ષણિક ઉમદા કામગીરી થકી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ-વાલીઓ માટે સતત ૨૦માં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તક થકી પથદર્શક - માર્ગદર્શકની ભૂમિકા ભજવી છે જે સરાહનીય અને અભિનંદનને પાત્ર છે.

ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સચોટ અને સરળ માર્ગદર્શન માટે કારકિર્દીના ઉંબરે પુસ્તક દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવા સતત વીસમા વર્ષે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી (એન્જિનિયર) તથા સહયોગીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી છે, તે બદલ હું કોંગ્રેસ પક્ષ વતી સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવું છું. સર્વ વિદ્યાર્થી મિત્રો ઉજ્જ્વળ કારકિર્દી દ્વારા સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ.

સતત ૨૦માં વર્ષે કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકના સંપાદક અને કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી (એન્જિનિયર) જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫-૬માં. ગુજરાતમાં પ્રથમ વખત રાજકીય પક્ષ તરીકે યુવાનોના કારકિર્દી માર્ગદર્શન માટે કોંગ્રેસ પક્ષએ ’કારકિર્દીના ઉંબરે પુસ્તકનું વિમોચન કર્યું હતું. સતત વીસ વર્ષથી યુવાનોની કારકિર્દી માર્ગદર્શન માટે દર વર્ષે નવા અભ્યાસક્રમો, સ્કોલરશીપ, એજ્યુકેશન લોન, કોલેજ - યુનિવર્સીટીની વેબસાઈટ સહિતની વિગતો પુસ્તકમાં સમાવેશ કરવામાં આવે છે. કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતમાં રાષ્ટ્રીય સંસ્થા આઈ.આઈ.ટી., એન.આઈ.ડી.ન્યુ કેમ્પસ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી જે ગુજરાત માટે ગૌરવરૂપ અને સીમાચિન્હરૂપ સાબિત થશે. ધોરણ-૧૨ પછી અભ્યાસક્રમોની અનેક તકો રાજ્ય અને દેશ કક્ષાએ ઉપલબ્ધ છે ત્યારે જરૂર છે માત્ર સમયસર અને યોગ્ય માર્ગદર્શનની કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તથા કારકિર્દી માર્ગદર્શન માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ સાથે સંપર્ક કરીને વધુમાં વધુ માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કારકિર્દીના ઉંબરે પુસ્તકમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૨ પછી ઉપલબ્ધ ૨૦૦ થી વધુ અભ્યાસક્રમોની વિગતો સાથે વિશેષ કારકિર્દીના અભ્યાક્રમો અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સંસ્થાઓની માહિતી સાથે ૪૦ થી વધુ પ્રવેશ પરિક્ષા અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી છે તેમજ દેશમાં આગામી સમયની માંગ અનુસાર નોકરીની વિવિધ તકો ઉપર વિશેષ વિગતો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને વિકલાંગો માટે વિવિધ અભ્યાસક્રમોની વિશેષ વિગતો આપવામાં આવી છે. નવા નવા અભ્યાસક્રમો કે જે રાજ્યમાં ઉપલબ્ધ નથી તેની પણ માહિતી-પ્રવેશ પરિક્ષા અને બને ત્યાં સુધી જુદી જુદી સંસ્થાઓ કે જેઓ વિશિષ્ટ અભ્યાસક્રમો ભણાવે છે તેમની વેબસાઈટો પણ આપવામાં આવી છે. શિક્ષણ માટે એજ્યુકેશન લોન અને સ્કોલરશીપ આપતી વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ટ્રસ્ટોની વિગતો આ પુસ્તકની વિશેષતા છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ, એ.આઈ.સી.સી. મંત્રી રામકિશન ઓઝા, કાર્યકારી અધ્યક્ષ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી. મંત્રી નીલેશ પટેલ, ઉપપ્રમુખ બિમલ શાહ, ધારાસભ્ય દિનેશ ઠાકોર, મીડિયા કો-કન્વીનર હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવક્તા હિરેન બેંકર, ભાવિક સોલંકી, કાંતિભાઈ બાવરિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી કારકિર્દીના ઊંબરે પુસ્તક ગુજરાતના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં પથદર્શક બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ગ્રેસ કોલેજ એટલે જ્ઞાનની સાથે ગ્રોથ!!!

રાજકોટ શહેરની પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત ગ્રેસ કોલેજ વર્ષ ૨૦૦૨ થી શિક્ષણ ક્ષેત્રે નૂતન માર્ગદર્શિકા બની રહી છે. માત્ર શૈક્ષણિક ક્ષેત્રે નહીં પરંતુ સામાજિક જવાબદારીનું યથાર્થ પાલન કરતી આ સંસ્થા આજે હજારો વિદ્યાર્થીઓ માટે ભવિષ્યના સુનિશ્ચિત પાયાની પથદર્શક બની છે.

કોલેજના ટ્રસ્ટીશ્રી નરશીભાઈ વેકરીયાના માર્ગદર્શન હેઠળ અને શ્રી રોહિતભાઈ, શ્રી વિમલભાઈ, શ્રી રોહનભાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.સંદીપભાઈ કોઠીયા અને પ્રિન્સિપાલ શ્રીમતી મનીષાબેનના સહકારથી કોલેજ સતત વિકાસના નવા પડાવ સર કરે છે.



વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ પછી વિવિધ કોર્સીસ જેમ કે BCom, BBA, BCA, BSW, BSc, Interior Design તેમજ કોલેજ પછી M.Com, MSW, LLB, MSc (IT & CA) જેવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે. અહીંથી અભ્યાસ પૂર્ણ કરેલા હજારો વિદ્યાર્થીઓ આજે સફળ કારકિર્દી બનાવી ચૂક્યા છે.

વિદ્યાર્થીઓ દર વર્ષે યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરતા આવ્યા છે તે બદલ સરકારશ્રીના શિક્ષણ મંત્રી દ્વારા કોલેજને એવોર્ડ પણ આપવામાં આવેલ છે. કેળવણી ઉપરાંત ખેલકૂદ ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓએ કોલેજ, યુનિવર્સિટી અને રાજ્ય કક્ષાએ સફળતા પ્રાપ્ત કરી છે.

જોબ પ્લેસમેન્ટ ડ્રાઈવ અને પ્રેક્ટિકલ ટ્રેનીંગ દ્વારા વિદ્યાર્થીઓને સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન અને તક આપવામાં આવે છે.

વિશેષતાઃ Girls Education ને પ્રોત્સાહન આપવા માટે ટ્રસ્ટીઓ દ્વારા સ્કોલરશીપ પણ આપવામાં આવે છે, જે સક્રિય સામાજિક સહાનુભૂતિનું દ્રષ્ટાંત છે.

**ગ્રેસ કોલેજ - જ્યાં શિક્ષણને મળે દિશા અને સફળતાને મળે ઊંચાઈ!**

વિશેષ માહિતી માટે ફોનઃ 8866200999, 6354465789 સંપર્ક કરો

## કોર્પોરેશન દ્વારા ‘જૂન’ની મેલેરિયા વિરોધી માસ તરીકે કરાશે ઉજવણી


### જનજાગૃતીના વિવિધ કાર્યક્રમો યોજાશે

**અબતક,રાજકોટ**

કોર્પોરેશન દ્વારા જૂન માસની ઉજવણી મેલેરિયા વિરોધી માસ તરીકે કરવામાં આવશે જનજાગૃતીના વિવિધ કાર્યક્રમો યોજાશે ચોમાસાના ચાર મહિના દરમ્યાન મચ્છરજન્ય રોગચાળોમાં વધારો નોંધાય છે. મચ્છરજન્ય રોગોમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનો સમાવેશ થાય છે. ચોખ્ખું પાણી ઘરની ટાંકી, પક્ષીકુંજ, કુંડા, પ્રાણીઓ માટે ના હવાડા, ધાબા પર પડેલો ભંગાર, મની પ્લાન્ટ, નકામા ટાયરો, એરકુલર વિગેરે જ્યાં પાણી સંગ્રહ થાય છે ત્યાં મચ્છરનો ઉપદ્રવ થાય છે.આપણા ઘરમાં જ આપણો દુશ્મન મચ્છર ઉત્પન્ન થાય છે, અને તેઆપણને કરડીને મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા રોગ ફેલાવે છે.

ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા મુકત ગુજરાતનું અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન થકી સમગ્ર ગુજરાતમાં મેલેરિયા તેમજ બીજા મચ્છરોથી થતા રોગોનો ફેલાવો અટકાવી મેલેરિયા નાબુદી તરફ લઈ જવાનો રાજય સરકારનો લક્ષ્યાંક છે. શહેરમાં પણ ’’મેલેરિયા મુકત રાજકોટ’’ અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે.

જુન માસને ’’મેલેરિયા વિરોધી માસ’’ તરીકે ઉજવવામાં આવનાર છે. મેલેરિયા મુકત ગુજરાત અભિયાન અને જુન માસ, ’’મેલેરિયા વિરોધી માસ’’ અંતર્ગત રાજકોટને મેલેરિયા મુક્ત કરવા અને લોકોમાં મચ્છર ઉત્પતિ અને મેલેરિયા તથા ડેન્ગ્યુ - ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ આરોગ્ય શિક્ષણના કાર્યક્રમ તથા વાહક નિયંત્રણ કામગીરીની સઘન ઝુંબેશ હાથ ધરી મેલેરીયાને અટકાવવા તથા મેલેરીયા મુક્ત ગુજરાત સાર્થક માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા
સ્વ. તા. ૩૧-૫-૨૦૦૧

૨૪મી પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલી

અંજલી આપતા શબ્દો ખુટે છે.
શ્રદ્ધાંજલી આપતા ફુલો ખુટે છે.
કુદરતના ખજાને ખોટ પડે છે ત્યારે
માયાળુ માનવીના ખજાના લુટે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. ટીડાભાઈ જીણાભાઈ મકવાણા | અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા
ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા | દર્શનભાઈ રમેશભાઈ મકવાણા
રમેશભાઈ ટીડાભાઈ મકવાણા | દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા
જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા | કિશ જીતેન્દ્રભાઈ મકવાણા
નિલેશભાઈ કનુભાઈ મકવાણા | રાજ નિલેશભાઈ મકવાણા
જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા | મીત જયંતિભાઈ ચોલેરા
દર્શ જયંતિભાઈ ચોલેરા | મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

• મે. સમજુ ટ્રેકટર્સ • ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
• ઓમ પાર્ટી લોન્સ • ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE - 2460111

### 'વાયરસ' બનેલા યુટ્યુબ અને યુટ્યુબર પર સુપ્રીમ ખફા

# કોર્ટના ચુકાદા અંગે 'બફાટ' કરનાર યુટ્યુબર પર સર્વોચ્ચ અદાલતે 'ક્રિમિનલ કન્ટેમ્પટ' દાખલ કરી!!

## ન્યાયતંત્ર વિરુદ્ધ તિરસ્કારપૂર્ણ, નિંદાત્મક અને બદનક્ષીભરી ટિપ્પણીઓ બદલ ફોજદારી કાર્યવાહી કરવા આદેશ

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે યુટ્યુબના કહેવાતા પત્રકાર અજય શુક્લા વિરુદ્ધ તિરસ્કારપૂર્ણ, નિંદાત્મક અને બદનક્ષીભરી ટિપ્પણીઓ બદલ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ સૂર્યકાંત, મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ સાથે કર્નલ સોફિયા કુરેશી પર તેમની ''અભદ્ર ટિપ્પણીઓ'' બદલ તેમની સાથે જે રીતે વ્યવહાર કર્યો હતો તેના પર શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ન્યાયાધીશ કાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે શાહની માફીને ફગાવી દીધી હતી અને તેને એક બનાવટી ગણાવી હતી. તેમની ટિપ્પણીઓની તપાસ કરવા માટે એસઆઈટીને આદેશ આપ્યો હતો પરંતુ તેની ધરપકડ પર રોક લગાવી હતી. આ જ બેન્ચે અશોકા યુનિવર્સિટીના પ્રોફેસર અલી ખાન મહમુદાબાદ સામે ઓપરેશન સિંદૂર પર તેમની વાંધાજનક ટિપ્પણીઓ માટે સમાન પ્રક્રિયા લાગુ કરી હતી.

શુક્રવારે ચીફ જસ્ટિસ બી આર ગવઈ, ન્યાયાધીશ એ જી મસીહ અને એ એસ ચાંદુરકરની બેન્ચે ૧૫૦ સેકન્ડના યુટ્યુબ વિડિયો પર સ્વતઃ નોંધ લીધી હતી. જેમાં શુક્લા જે ડિજિટલ મીડિયા સંગઠનના મુખ્ય સંપાદક હોવાનો દાવો કરે છે. ચીફ જસ્ટિસએ બનવાની આગામી હરોળમાં રહેલા ન્યાયાધીશ કાંત સામે પાયાવિહોણા બદનક્ષીભર્યા આરોપો કરતી વખતે તેના હેતુઓને જવાબદાર ઠેરવતા સાંભળવામાં આવ્યા હતા. શુકલાની ટિપ્પણીને ઘૃણાસ્પદ રીતે નિંદાત્મક ગણાવતા બેન્ચે કહ્યું, કોઈ શંકા નથી કે બંધારણ વાણી સ્વાતંત્ર્યના અધિકારની બાંયધરી આપે છે પરંતુ તે જ સમયે આ અધિકાર બંધારણની કલમ ૧૯(૨) હેઠળ ઉલ્લેખિત વાજબી પ્રતિબંધોને આધીન છે. કોઈ વ્યકિતને બદનક્ષીભર્યા અને તિરસ્કારભર્યા આરોપો કરવાની મંજૂરી આપી શકાતી નથી જે ન્યાયતંત્રની સર્વોચ્ચ સંસ્થાને બદનામ કરે છે.

સુપ્રીમેતેની રજિસ્ટ્રીને શુક્લા અને યુટ્યુબ ચેનલ સામે સ્વતઃ ફોજદારી અવમાનનાનો કેસ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમે શુકલાનો જવાબ માંગ્યો અને જુલાઈમાં વધુ સુનાવણી કરવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલ આર વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાની મદદ માંગી હતી જેમણે શુકલાની ટિપ્પણીઓને બદનક્ષીભરી અને તિરસ્કારપૂર્ણ ગણાવી હતી.

બેન્ચે યુટ્યુબ ચેનલને વિડિઓ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મને કિલપ પ્રદર્શિત કરવાથી રોક્યો હતો.

૨૦૨૦ માં વકીલ પ્રશાંત ભૂષણને અવમાનના માટે સજા આપતા સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ત્રણ ન્યાયાધીશોની બેન્ચ જેમાં જસ્ટિસ ગવઈ પણ સામેલ હતા તેમણે કહ્યું હતું કે, જો ન્યાયાધીશો પર આકરા પ્રહાર કરવામાં આવે છે, તો તેમના માટે નિર્ભયતાથી અને મુદ્દાઓ પ્રત્યે ઉદ્દેશ્યપૂર્ણ અભિગમ સાથે કામ કરવું મુશ્કેલ બનશે. જોકે, ન્યાયાધીશોના હેતુઓને જવાબદાર ઠેરવવાની જરૂર નથી, કારણ કે તે ન્યાયતંત્રને બદનામ કરે છે.

### પીળા પત્રકારીત્વ અંગે રાજકોટના આરટીઆઈ એક્ટિવિસ્ટ આકરા પાણીએ

હાલના સમયમાં બિલાડીની ટોપની જેમ ફૂટી નીકળેલા સોશિયલ મીડિયાના કહેવાતા પત્રકારો તોડપાણી કરી ખરા સમાચાર માધ્યમોની પ્રતિષ્ઠાને દાવ પર લગાવી દેતા હોય તેવા બનાવો પણ છાસવારે સામે આવતા રહેતા હોય છે. ત્યારે રાજકોટના જાણીતા કોલમિસ્ટ અને આરટીઆઈ એક્ટિવિસ્ટ તખ્તસિંહ રાઠોડે.પીળા પત્રકારીત્વ સામે આકરાપાણીએ આવી આરટીઆઈ કરી છે. એક્ટિવિસ્ટ દ્વારા કુલ કેટલા સમાચાર માધ્યમો લાયસન્સ ધરાવે છે, લાયસન્સ મેળવવાની પ્રક્રિયા અને શરતો શું, સમાચાર માધ્યમનું લાયસન્સ ધરાવનારને સરકાર તરફથી શું સુવિધાઓ આપવામાં આવે છે, રજીસ્ટર્ડ થયેલા સમાચાર પત્રો ખરેખર પ્રકાશિત થાય છે કે કેમ, જો સમાચાર પત્રો ફિઝિકલી પ્રકાશિત ન થતાં હોય તો લાયસન્સ સસ્પેન્ડ થાય કે કેમ, તોડપાણી કરતા કહેવાતા પત્રકારોના સમાચાર માધ્યમનું લાયસન્સ સસ્પેન્ડ કરવાના નિયમો શું અને હાલ સુધીમાં આવા લાયસન્સ સસ્પેન્ડ કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? સહીતની બાબતોનો આરટીઆઈ મારફતે ખુલાસો પૂછવામાં આવ્યો છે.

# પ્રથમ અનઓફિશ્યલ ટેસ્ટમાં ઈન્ડિયા -એ ટીમે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૩ વિકેટે ૪૦૯ રન ખડક્યા

## ઈંગ્લેન્ડમાં ભારતીય એ ટીમની દમદાર શરૂઆતઃ કરુણ નાયરના અણનમ ૧૮૬ રન જયારે સરફરાઝ ખાને તાબડતોબ ૯૨ રન ફટકાર્યા

**અબતક, નવી દિલ્હી**



ભારતીય ટેસ્ટ ટીમ ૨૦મી જૂનથી બ્રિટિશરોની ધરતી પર ટેસ્ટ સિરીઝ રમવાની શરૂઆત કરે એ પહેલાં ઈન્ડિયા એ' ટીમ ઈંગ્લેન્ડ પહોંચી ગઈ છે અને ત્યાં પ્રભાવ પાડવાનું શરૂ કરી દીધુ છે. અભિમન્યુ ઈશ્વરનના સુકાનમાં ઈન્ડિયાએ' ટીમ ઈંગ્લેન્ડ લાયન્સ સામે મેચો રમવા ઈંગ્લેન્ડ આવી છે જેમાં ખાસ કરીને કરુણ નાયરે દમદાર પર્ફોર્મ કર્યું છે. તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામેની પ્રથમ ચાર દિવસીય મેચના પહેલા દિવસે ૨૩૧ બોલમાં એક સિકસર અને ૨૩ ફોરની મદદથી અણનમ ૧૭૫ રન કર્યા હતા અને ત્યારે ઈન્ડિયા 'એ'નો સ્કોર ત્રણ વિકેટે ૪૦૯ રન હતો. કરુણ નાયરનો શુભમન ગિલના સુકાન હેઠળની ભારતીય ટેસ્ટ ટીમમાં પણ સમાવેશ કરાયો છે. તેના ઉપરાંત સરફરાઝ ખાને પણ ઈંગ્લેન્ડ લાયન્સ સામે ખૂબ સારું પર્ફોર્મ કર્યું હતું. જોકે સરફરાઝ (૯૨ રન, ૧૧૯ બોલ, તેર ફોર) આઠ રન માટે સેન્ચુરી ચૂકી ગયો હતો. ઓપનર યશસ્વી જયસ્વાલ ફકત ૨૪ રન અને કેપ્ટન ઈશ્વરન આઠ રન કરીને આઉટ થયો હતો, પરંતુ વિકેટકીપર ધ્રુવ જુરેલ ૭૧ રન બનાવીને રમી રહ્યો હતો. ઈંગ્લેન્ડનો પાંચ ટેસ્ટનો અનુભવી સ્પિનર રેહાન અહમદ ભારતીય બેટ્સમેનો સામે ખૂબ ખર્ચાળ સાબિત થયો હતો. ૧૫ ઓવરની બોલિંગમાં ૮૭ રનમાં તેને એક પણ વિકેટ નહોતી મળી. ભારતીય ટેસ્ટ ટીમ ઈંગ્લેન્ડમાં પાંચ ટેસ્ટ રમશે. પહેલી ટેસ્ટ ૨૦મી જૂનથી લીડ્સમાં રમાશે.

# ચેન્નાઈ સહિત તમિલનાડુના ૧૭ જિલ્લામાં ધોધમાર વરસાદ

## દક્ષિણ ભારતમાં કેરળથી કર્ણાટક સુધી ત્રાટકેલા ભારે વરસાદે ૧૩ લોકોનો ભોગ લીધો

**અબતક, નવી દિલ્હી**

દક્ષિણ ભારતમાં કેરળથી કર્ણાટક સુધી ત્રાટકેલા ભારે વરસાદે ૧૩ લોકોનો ભોગ લીધો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. કર્ણાટકમાં ભૂસ્ખલનના બે બનાવમાં એક ઘર તૂટી પડતા એક જ પરિવારના ત્રણના તથા દિવાલ પડવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. બીજીતરફ કેરળમાં વરસાદે ભારે તારાજી સર્જી હતી અને જુદા જુદા બનાવમાં પાંચ લોકોના મોત થયા હતા. આસામમાં પણ ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. મિઝોરમ અને નાગાલેન્ડમાં પણ ભારે વરસાદ પડ્યો છે. જેને લગતી ઘટનામાં ત્રણના મોત નિપજ્યા છે. દેશમાં ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે અને કેરળ સહિત દક્ષિણ ભારતમાં વરસાદે કહેર વર્તાવ્યો છે.



કેરળના ૧૪ જિલ્લામાં નીચાણવાળા ગામો જળમગ્ન બન્યા છે. કેરળમાં આશરે બે હજાર જેટલા ઘરોને નુકસાન પહોંચ્યું છે. હવામાન વિભાગે ઈડુકી, કન્નુર, કાસરગોડ, પથમનથીટ્ટા, આલાપુઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ અને થ્રિસુર સહિતના વિસ્તારોમાં વરસાદનું રેડ એલર્ટ આપ્યું છે. જયારે તિરુવનંતપુરમ, કોલ્લમ, પલક્કડ, મલ્લાપુરમ, કોઝિકોડ અને વાયનાડમાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે. કોટ્ટાયમમાં પાણી ભરાયેલા ડાંગરના ખેતરમાં માછીમારી કરવા ગયેલા બે યુવાનો મોતને ભેટ્યા હતા. જ્યારે વિઝહિનજામમાં દરિયામાં બોટ ઊંધી પડતાં બે માછીમારોએ જીવ ગુમાવ્યો હતો. કર્ણાટકના દક્ષિણ તટીય ભાગમાં મોન્ટેપાડાવુ કોડીમાં વરસાદને લીધે ભૂસ્ખલન થતા એક ઘર તૂટી પડ્યું હતું. કાટમાળમાં પાંચ લોકો દટાયા હતા. મૃતકોમાં ત્રણ વર્ષના આર્યન, તેનો બે વર્ષનો ભાઈ આરુષ તથા દાદી પ્રેમા પૂજારીનો સમાવેશ થયો હતો. પૂર્વોત્તર ભારતમાં પણ વરસાદનું જોર વધ્યું છે. આસામમાં મોટાભાગના ગામોમાં તંત્ર દ્વારા વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. પશ્ચિમ અને દક્ષિણ આસામના ભાગોમાં શુક્રવારે એલર્ટ અપાયું હોવાનું મુખ્યમંત્રી હેમંતા બિસ્વા શર્માએ જણાવ્યું હતું. શનિવાર સાંજ સુધી પરિસ્થિતિ વિકટ રહેવાની આશંકા છે અને લોકોને ઘરમાં રહેવા સુચના અપાઈ છે. અરૂણચલ પ્રદેશ અને મેઘાલયમાં ભારે વરસાદને પગલે આસામ માટે પરિસ્થિતિ વધુ વણસી શકે છે.

# આરટીઈમાં બીજા રાઉન્ડની કાર્યવાહી બાદ ૯૧૫૭ બેઠક ખાલી!!!

## ખાલી બેઠકો પર વધુ બાળકોને પ્રવેશ ફાળવી શકાય તે માટે ત્રીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધો.૧માં પ્રવેશ માટે બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ કુલ ૯૧૫૭ બેઠકો ખાલી પડી હોવાનું સામે આવ્યું છે. બીજા રાઉન્ડ માટે ખાલી પડેલી ૧૪૩૪૫ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે પૈકી બીજા રાઉન્ડમાં ૭૦૦૬ જેટલી બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જે પૈકી પ્રવેશ કાર્યવાહી દરમિયાન ૫૨૪૦ વિદ્યાર્થીઓએ બીજા રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો.

આમ, ૧૭૬૬ બેઠકો પર પ્રવેશ ફાળવાયો હોવા છતાં વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ ન્યુથતા બેઠક ખાલી પડી હતી. આમ, બે રાઉન્ડની કાર્યવાહીમાં મળીને કુલ ૯૩૨૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જેમાંથી ૮૫૭૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જેથી હવે બાકી રહેલી બેઠકો માટે આગામી દિવસોમાં ત્રીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોમાં આરટીઈ હેઠળ ગરીબ બાળકોને પ્રવેશ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચાલુ વર્ષે રાજ્યની કુલ ૯૮૧૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪૭૯૮ જેટલી જગ્યાઓ આરટીઈ હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને વાલીઓ પાસે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રવેશની ફાળવણી કરવામાં આવી હતી.શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૬૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પ્રવેશની ફાળવણી કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૮ મે સુધીનો સમય આપવામાં આવ્યો હતો. નિયમ સમય મર્યાદામાં સમગ્ર રાજ્યમાંથી ૮૦૪૫૩ વાલીઓએ સ્કૂલ પર જઈને રૂબરૂમાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જ્યારે અમુક વાલીઓને પસંદગીની સ્કૂલ મળી ન હોવાથી તેમણે પ્રવેશ લીધો ન હતો. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેવા પામેલી ૧૪૩૪૫ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલા અને માન્ય અરજી ધરાવતા ૮૯૪૪૫ અરજદારોને શાળાઓની પુનઃ પસંદગીની તક આપવામાં આવી હતી. દરમિયાન, આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ જાહેર કરાયો તેમાં વધુ ૭૦૦૬ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો અને તેમને ૨૮ મે સુધીમાં સ્કૂલમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે સૂચના આપી હતી. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ બીજા રાઉન્ડમાં ફાળવાયેલા ૭૦૦૬ પ્રવેશ પૈકી ૫૨૪૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કારવ્યા છે. આમ, બે રાઉન્ડની કાર્યવાહી દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા ૯૩૨૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો હતો અને તે પૈકી ૮૫૭૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. આમ, બે રાઉન્ડની કાર્યવાહી પૂર્ણ થયા બાદ આરટીઈની ૯૧૫૭ બેઠકો ખાલી રહી છે. બે રાઉન્ડની કાર્યવાહી બાદ જે બેઠકો ખાલી પડી છે તેમાં અંગ્રેજી માધ્યમની સૌથી વધુ ૫૨૬૩ બેઠકો ખાલી પડી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની ૧૮૦૦, હિન્દી માધ્યમની ૧૯૨૦, મરાઠી માધ્યમની ૩૦, ઓડીયા માધ્યમની ૧૦૫ અને ઉર્દૂ માધ્યમની ૩૯ બેઠકો મળી ૯૧૫૭ બેઠકો ખાલી પડી છે. જેથી હવે ખાલી બેઠકો પર વધુ ગરીબ બાળકોને પ્રવેશ ફાળવી શકાય તે માટે ત્રીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે.

# જાન્યુઆરીથી માર્ચ મહિના સુધીનો જીડીપી દર ગત વર્ષની સરખામણીએ ૧ ટકા ઘટી ૭.૪ ટકા રહ્યો

## મેન્યુફેકચરિંગ ક્ષેત્રના નબળા દેખાવને કારણે દેશની આર્થિક વૃદ્ધિ ધીમી પડી

**અબતક, નવી દિલ્હી**

મેન્યુફેકચરિંગ ક્ષેત્રના નબળા દેખાવને કારણે દેશની આર્થિક વૃદ્ધિ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના જાન્યુઆરી-માર્ચ કવાર્ટરમાં ઘટીને ૭.૪ ટકા થઈ છે. જ્યારે વર્ષ પૂર્વેના સમાન કવાર્ટરમાં જીડીપી ગ્રોથ ૮.૪ ટકા રહ્યો હતો.આ સાથે જ સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો જીડીપી વૃદ્ધિ દર ઘટીને ચાર વર્ષના નિમ્ન સ્તર ૬.૫ ટકા રહ્યો છે તેમ આજે જારી સત્તાવાર આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. ભારતીય અર્થવ્યવસ્થાનું કદ વધીને ૩૩૦.૬૮ લાખ કરોડ રૂપિયા એટલે કે ૩.૯ ટ્રિલિયન ડોલર થયું છે. સરકારે આગામી પાંચ વર્ષોમાં અર્થતંત્રનું કદ વધારીને પાંચ ટ્રિલિયન ડોલર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જીડીપીનો વૃદ્ધિ દર ૯.૨ ટકા હતો. જાન્યુઆરીથી માર્ચ કવાર્ટરમાં ચીનનો જીડીપી ૫.૪ ટકા રહ્યો છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ) દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલ-જૂન કવાર્ટરમાં જીડીપી ૬.૫ ટકા, જુલાઈ-સપ્ટેમ્બર કવાર્ટરમાં ૫.૬ ટકા, ઓક્ટોબર-ડિસેમ્બર કવાર્ટરમાં ૬.૪ ટકા અને જાન્યુઆરી-માર્ચ કવાર્ટરમાં જીડીપી ૭.૪ ટકા રહ્યો છે. ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના જાન્યુઆરી-માર્ચ કવાર્ટરમાં જીડીપી ૮.૪ ટકા રહ્યો હતો. એનએસઓએ ફેબ્રુઆરીમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો જીડીપી ૬.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

વાર્ષિક ધોરણે મેન્યુફેકચરિંગ સેકટરની વૃદ્ધિ ૧૨.૩ ટકાથી ઘટીને ૪.૫ ટકા રહી છે. જો કે કૃષિ સેકટરની વૃદ્ધિ ૨.૭ ટકાથી વધીને ૪.૬ ટકા રહી છે. ચોથા કવાર્ટરમાં મેન્યુફેકચરિંગ સેકટરની વૃદ્ધિ ગયા વર્ષના ચોથા કવાર્ટરની સરખામણીમાં ૧૧.૩ ટકાથી ઘટીને ૪.૮ ટકા રહી છે.જાન્યુઆરી-માર્ચમાં કન્સ્ટ્રકશન સેકટરની વૃદ્ધિ ગયા વર્ષના ચોથા કવાર્ટરની સરખામણીમાં ૮.૭ ટકાથી વધીને ૧૦.૮ ટકા રહી છે. ૨૦૨૪-૨૫ના છેલ્લા કવાર્ટરમાં કૃષિ સેકટરની વૃદ્ધિ ગયા વર્ષના ચોથા કવાર્ટરની સરખામણીમાં ૦.૯ ટકાથી વધીને ૫.૪ ટકા રહી છે. ચોથા કવાર્ટરમાં વીજળી, ગેસ, પાણી પુરવઠો અને અન્ય યુટિલિટી સર્વિસીસ ૫.૪ ટકાના દરે વૃદ્ધિ પામી હતી.એક વર્ષ અગાઉના સમાન ગાળામાં આ યુટિલિટી સર્વિસ ૮.૮ ટકાના દરે વૃદ્ધિ પામી હતી. ઉલ્લેખનિય છે કે, ભારતના જીડીપીના આંકડા જાહેર થવાના થોડાક દિવસ અગાઉ નીતિ આયોગના સીઈઓ બીવીઆર સુબ્રમણ્યે જાણકારી આપી હતી કે, જાપાનને પાછળ છોડી ભારત દુનિયાનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે.

અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતનો આર્થિક વિકાસદર ટકેલો રહ્યો છે. હવે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં જીડીપી ગ્રોથ ૬.૩ ટકા રહેવાની ધારણા છે, જ્યારે મોંઘવારી દર ઘટીને ૩.૭ ટકા થઈ શકે છે.

### શત શત વંદન દેવી અહલ્યાને

# પ્રજાહિતથી 'માતોશ્રી' અહલ્યાબાઈ: ૩૦૦મી જન્મજયંતિએ ધાર્મિક વિરાસતના શિલ્પકારને વંદન

## ભારતના ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો પર લખાયેલું ઉમદા અનુપમ નારીનું જવલંત ઉદાહરણ કે જેમણે કપરા સમયમાં સતાના સુત્રો સંભાળી હિન્દુ સંસ્કૃતિનું ઉજજવળ અને સંપૂર્ણ દર્શન કરાવ્યું

**અબતક, રાજકોટ**

:: સંકલન :: જયેશ સંઘાણી

મહારાણી દેવી અહલ્યાબાઈ હોલકર એટલે ભારતના ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો પરનું સુવર્ણ અક્ષરે લખાયેલું એક ઉમદા અનુપમ નારીનું જવલંત ઉદાહરણ અહલ્યાબાઈ હોલકર એવા સમયમાં થઈ ગયા કે જ્યારે એક તરફ અંગ્રેજોની સત્તા પરની પકડ મજબૂત થઈ રહી હતી તો બીજી તરફ મુસ્લિમ સામ્રાજ્ય પણ વિસ્તાર પામી રહ્યા હતા. કેટલાક રજવાડા સંગઠિત થવાને બદલે આ લોકોની ગુલામી કરી વૈભવ વિલાસમાં રચ્યા પચ્યા રહેતા. અહલ્યાબાઈને આવા કપરા સંજોગોમાં સત્તાના સૂત્રો સંભાળી જીવન માત્ર નું કલ્યાણ કરનારી હિન્દુ સંસ્કૃતિનું ઉજવળ અને સંપૂર્ણ દર્શન પોતાના વહીવટ દ્વારા કરાવ્યું.

અહલ્યાબાઈ એક પ્રતિભા સંપન્ન રાજરાણી હતા. તેમની તેજસ્વીતા અને પવિત્ર ચારિત્ર્યની આભાથી અભિભૂત થઈ લોકો તેમને દેવી તુલ્ય ગણતા આથી જ તેમના નામ આગળ સતિ, માતા, દેવી પુણ્યશ્લોક જેવા વિશેષણો વાપરીને જ લોકો તેમનું નામ લેતા.

લોકમાતા અહલ્યાબાઈ હોલકર માળવા - ઈન્દોરની ધરતી પર જન્મેલાં અને સમગ્ર ભારતમાં પોતાની સેવા, ભક્તિ અને અભૂતપૂર્વ શાસન દ્વારા અમીટ છાપ છોડી જનારાં મહાન સન્નારી હતાં. ભારતવર્ષ તેમને પુણ્ય શ્લોક દેવીતરીકે પૂજે છે. ૩૧મી મે ૧૭૨૫ના રોજ તેમનો જન્મ થયો હતો. ૩૧ મે, ૨૦૨૪થી દેવી અહલ્યાબાઈ હોળકરના ૩૦૦ મા જન્મજયંતી વર્ષનો પ્રારંભ થઈ ગયો છે. સમગ્ર ભારતવર્ષના ખંડિત મંદિરોના અહલ્યાબાઈએ કરેલા પુનરોદ્ધારનું પુણ્ય સ્મરણ કર્યું હતું. ખાસ કરીને બદ્રિનાથ, કેદારનાથ, સોમનાથ જેવાં શિવમંદોરોના પુનઃનિમાણને બિરદાવ્યું હતું.

આ કહાની એક એવી શક્તિસ્વરૂપાની છે, જે એક નાનકડા ગામની નાનકડી ઝૂંપડીમાં જન્મી અને રાષ્ટ્રભક્ત રાજરાણી બનીને વિદાય થઈ. મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં આવેલાં ચોંડી ગામમાં ૩૧મી મે - ૧૭૨૫ ના રોજ એક બાળકી જન્મી. પિતાનું નામ માણકોજી અને માતાનું નામ સુશીલા શિંદે. દીકરીનું નામ પાડ્યું




અહલ્યા. તેઓ મૂળ ધનગર એટલે કે ભરવાડ. તેમની પાસે થોડાંક ઘેટાં-બકરાં હતાં. એક નાનકડું ખેતર. એના આધારે અને નાનું મોટું ખેતીકામ કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે. પરંતુ સમયે એવી કરવટ બદલી કે ચોંડી ગામનાં ખેતરોમાં ઘેટાં - બકરા ચરાવતી આ અહલ્યા એ વખતના માળવાના શ્રેષ્ઠ અને શકિતસંપન્ન સૂબેદારના મલ્હારરાવ હોળકરના ઘરની પુત્રવધૂ બની અને રાજ્યની સૂત્રધાર બની. ચોંડી ગામની આ કન્યા અહલ્યામાંથી લોકમાતા અહલ્યાબાઈ બની અને રણમેદાનથી લઈને રાજમેદાન સુધી અભૂતપૂર્વ કાર્ય કર્યું. હોલકર વંશને તેમણે દીપાવ્યો.

અહલ્યાબાઈના ધાર્મિક સંસ્કાર ખૂબ ઉચ્ચ કોટીના હતા. ઘરમાં મા-બાપના ધાર્મિક આચરણથી તેમજ ખેતરમાં કુદરતના ખોળે ખેલવાથી અહલ્યાબાઈમાં બાળપણથી જ તંદુરસ્ત તન અને મનનું પોષણ થયું. પિયરમાં મળેલા ઉમદા ધાર્મિક સંસ્કારોમાં ધાર્મિક વૃત્તિની સાસુ ગૌતમાબાઈ તેમજ સસરા મલ્હારરાવે વૃદ્ધિ કરી. સાસરીમાં તેમની ધાર્મિક વૃત્તિ એક વટવૃક્ષની જેમ પૂર્ણપણે વિકાસ પામી. અહલ્યાબાઈ સામાન્ય ગામડાની કન્યામાંથી રાજમાતા બન્યાં હતાં એ સત્ય ભલે સાંભળવામાં સરળ હોય, પરંતુ તેમનું સમગ્ર જીવન સંઘર્ષમય જ રહ્યું. છતાં આ એકલી સ્ત્રીએ રાજકાજ એવી રીતે સંભાળ્યું કે, આજેય ભારતવર્ષ તેમને યાદ કરીને વંદન કરે છે. લોકમાતા અહલ્યાબાઈની ખાસિયત એ હતી કે, વિરહનાં વાદળો છવાયેલાં હોવા છતાં ધર્મપરાયણતા, વિવેક અને દયા- મમતા તેઓ કદી ચૂક્યાં નહોતાં. તેમણે દુઃખથી કે મુશ્કેલીઓથી છટકવા કદી ભાગેડુ વૃત્તિનો આશરો લીધો નહીં. સંકટોનો હંમેશાં હિંમતપૂર્વક મુકાબલો કર્યો. અહલ્યાબાઈ એ પત્ની, માતા, પુત્રીના આદર્શો લોકો સામે મૂક્યા. પોતે આજીવન લોકમાતા બની રહ્યા. જ્યારે સ્ત્રીઓનું જીવન ઘરની ચાર દીવાલોમાં જ સીમિત હતું ત્યારે તેમણે એક કાર્યક્ષમ અને બાહોશ સ્ત્રી રાજકર્તાનો આદર્શ પૂરો પાડ્યો. અહલ્યાબાઈનું નામ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયું છે. એક સ્ત્રી શાસક તરીકે શું શું કરી શકે છે ? એ પ્રશ્નના બધા જ ઉત્તર અહલ્યાબાઈના કર્તૃત્વશાળી, પ્રેરણાદાયી જીવનમાંથી આપણને મળે છે.

અગ્નિ જેવા જીવનમાં પણ તેમણે ધર્મ કાર્ય છોડ્યું નહોતું. તેઓએ લગભગ આખા ભારતમાં ખૂબ ધર્મ કાર્યો કર્યા. કાશી વિશ્વનાથ, નાસિક, બદ્રીનાથ કેદારનાથ, મથુરા, અવંતિકા, સોમનાથ વગેરે અનેક સ્થાનો પર તેમણે મંદિરો ઘાટો ધર્મશાળાઓ ઉદ્યાનો અન્નક્ષેત્રો સ્થાપ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૨ માં કાશી વિશ્વનાથનો જીર્ણોદ્ધાર કરીને તેને ભવ્ય અને દિવ્ય બનાવ્યું. ત્યારે પણ સંપૂર્ણ યાદ કરીને કાશી વિશ્વનાથના પુનનિર્માણમાં તેમના પ્રદાનને ગૌરવભેર યાદ કરેલુ. ૭૦ વર્ષના જીવનકાળમાં ૪૧ વર્ષનું અહલ્યાબાયનું રાજકીય શાસન રહ્યું અને આ સમગ્ર જીવન એટલે અગ્નિ પરીક્ષા પોતે સતત આગમાં શેકાતા રહીને પણ અન્યને હંમેશા પ્રેમ અને સુરક્ષાનું છત્ર ધર્યું. સ્ત્રી શાસકોમાં કોહીનુર હીરા જેવા હતા. તપસ્યાની આગમાં બળીને તે વધુને વધુ નીકળતા ગયા બાદ ૩૧ મે ૧૭૨૫ ના રોજ અવતરિત થયા અને ૧૩ મી ઓગસ્ટ ૧૯૭૫ ના રોજ તેમનો દેહ વિલય થયો. જન્મના ત્રણસો વર્ષ બાદ પણ આજે તેમનું નામ હિમાલયથી માંડીને રામેશ્વર સુધી અને ગુજરાતથી બંગાળ સુધી સર્વત્ર પૂજ્ય ભાવે લેવાય છે.

એમના ધર્મ કાર્યોથી તેઓ અમર થઈ ગયા. આજે પુરા વિશ્વમાં ૩૦૦ મી જન્મ જયંતી ઉજવાઈ રહી ગઈ છે. અહલ્યાબાઈના કાળમાં નાના-મોટા સૌ તેમને ,'માતોશ્રી'ના નામે જ સંબોધતા. આ સંબોધનને તેમણે સાર્થક કર્યું હતું. લોકોના માતા બનીને તેઓ રહ્યા. લોકમાતા તરીકે પૂજાયા નાની વયથી જ નાના મોટા સૌના માતા બનીને તેઓએ સૌને હુંફ, પ્રેમ અને છાયો આપ્યા હતા.

ધરમ કરતા ધાડ પડી

# સોની વેપારીએ ઉછીના આપેલા રૂ.૩૦ લાખનું બુસા બંધુઓએ બુચ મારી દીધું

## ફ્લેટખરીદવા આર્થિક મદદ કરવા કહેતા વેપારીએ આરટીજીએસથી નાણાં ટ્રાન્સફર કર્યા'તા

## દોઢ વર્ષ સુધી નાણાં પરત નહિ આપતાં ફરિયાદીએ ઉઘરાણી શરૂ કરી તો નવા નવા બહાના બતાવતા

**અબતક, રાજકોટ**

શહેરના નિર્મલા રોડ પર આવેલ પારસ સોસાયટીમાં રહેતા સોની વેપારીએ તેમના પાંચ વર્ષ જૂના બે મિત્રોને ફ્લેટ લેવા માટે ૨૯.૯૮ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. ત્યારબાદ દોઢ વર્ષ વીતી ગયા છતાં પણ બુસા બંધુએ પૈસા પાછા નહીં આપી અને અલગ અલગ બહાના આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.વધુ વિગતો મુજબ નિર્મળા રોડ પર પારસ સોસાયટી પારસ હોલની સામે શાશ્વત એપાર્ટમેન્ટ એ-વીંગ ફ્લેટ નં.૩૦૧ ચેતનભાઈ વિનોદરાય ધકાણ(ઉ.વ.૫૫)એ કમલેશ બાબુ બુસા અને તેમના ભાઈ રવિન્દ્ર બાબુ વિરુદ્ધ ૨૯.૯૮ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ ડિવિઝન પોલીસ મથકમાં નોંધવામાં આવતા પોલીસે બંનેને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.ચેતનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,સોનીબજાર ગીરીરાજ ચેમ્બર જુની ગધીવાડમાં વી.પી.જવેલર્સ નામની દુકાન ધરાવી સોનીકામ કરું છું. આ કમલેશભાઈ બાબુભાઈ બુસા તથા રવિન્દ્રભાઈ બાબુભાઈ બુસાનાને હુ તેમની રાજનગર ચોક ખાતે આવેલ શીવમ પાન ખાતે અવાર નવાર બેસવા જતો હોય જેથી આ બન્ને ભાઈઓને છેલ્લા પાંચેક વર્ષથી ઓળખુ છુ. આશરે પોણા ત્રણેક વર્ષ પહેલા કમલેશભાઈ તથા રવિન્દ્રભાઈએ મને વાત કરેલ કે તેઓ તેમના કાકાના દીકરાઓ સાથે સંયુકત કુટુંબમા રહેતા હોય અને તેઓને હાલ નવો ફ્લેટ ખરીદવાનો હોય જેથી ફ્લેટ ખરીદવા માટે મને આર્થિક રીતે મદદ કરવાની વાત કરતા હુ આ બન્ને ભાઈઓને છેલ્લા પાંચેક વર્ષથી ઓળખતો હોય અને અમારા વચ્ચે નાણાકીય લેવડ-દેવડનો વ્યવહાર પણ સારી રીતે ચાલતો હોય જેથી મે તેઓ મને પૈસા પરત આપી દેશે તેવો વિશ્વાસ રાખી રૂપીયાની મદદ કરવાની હા પાડેલ હતી. ત્યારે કમલેશભાઈ તથા રવિન્દ્રભાઈએ મારી પાસે રૂ.૩૦ લાખની મદદ કરવાની વાત કરેલ જેથી મે હા પાડી હતી.

બાદમાં કમલેશભાઈએ મને કહેલ કે હાલ મારા ખાતામા થોડો પ્રોબ્લેમ ચાલે છે તો તમે મારા નાના ભાઈ રવિન્દ્રના ખાતામા રૂ.૩૦ લાખ ટ્રાન્સફર કરી આપજો. જે અંગે મે રવિન્દ્ર સાથે વાત કરતા તેણે કહેલ કે હુ તમને મારી બેંકનો એકાઉન્ટ નંબર આપુ છુ તેમા તમે રૂ.૩૦ લાખ ટ્રાન્સફર કરી આપજો તેમ કહેતા મે તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ મારી વી.પી. જવેલર્સ પેઢીનુ એકાઉન્ટ ભુપેન્દ્ર રોડ એક્સિસ બેંકમા હોય તે પેઢીના એકાઉન્ટમાંથી રૂ.૨૯,૯૮,૦૦૦ રવિન્દ્રભાઈ બુસાના એસ.બી.આઈ. બેંકના બેંક એકાઉન્ટમા આર.ટી.જી.એસ. થી ટ્રાન્સફર કરી આપ્યા હતા.રૂપીયા આપ્યાના દોઢેક વર્ષ બાદ રૂપીયા પરત માંગતા બન્ને ભાઈઓ અવનવા બહાના બતાવતા હોય અને નવી મુદ્દતો આપતા હોય જેથી મે મારા લીગલ એડવોકેટ દ્વારા આ બન્ને ભાઈઓને લીગલ નોટીસ મોકલાવેલ હતી પરંતુ બન્ને ભાઈઓએ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી. જેથી બંને સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે એ ડિવિઝન પોલીસના પીએસઆઈ એમ.આર.મકવાણા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.

## એડવોકેટ મારફતે મોકલેલી નોટીસનો પણ જવાબ નહિ આપતાં અંતે ચેતન ધકાણે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી

# ખોખડદડ નજીક એકાઉન્ટન્ટના બંધ મકાનમાંથી રૂ.૧.૯૭ લાખની મતાની ચોરી

## જામજોધપુર ખાતે માઠા પ્રસંગમાં હાજરી આપવા ગયેલ પરિવારના ઘરમાં તસ્કર ટોળકી ત્રાટકી : આજીડેમ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલો ખોખડદડ રોડ પર આવેલા જય અંબે ઓમ રેસિડેન્સીમાં રહેતા અને એકાઉન્ટન્ટનું કામ કરતા યુવાન તેમના પરિવાર સાથે માઠા પ્રસંગે જામજોધપુર ગયા બાદ ત્યાંથી પરત ફર્યા ત્યારે તેમના મકાનમાંથી રોકડ અને દાગીના સહિત ૧.૯૭ લાખની ચોરી થયાની જાણ થતા તેમણે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ઘટનામાં મેહુલભાઈ દિનેશભાઈ પંડ્યાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ગંગા ફોર્જીંગ લિમિટેડ, સડક પીપડીયા, ખાતે એકાઉન્ટ તરીકે પ્રા.નોકરી કરુ છું.ગઈ તા.૨૮/૦૫ના રોજ મારા કાકા શૈલેશભાઈ બાબુભાઈ પંડ્યા મોટી ગોપ, જામજોધપુર,જામનગર વાળા મરણ ગયેલ હોય જેથી હુ તથા મારી પત્ની તથા મારી બન્ને દિકરીઓ ગઈ તા.૨૮/૦ ૫ના રોજ સાંજના પોણા ચારેક વાગ્યે ઘરની ડેલીને તથા ઘરના દરવાજાને તાળુ મારી મોટીગોપ ગામે જવા નીકળેલ હતા. ત્યા મારા કાકાના ઘરે એક રાત રોકાયેલ અને બીજા દિવસે સાંજના પોણા પાંચેક વાગ્યે ઘરે આવેલ હતા. ડેલીનુ તાળુ મે ખોલેલ અને અંદર જઈને જોતા ઘરના દરવાજાનું તાળુ તોડેલ હતુ અને હુક ટુટેલ હતો. દરવાજો બંધ હતો જે ખોલીને જોતા અંદર રૂમમાં કબાટનો પણ લોક તોડેલ હતો અને તે કબાટમાં રહેલ કપડા વેર-વિખેર પડેલા જોવા મળ્યા હતા.કબાટની અંદર રોકડા રૂ.૫૦ હજાર રાખેલ હતા અને એક સોનાની હાસડી આસરે એક તોલાની કિ.રૂ.૫૦ હજાર તથા બે સોનાના ચેઈન આસરે બે તોલાના જેની આશરે કિ.રૂ. ૭૦ હજાર તથા બે સોનાના પેંડલ કિ.રુ.૧૦ હજાર, બે સોનાની બુટી આસરે કિ.રૂ. ૧૦૦૦૦, ચાંદીના સાંકળાની એક જોડ આસરે કિ.રૂ.૭૦૦૦ રાખેલ હતુ જે તમામ ઘરેણા મળીને આશરે રૂ.૧,૫૨,૦૦૦ એમ કુલ રૂ.૧,૯૭,૦૦૦ ની મત્તા મળી આવી ન હતી. જે કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ જતા ફરિયાદ નોંધાવી હતી.

# મંગેતરનું ફેક આઈડી બનાવી યુગલના ફોટા સાથે અભદ્ર લખાણ કરી ફોટા વાયરલ કર્યા

## પરિચિત શખ્સે જ યુવતીની પજવની કરવાના ઈરાદે કૃત્ય આચર્યાનું પ્રાથમિક તારણ : સાયબર ક્રાઈમ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટની યુવતીના ભાવિ મંગેતરનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી યુવતીના સંબંધી શખ્સે જ તે આઈડીમાં યુગલના ફોટા વાયરલ કરી અભદ્ર ભાષામાં મેસેજ કર્યાનો બનાવ સામે આવતા ચકચાર જાગી ગઈ હતી. બનાવ અંગે રાજકોટ સાઈબર ક્રાઈમની ટીમે ગુનો નોંધી આરોપીને દબોચી લેવા તજવીજ હાજરી હતી.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરમાં રહેતી એક યુવતીએ સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવનાર શખ્સનું નામ આપતા સાયબર ક્રાઈમની ટીમે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણીની સગાઈ થઈ છે અને આગામી સમયમાં જ તેણીના લગ્ન પણ છે. દરમિયાન તેમના ધ્યાને આવ્યું કે, તેમના પતિના નામનું કોઈએ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવેલ છે અને તે ફેક આઈડીમાં યુવતીના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી બંને યુગલના ફોટા મેળવી લઈ તે ફોટા ફેક આઈડી પર વાયરલ કર્યા હતા.

ઉપરાંત તે વાયરલ કરેલ ફોટાની સાથે અભદ્ર ભાષામાં મેસેજ પણ કરેલ હતા. જે અંગેની બાબત તેણીની સામે આવતા તુરંત જ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

બનાવ અંગેની ફરિયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ જે.એમ.કૈલાએ તુરંત જ તપાસનો ધમધમાટ આદર્યો હતો અને તપાસ કરતા ફેક આઈડી બનાવનાર યુવતીનો સંબંધી હોવાનું સામે આવ્યું હતું. હાલ પોલીસે આરોપીની ધરપકડવા તજવીજ આદરી છે.

# શાપરમાં ઘર પાસે રમતા માસુમ બાળકને કુતરાઓએ ફાડી ખાતા મોત

## બિહારી શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું, વતન જતા પિતાએ અડધે રસ્તે થી પાછું આવવું પડ્યું

**અબતક રાજકોટ**



રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રની ગલીએ ગલીએ ડાઘીયા કુતરાઓના ટોળા હવે જીવલેણ પરિસ્થિતિ ઉભી કરી રહ્યા છે, રાજકોટ- ગોંડલ ધોરીમાર્ગ પર આવેલા શાપરમાં ઘર પાસે રમી રહેલા છ વર્ષના માસુમ બાળકને કુતરાઓના ટોળાએ પિંખી નાખતા સારવાર કારગત નીવડે તે પહેલા જ માસુમ ફૂલ જેવા બાળકે સદા માટે આખો મીચી લીધી હતી.આ કરુંણ ઘટના અંગે પ્રાપ્ત વિગત મુજબ બિહારના પટના ના વતની અને હાલ પાંચ મહિના પહેલા રાજકોટ જિલ્લાના શાપર ખાતે પેટીયુ રળવા શ્રમિક પરિવાર આવી વસેલા અને આનંદ ગેટમાં કારખાનાની ઓરડીમાં રહેતા અજીત કુમાર યાદવ નો પાંચ વર્ષનો પુત્ર આયુષ ગઈકાલે સાંજે સાતેક વાગ્યે ઘર પાસે રમતો હતો ત્યારે પાંચ જેટલા ડાઘીયા કુતરાઓ એ બાળકને ઘેરી લીધું હતું અને આખા શરીર વડચકા ભરી લેતા આયુષ લોહી લુહાણ થઈ ગયો હતો, બાળકની ચીસો સાંભળી દોડી આવેલા પરિવારજનોએ લોહી લુહાણ થઈ ગયેલા આયુષને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરવામાં આવ્યો હતો. બેભાન હાલતમાં આયુષે ચાલુ સારવાર દરમિયાન મોડી રાત્રે અંતિમ શ્વાસ લેતા પરિવાર જનોની ઉપસ્થિતિમાં જ ફુલ જેવા બાળકનું જીવન મૂરઝાઈ ગયું હતું આયુષ ના પિતા વતન જવા નીકળ્યા હતા તેને આ દુર્ઘટનાની જાણ રસ્તામાં થતા અમદાવાદથી જ પરત આવવું પડ્યું હતું.આ કરુણ ઘટના નો ભોગ બનનાર આયુષ બે ભાઈઓમાં નાનો હતો.

# નાગેશ્વરમાં ફ્લેટમાંથી મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

## પાંચ મહિલા સહિત છ પત્તા પ્રેમી ઝડપાયાઃ રૂ.૧૩ હજારની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર પર આવેલા નાગેશ્વર વિસ્તારમાં આવેલા ફ્લેટમાંથી ગાંધીગ્રામ પોલીસે મહિલા સંચાલિત જુગારધામ ઝડપી લઈ, જુગાર રમતી પાંચ મહિલા સહિત છ પત્તાપ્રેમીને ઝડપી લઈ , જુગારના પટમાંથી રૂ. ૧૩ હજારની રોકડ કબ્જે કરી છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગાંધીગ્રામ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, જામનગર રોડ પર આવેલા નાગેશ્વર વિસ્તારમાં આવેલા પટેલ ચોકમાં સુમતી સાનિધ્ય એપાર્ટમેન્ટમાં રહેતા જયશ્રીબેન હિંમતભાઈ સોની તેના ફ્લેટમાં જુગારધામ ચલાવી રહી છે. બાતમીના આધારે ગાંધીગ્રામ પોલીસે જુગારનો દરોડો પાડી, જુગટુ રમતી જયશ્રીબેન સોની, કાલાવડ રોડ પર આવેલા ક્રિષ્ના પાર્કના મીનાબા હરિશ્ચંદ્રસિંહ પરમાર, હુડકો ચોકડીના મનિષાબેન જીતભાઈ વસાણી, નાના મવા શ્યામ નગરમાં રહેતા સોનલબા મહિપતસિંહ ડાભી, રેલનગરમાં આસ્થા ચોક પાસે રહેતા ભાવનાબેન દિનેશભાઈ પીઠડીયા અને મવડી રોડ અમરનગરમાં રહેતો વિવેક હરેશભાઈ દેથળીયા નામના પત્તા પ્રેમીઓને ગાંધીગ્રામ પોલીસે ઝડપી લીધા છે. પોલીસે જુગારના પટમાંથી રૂ.૧૩ હજારની રોકડ કબ્જે કરી છે.

# ભગવતીપરામાં ઘર સામે દારૂની મહેફિલ કરનારાઓને ટપારનાર યુવકને છરી હુલાવી

## પેટ્રોલ પંપમાં નોકરી કરનાર યુવાનને મધ્યરાત્રે લોહી લુહાણ હાલતમાં સિવિલમાં ખસેડાયો

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતી પરા માં મોડી રાત્રે ઘર પાસે જાહેરમાં દારૂ મહેફિલ કરનારાઓને ટપારનાર યુવકને ઝઘડો કરી પડખામાં છરી હુંલાવી દેવાના બનાવમાં યુવકને લોહી લુહાણ હાલતમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ ભગવતી પરા નંદનવન સોસાયટીમાં રહેતા અસલમ મહેબુબભાઈ બેલીમ૩૬ તેના ઘર પાસે હતો ત્યારે રાત્રે ૧૧ વાગે નંદનવન સોસાયટીમાં જ રહેતા એજાજ ફકીર એ ઝઘડો કરી અસલમ પર હુમલો કરી પડખાના ભાગે છરી હુલાવી દીધી હતી, અસલમને લોહી લુહાણ હાલતમાં સરકારી દવાખાનામાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે અસલમ ના રીક્ષા ચાલક પિતા મહેબૂબ ભાઈએ જણાવ્યું હતું કે અસલમ પર હુમલો કરનાર અને તેના સાગરીતો ઘર સામે દારૂની મહેફિલ કરતા હોય તે અંગે થયેલી માથાકૂટનું મનદુખ રાખી હુમલો થયો હતો. અસલમ પેટ્રોલ પંપ માં નોકરી કરે છે અને બે બાળકોનો પિતા છે નંદનવન સોસાયટીમાં રોજ રાત્રે આવારાગીર્દી થતી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. આ અંગે બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

# નિવૃત્ત સફાઈ કર્મચારી માતાએ લોનના હપ્તા ભરવાનો ઈનકાર કરતા યુવકે વખ ઘોળ્યું

## પિતાની વારસાઈ નોકરી નાના ભાઈને આપવાનું નક્કી થયૂ ત્યારે લોન વાળું મકાન કલીયર કરાવી દેવાની બોલી થયા બાદ હપ્તા ચૂકાઈ જતા નોટિસ મળી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સફાઈ કામદાર પરિવારના મકાનની લોનના હપ્તા ચડત થઈ જતા મળેલી નોટિસને લઈ હતાશ થઈ ગયેલા યુવાને ફિનાઈલ ગટગટાવી લેતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બજરંગ વાડી ૨૫ વારીયા ક્વાર્ટર માં રહેતા શુભમ રાજુભાઈ લઠેરા ૨૩ એ ગઈકાલે રાત્રે ૯:૩૦ ના સુમારે ફીનાઈલ ગટગટાવી લેતા સિવિલ મેડિસન વોર્ડ ૧૦ માં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સમયસરની સારવારથી તેનો જીવ બચી ગયો હતો. ફિનાઈલ પી લેવાના કારણમાં શુભમ ના પિતા ના મૂર્ત્યૂ બાદ તેની માતા ને પેન્શન હક અને નાનાભાઈ સુનિલ ને નોકરી દેવાનું નક્કી કરાયું ત્યારે ૧૫લાખની લોન ના હપ્તા મીનાક્ષીબેને ભરવાનું નક્કી થયું હતું આ હપ્તા ભરવાનું બંધ થતા મળેલી નોટિસને લઈ શુભમ એ હપ્તા ભરવાનું પૂછતા અમે હપ્તા ભરવાના નથી તારે થાય તે કરી લેજે તેવો જવાબ આપતા શુભમે ફિનાઈલ પી લીધી હોવાનું શુભમના પત્નીએ જણાવ્યું હતું

# "સમાજ એક થવા નહીં દે" તેવા ડરથી બગીચામાં પ્રેમી પંખીડાએ મકોડા મારવાની દવા પીધી

## પાડોશી પ્રેમીને મિલનમાં જ્ઞાતિ અને કિશોરીની ઘટતી ઉંમર ની બાધા આવતા સજોડે કર્યા ઝેરના પારખા

**અબતક, રાજકોટ**

રાજકોટના ઢેબર કોલોની પાસે ના બગીચામાં ગત સાંજે સાતના સુમારે યુવક અને કિશોરીએ મકોડા મારવાની દવા પી લેતા અર્ધભાન અવસ્થામાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં સમયસરની સારવારથી બંનેનો જીવ બચી ગયો હતો.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પારેવડી ચોક ગીતા એન્ટરપ્રાઈઝ નજીક રહેતા અને રિક્ષામાં સાબુ પાવડર ની ફેરી કરતા આદિવાસી યુવાન ઉત્સવ લાલજીભાઈ વસાવા ૨૫ અને તેના ઘર પાસે જ રહેતી સગીર કિશોરી ને મનમેળ થઈ જતા લગ્નની તૈયારી કરી દીધી હતી પરંતુ પરિવારને આ સંબંધ મંજૂર ન હોય વળી કિશોરીની ઉંમર લગ્ન લાયક ન હોવાથી સમાજ એક થવા નહીં દે તેના ભયથી ગઈકાલે સાંજે બંનેએ બગીચામાં જઈ દવા ગટગટાવી લેતા સિવિલ હોસ્પિટલ ખાતે એ મેંડિસન વોર્ડ માં દાખલ કરેલ છે, આ અંગે ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# આજી જીઆઈડીસી નજીક કચરો વીણતી યુવાનને સાપે ડંશ દીધો

## મોડી સાંજે પેટીયુ રડવા ઉકરડા ફેંદતા શ્રમજીવી યુવાનને દવાખાને જવું પડ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટના શહેરના આજી જીઆઈડીસી નજીક કચરો વીણતા શ્રમજીવી યુવાનને ઉકરડામાંથી નીકળેલા સાપ કરડતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ આજે જીઆઈડીસી સર્વિસ સ્ટેશન પાસે રહેતા અને કચરો વીણવાનું કામ કરતા પકાભાઈ ધમભાઈ શેખલીયા ૨૧ ગઈકાલે સાંજે ૮:૦૦ વાગ્યાના સુમારે કચરો વિરવાનું કામ કરતો હતો ત્યારે કચરાના ઢગલા માંથી ડાબા હાથ ઉપર સાપે દંશ મારતા પરિવારજનોએ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ માં લાવતા ઈમરજન્સી મેડિકલ મેડિસનવોર્ડ ૧૦ માં દાખલ કરેલ છે.

# સોનાના ચેનની ચીલ ઝડપ કરનાર શ્યામ સોલંકી દબોચાયો

## ક્રાઈમ બ્રાન્ચે સોનાનો ચેન અને એકટીવા મળી ૧.૩૦ લાખનું મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, રાજકોટ**



શહેરના મવડીના વિસ્તારમાં આવેલા સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે વૃદ્ધાને નિશાન બનાવી સોનાના ચેનની ચીલ ઝડપ કરનાર આનંદ નગર વિસ્તારમાં રહેતા શ્યામ ઉર્ફે જાંબુ સોલંકીને ક્રાઈમ બ્રાન્ચએ દબોચી લઈ સોનાનો ચેન અને એકટીવા મળી રૂપિયા ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત શહેરમાં છેલ્લા એક માસથી તાલુકાને બી ડિવિઝન પોલીસ મથકોના વિસ્તારોમાં ચીલઝડપોના વધતા જતા બનાવોને અટકાવવા અને વણ ઉકેલ ગુનાઓને શોધી કાઢવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પી.આઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સીએચ જાદવ સહિતની સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અને સમડીને ઝડપી લેવા પીએસઆઈ એ એન પરમાર અને એસવી ચુડાસમા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જ તાજેતરમાં શહેરના આનંદ નગર મેઈન રોડ ખાખી દાબેલી ઉપર ત્રીજા માળે રહેતો શ્યામ ઉર્ફે જાંબુ દિનેશ સોલંકી નામનો લષ ૩ ભ ૮૭ ૮૭ નંબરના એકટીવા માં શંકાસ્પદ હાલતમાં ગુનાને અંજામ આપવા રખડતો હોવાની હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ પાંભર ,કૃષ્ણદેવસિંહ ઝાલા ,હરસુખભાઈ સબાડ અને કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે ગોઠવેલી વોચમાં પૂરપાટ ઝડપે એકટીવા લઈને નીકળેલા શ્યામ ઉર્ફે જાંબુ સોલંકીને અટકાવી તલાસી લેતા તેના કબજા માંથી રૂપિયા એક લાખની કિંમતનો સોનાનો ચેન મળી આવતા તેની પૂછપરછ કરતા તેને મવડી કણકોટ રોડ ઉપર ગ્રીન સિટીમાં રહેતા વીણાબેન દિનેશભાઈ પટેલ નામના વૃદ્ધાને ફિલ્ડ માર્શલ રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે વૃદ્ધાને નિશાન બનાવી અને ચીલ ઝડપ કર્યાની કબુલાત આપતા તેની ધરપકડ કરી સોનાનો ચેન અને એકટીવા મળી ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રૂ.૧૭.૧૯ કરોડની ઉચાપતમાં જે.કે. ટ્રેડિંગ કંપનીના બંને ભાગીદારોના જામીન મંજૂર

## યાર્ડ(બેડી)ની પેઢી દ્વારા જીરૂની ખરીદી કરી અલગ સ્થળોએ ગ્રાહકોને વેચી આરોપીઓ ફોન તથા પેઢી બંધ કરી નાસી ગયા હતા

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ભારે ચકચાર જગાવનાર જુદી જુદી વેપારી પેઢીઓ પાસેથી કરેલી જીરાની ખરીદીના રૂપિયા ૧૭.૧૯ કરોડથી વધુ રકમ ઓળવી જવા અંગે ગુનાહિત કાવતરું રચી ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ મામલે જેલ હવાલે થયેલા જે.કે. ટ્રેડિંગ કંપનીના બંને ભાગીદારોની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ, રાજકોટ માર્કેટીંગ યાર્ડ(બેડી) ખાતેની જે કે. ટ્રેડીંગ દ્વારા જીરુની ધૂમ ખરીદી કરવામાં આવી હતી, જેમાં પેડક રોડ ઉપર શ્યામ પાર્ક સોસાયટીમાં રહેતા મનસુખ ખીમાભાઈ ડાકા પાસેથી રૂ.૧,૧૮,૯૮,૦૯૭/- જીરૂ સહિત રાજકોટ માર્કેટીંગ યાર્ડ ખાતે પેઢીઓ પરાવતા અલગ અલગ વેપારીઓ પાસેથી કુલ રૂ. ૧૭.૧૯ કરોડથી વધુ રકમના જીરૂના માલના જથ્થાની ખરીદી કરી અલગ અલગ સ્થળોએ પોતાના ગ્રાહકોને વેચી મનસુખભાઈ ડાકા તથા સાહેદોને રૂપીયા ચુકવવા ન પડે માટે આરોપીઓ પોતાના ફોન તથા પેઢી બંધ કરી નાસી જઈ ગુન્હાહીત વિશ્વાસઘાત કર્યા સબંધેની ફરિયાદ મનસુખભાઈ ખીમાભાઈ ડાકા દ્વારા જે.કે. ટ્રેડીંગના ભાગીદારો બિપિન પરસોત્તમભાઈ ઢોલરીયા



એડવોકેટ સુરેશ ફળદુ

તથા નિતેશ ધરમશીભાઈ ઢોલરીયા વિરૂધ્ધ દાખલ કરવામાં આવી હતી. જે કામે પોલીસે બંને આરોપીઓને અટક કરી જેલ હવાલે કર્યા હતા. દરમિયાન બંને આરોપીઓએ જેલમાંથી રેગ્યુલર જામીન ઉપર છૂટવા એડવોકેટ સુરેશ ફળદુ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. તેમાં રજુઆત કરેલ કે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ પાસેથી ખરીદ કરેલ જીરૂ ઉંઝા મુકામે વેપારીઓને આપેલ છે તે વેપારીઓએ રૂ. ૧૧ કરોડ ફસાવી દેતા તે મુડી રાજકોટના વેપારીઓને આપી શકાયેલ ન હોવાથી માત્ર વેપારી સાઈકલ બ્રેક થયેલ છે, આરોપીઓએ કોઈ ઉચાપત કરી નથી. આવા પ્રકારના વ્યવહાર અન્વયે જયારે પોલીસ અધિકારીઓ, ઉચ્ચ અધીકારીઓ ભોગ બનનાર ફરીયાદ લઈને જાય છે ત્યારે આ વેપારી વ્યવહાર છે તે સિવિલ તકરાર હોવાથી ગુન્હો દાખલ થતો નથી પરંતુ હાલના સ્પેશ્યલ કિસ્સામાં ગુન્હો દાખલ કરાયો છે, તેમ જણાવી હાઈકોર્ટો તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ સાથે લંબાણ પુર્વકની રજુઆતો કરવામાં આવી હતી.જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટે બંને આરોપીઓને જામીન પર મુકત કરતો હુકમ ફરમાવ્યો છે. આ કામમાં આરોપીઓ વતી જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, આર્યન કોરાટ જયમલ મકવાણા રોકાયા છે.

### ડોનાલ્ડની ડગળી ફરી ''ચસકી'' !!!

# આયાતી સ્ટીલ ઉપર બુધવારથી જ ૫૦% ડ્યુટી ઝીંકતા ટ્રમ્પ


## જાપાનની નિપ્પોન સ્ટીલ દ્વારા યુએસ સ્ટીલમાં રોકાણ કરાર અંગે ટ્રમ્પે આપી માહિતી

**અબતક, રાજકોટ**

ટેરિફ વોર હજુ સુધી અટકી નથી, જેને લઈને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વારંવાર ચર્ચામાં આવે છે. ત્યારે હવે યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈ કાલે જાહેરાત કરી હતી કે તેઓ સ્ટીલની આયાત પરના ટેરિફને બમણા કરીને ૫૦ ટકા કરી રહ્યા છે, જે એક મોટો વધારો છે અને તેનાથી સ્ટીલના ભાવમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. સ્ટીલનો ઉપયોગ હાઉસિંગ, કાર અને અન્ય ઘણા ઉત્પાદનોમાં થાય છે. આ જાહેરાત પિટ્સબર્ગ નજીક પેન્સિલવેનિયાના વેસ્ટ મિફ્લિનમાં યુએસ સ્ટીલના મોન વેલી વર્ક્સ-ઈરવિન પ્લાન્ટ ખાતે કરવામાં આવી હતી, જ્યાં તેઓ જાપાનના નિપ્પોન સ્ટીલ દ્વારા યુએસ સ્ટીલમાં રોકાણ વિશે વાત કરવા આવ્યા હતા.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, ''અમે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં સ્ટીલ પરના ટેરિફને ૨૫ ટકાથી ૫૦ ટકા સુધી લાવવા જઈ રહ્યા છીએ, જે સ્ટીલ ઉદ્યોગને વધુ સુરક્ષિત બનાવશે.'' તેમણે ૨૦૧૬ની ચૂંટણી જીતવામાં મદદ કરનાર રાજ્યના કાર્યકરો સમક્ષ ભાષણ દરમિયાન ઉમેર્યું કે ''કોઈ પણ તેનાથી બચી શકશે નહીં.'' આ ઉચ્ચ ટેરિફ દર ૪ જૂનથી એટલે કે આગામી બુધવારથી લાગુ થશે, તેમ ટ્રમ્પે પાછળથી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું હતું.

નવા ટેરિફની સાથે, ટ્રમ્પે જાપાન સ્થિત નિપ્પોન સ્ટીલ દ્વારા યુએસ સ્ટીલમાં રોકાણ કરવાના કરાર વિશે પણ વાત કરી.




તેમણે જણાવ્યું હતું કે, ''આજે અમે એક બ્લોકબસ્ટર કરારની ઉજવણી કરવા માટે અહીં છીએ જે ખાતરી કરશે કે આ ભવ્ય અમેરિકન કંપની અમેરિકન કંપની જ રહેશે.'' અગાઉ ટ્રમ્પે યુએસ સ્ટીલને વિદેશી કંપનીને વેચવાના પ્રયાસને રોકવાનું વચન આપ્યું હતું, પરંતુ ગયા અઠવાડિયે તેમણે નિપ્પોન સ્ટીલ માટે ''આંશિક માલિકી'' રાખવાનો સોદો જાહેર કર્યો. આ સોદા અંગેની વિગતો હજુ સ્પષ્ટ નથી કે માલિકી કેવી રીતે ગોઠવવામાં આવશે, પરંતુ ટ્રમ્પે કહ્યું કે તેમણે ૪૦ ટકા ટેરિફ પર વિચાર કર્યો હતો, પરંતુ ઉદ્યોગના નેતાઓએ ૫૦ ટકાની માંગ કરી હતી. તેમણે દલીલ કરી હતી કે ૫૦ ટકા ટેરિફથી ''કોઈ તે બોર્ડરને પાર કરી શકતું નથી.'' ૧૨ માર્ચે, ટ્રમ્પે તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો, જેના કારણે કેનેડા તરફથી તાત્કાલિક બદલો લેવાયો હતો અને યુએસ ઓટો ઉદ્યોગ તરફથી ફરિયાદો આવી હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે નિપ્પોન અને યુએસ સ્ટીલના અધિકારીઓ વેચાણની ચર્ચા કરવા માટે તેમને મળતા રહ્યા હતા, અને જ્યાં સુધી દરખાસ્તમાં વધુ સારી શરતોનો સમાવેશ ન થાય ત્યાં સુધી તેઓ તેને નકારી કાઢતા રહ્યા. તેમણે સુધારેલા સોદાને સ્વીકારવાનું એક મુખ્ય કારણ કહેવાતા ''ગોલ્ડન શેર'' નો સમાવેશ હતો, જે યુએસ સરકારને કંપની કેવી રીતે કાર્ય કરે છે તે અંગે અભિપ્રાય આપવાનો અધિકાર આપે છે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે, ''જ્યારે પણ તેઓ આવ્યા, ત્યારે કામદારો માટે સોદો વધુ સારો થતો ગયો.''

સ્ટીલ ટેરિફમાં વધારા અને નિપ્પોન સાથેના અંતિમ સોદા સાથે, ટ્રમ્પે કહ્યું કે યુએસ સ્ટીલના કામદારો પાસે હવે આશાવાદી થવાના કારણો છે. તેમણે ઘણા કામદારોને સ્ટેજ પર આમંત્રિત કર્યા જેમણે અમેરિકન સ્ટીલ ઉદ્યોગના પતન અંગે ચિંતાઓ વ્યક્ત કરી અને ટ્રમ્પના પગલાં માટે તેમનો આભાર માન્યો. આ જાહેરાતને ''જીવનના સૌથી મોટા દિવસોમાંનો એક'' ગણાવીને, ટ્રમ્પે યુએસ સ્ટીલ ઉદ્યોગને પુનર્જીવિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# વોર્ડ નં.૮ કોરોનાનું એપી સેન્ટર: ત્રણ દર્દીઓએ કોવિડને હરાવ્યો

## ખૂદીરામ ટાઉનશીપ, સુરજ પાર્ક, દામજી મેપા શેરી, જય રેસિડેન્સી, તક્ષશીલા સોસાયટી, જીવરાજ પાર્ક, અંબિકા પાર્ક અને વિદ્યાકુંજ સોસાયટીમાં કોરોનાના નવા આઠ કેસ નોંધાયા: કુલ કેસનો આંક ૩૨ થયો

**અબતક, રાજકોટ**

શહેરનો વોર્ડ નં.૮ જાણે કોરોનાનો એપી સેન્ટર બની ગયો હોય તેમ અગાઉ ચાર કેસ નોંધાયા બાદ આજે વધુ પાંચ કેસ અલગ-અલગ વિસ્તારોમાં નોંધાયા છે. કોર્પોરેશનની સત્તાવાર ઘોષણા મુજબ આજે શહેરમાં કોરોનાના નવા આઠ કેસ નોંધાયા છે. જે પૈકી પાંચ કેસ તો માત્ર વોર્ડ નં.૮માં જ મળી આવ્યા છે. બીજી તરફ આજે ત્રણ દર્દીઓ કોરોનાને મ્હાત કરવામાં સફળ રહ્યા છે. શહેરમાં છેલ્લા ૧૩ દિવસમાં કોરોનાના ૩૨ કેસ નોંધાયા છે. જે પૈકી હાલ ૨૮ દર્દીઓ સારવાર હેઠળ છે અને ચાર દર્દીઓ સાજા થઈ ગયા છે.

આજે શહેરના વોર્ડ નં.૩માં ખૂદીરામ ટાઉનશીપમાં ૫૦ વર્ષીય મહિલા, વોર્ડ નં.૮માં સુરજ પાર્કમાં ૨૬ વર્ષીય મહિલા, જય રેસિડેન્સીમાં ૨૭ વર્ષીય પુરૂષ, જીવરાજ પાર્કમાં ૫૧ વર્ષીય પુરૂષ, અંબિકા પાર્કમાં ૭૦ વર્ષીય પુરૂષ અને વિદ્યાકુંજ સોસાયટીમાં ૫૧ વર્ષીય મહિલા કોરોના સંક્રમિત થયા છે. જ્યારે વોર્ડ નં.૨માં તક્ષશીલા સોસાયટીમાં ૭૬ વર્ષીય પુરૂષ અને વોર્ડ નં.૧૭માં દામજી મેપાની શેરીમાં રહેતી ૫૫ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આઠ પૈકી એકપણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. તમામે કોરોના વેક્સિનના એક થી ત્રણ ડોઝ લઈ લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. આજે ત્રણ દર્દીઓના હોમ આઈસોલેશનની અવધિ પૂર્ણ થતાં તેઓ સાજા થઈ ગયા છે. અત્યાર સુધી શહેરમાં કોરોનાના કુલ ૩૨ કેસ નોંધાયા છે. જે પૈકી ચાર દર્દીઓની તબિયત સુધરતા તેઓ કોરોનાને મ્હાત કરવામાં સફળ રહ્યા છે. બાકીના તમામ ૨૮ દર્દીઓની હાલત સ્થિર છે અને ઘરે જ સારવાર લઈ રહ્યા છે.

### ગુજરાત ''રેરા''એ ડેવલોપર્સને નોટિસ ફટકારી

# બહુ થયું...હવે રેરા રજીસ્ટ્રેશન પહેલા બુકિંગ કરનાર બિલ્ડરોનું આવી બનશે !!!

## પ્રોજેક્ટ્સના માર્કેટિંગ માટેના નવા નિયમો જાહેર: ૧૫ જૂનથી કરાશે અમલ

**અબતક, રાજકોટ**

રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતા લાવવા માટે ભારત સરકારે રેરાનો કાયદો બનાવેલો છે. રેરાનો મુખ્ય ઉદ્દેશ્ય ઘર ખરીદનારાઓના હિતોનું રક્ષણ કરવાનો છે. તેમજ ઘર ખરીદનારા સાથે થયેલ છેતરપિંડી સહિતની સમસ્યાઓનું સમાધાન લાવે છે. ત્યારે આ કાયદાનું ઉલ્લંઘન કરનાર બિલ્ડરોને રેરાએ નોટિસ ફટકારી છે. ખાસ કરીને રજીસ્ટ્રેશન પહેલા બુકિંગ કરાવનારા બિલ્ડરો સામે રેરા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીએ રિયલ એસ્ટેટ એક્ટ, ૨૦૧૬ ના કાયદાનું ઉલ્લંઘન કરીને, તેમના પ્રોજેક્ટ્સનું માર્કેટિંગ કરવા અને રેરા નોંધણી પહેલાં બુકિંગ સ્વીકારવા બદલ કેટલાક ડેવલપર્સને નોટિસ ફટકારી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરેરા રાજ્યભરમાં આ પ્રથા સામે એક મોટી ઝુંબેશ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઓથોરિટીએ પ્રોજેક્ટ્સના માર્કેટિંગ માટે નવા નિયમોની પણ જાહેરાત કરી છે, જે ૧૫ જૂનથી અમલમાં આવશે. સુત્રોએ જણાવ્યું હતું કે, ''ઓથોરિટીએ કેટલાક ડેવલપર્સને નોટિસ ફટકારી છે જેમણે રેરામાં નોંધણી કરાવ્યા પહેલા તેમના પ્રોજેક્ટ્સનું માર્કેટિંગ કરવાનું અને બુકિંગ લેવાનું શરૂ કર્યું હતું. ઓથોરિટી ગ્રાહકોની સલામતી સુનિશ્ચિત કરવા માંગે છે. લોકોની ફરિયાદો પર કાર્યવાહી કરવા ઉપરાંત, ઓથોરિટી આ પ્રથા સામે સ્વતઃ પગલાં પણ લે છે.''

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે જણાવ્યું હતું કે, ''બધા ડેવલપરોએ તેમની જાહેરાતો અને બ્રોશરોમાં યુનિક રેરા રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટપણે દર્શાવવો પડશે. રેરા પ્રમાણપત્રમાંથી એક ક્યુઆર કોડ બ્રોશર, બુકિંગ ફોર્મ, પ્રિન્ટ જાહેરાતો વગેરેના ઉપર-જમણા ખૂણામાં મૂકવો ફરજિયાત છે. વિડિઓ જાહેરાતો માટે, ક્યુઆર કોડ બ્લોક ઓછામાં ઓછા ૩ સેકન્ડ માટે સ્પષ્ટ રીતે પ્રદર્શિત થવો જોઈએ, જ્યારે ઑડિઓ જાહેરાતોમાં, રેરા નંબર જાહેર કરવો આવશ્યક છે.''

તેમણે ઉમેર્યું હતું કે, ''તમામ સોશિયલ મીડિયા પોસ્ટમાં રેરા નંબર દર્શાવવાનો રહેશે. પાલન ન કરવા પર રેરા કાયદાની કલમ ૬૩ હેઠળ અંદાજિત બાંધકામ ખર્ચના ૫% સુધીનો દંડ થઈ શકે છે. દંડથી બચવા માટે રિયલ એસ્ટેટ પ્રમોટર્સ, એજન્ટો અને માર્કેટર્સે ૧૫ જૂન પહેલાં તેમની જાહેરાત સામગ્રીને નવા નિયમો મુજબ ગોઠવવી પડશે.'' આ પગલાં ગુજરેરા દ્વારા રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વધુ પારદર્શિતા લાવવા અને ગ્રાહકોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવી રહ્યા છે.

# ગુજરાતની સરહદ પર ''ના-પાક'' ૬૦૦થી વધુ ડ્રોન હુમલાનો ખાત્મો બોલાવતુ બીએસએફ

## બનાસકાંઠા, પાટણ સહિત બાડમેરથી કચ્છના રણના કળણવાળા સુધી થયા ડ્રોન હુમલા: ૮૦૦થી વધુ મહિલા રક્ષકોની કામગીરી સરાહનીય

**અબતક, રાજકોટ**

ઓપરેશન સિંદૂર દરમિયાન આતંકવાદી ઠેકાણાઓને ભારતે ધ્વસ્ત કરી દીધા હતા. અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. જે અંગે બોર્ડર સિક્યુરિટી ફોર્સ ગુજરાત ફ્રન્ટિયરના ઈન્સ્પેક્ટર જનરલ અભિષેક પાઠકે શુક્રવારે જાહેરાત કરી હતી કે ઓપરેશન સિંદૂર દરમિયાન ગુજરાત સરહદ પર પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ૬૦૦ થી વધુ ડ્રોન અને હવાઈ હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. પાઠકે ગાંધીનગરના ચિલોડા ખાતે બીએસએફ મુખ્યાલયમાં પત્રકારોને આ માહિતી આપી હતી.

પાઠકના જણાવ્યા અનુસાર, ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતીય સંરક્ષણ દળોએ સરહદ પાર આતંકવાદી માળખાને નિશાન બનાવીને એક સંકલિત અભિયાન શરૂ કર્યું હતું. આ હુમલાઓ પછી, પાકિસ્તાને હવાઈ હુમલાઓની શ્રેણી શરૂ કરી, જેમાં ડ્રોન અને મિસાઈલો મોકલવાનો સમાવેશ થાય છે. આમાંથી ઘણા હુમલાઓ બનાસકાંઠા, પાટણ અને કચ્છ તરફ નિર્દેશિત હતા. પાઠકે જણાવ્યું હતું કે, ''ગુજરાત સરહદી ક્ષેત્રમાં, ખાસ કરીને બાડમેરથી કચ્છના રણના કળણવાળા વિસ્તારો સુધી, ૬૦૦ થી વધુ ડ્રોન ઘુસણખોરી નોંધાઈ હતી.''

જટિલ ભૂપ્રદેશ હોવા છતાં, કોઈ નાગરિકો કે સુરક્ષા કર્મચારીઓને નુકસાન થયું ન હતું અને બધા હુમલાઓને તટસ્થ કરવામાં આવ્યા હતા અથવા ભગાડવામાં આવ્યા હતા. પાઠકે આ સફળતાનો શ્રેય અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ, ઉચ્ચ તૈયારી અને બીએસએફ, આર્મી, વાયુસેના, નૌકાદળ અને સ્થાનિક વહીવટીતંત્ર વચ્ચેના ઉત્તમ સંકલનને આપ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અગાઉથી ગોઠવણી, સચોટ ગુપ્ત માહિતી અને ઝડપી આંતર-એજન્સી કાર્યવાહીને કારણે બીએસએફને કોઈપણ ડ્રોન અથવા મિસાઈલ હુમલાથી કોઈ નુકસાન થયું નથી.

પાઠકે ગુજરાત સરહદ પર ૮૦૦ થી વધુ મહિલા સરહદ રક્ષકોની તૈનાતીની પણ પ્રશંસા કરી. તેમણે સહાયક કમાન્ડન્ટ અમનદીપ અને નીતિ યાદવના નેતૃત્વ પર પ્રકાશ પાડ્યો, જેમણે ગુજરાત સરહદ પરના સૌથી મુશ્કેલ વિસ્તારોમાં કામગીરીનું નેતૃત્વ કર્યું હતું. તુર્કીમાં બનેલા ડ્રોન વિશે પાઠકે જણાવ્યું હતું કે ડ્રોનનો કાટમાળ તેમના મૂળ શોધવા માટે ફોરેન્સિક તપાસ હેઠળ છે. તેમણે ઉમેર્યું કે કેટલાક ડ્રોન તુર્કી મૂળના હોઈ શકે તેવી અટકળો છે, જોકે અંતિમ પરિણામો હજુ આવવાના બાકી છે.

પાઠકે ગુજરાત સરકારની મુખ્ય સહાયક ભૂમિકાની પણ પ્રશંસા કરી. તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી વિકાસ પર નજીકથી નજર રાખતા હતા, લોજિસ્ટિકલ અને તબીબી તૈયારી સુનિશ્ચિત કરતા હતા અને ફિલ્ડ ફોર્સ સાથે નિયમિત વાતચીત કરતા હતા. તેમણે ઉમેર્યું કે સરહદ પરના સ્થાનિક ગ્રામજનોએ પણ બીએસએફ કામગીરીમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને સુરક્ષા પ્રોટોકોલને સક્રિયપણે ટેકો આપ્યો હતો.

આઈજી પાઠકે લડાકુ વિમાનો દ્વારા કોઈ સીધા હુમલા થયા ન હોવાની પુષ્ટિ કરતી વખતે સ્વીકાર્યું કે આ પ્રદેશમાં મિસાઈલો છોડવામાં આવી હતી અને ડ્રોન આધારિત વિસ્ફોટક હુમલાઓનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે અંતે જણાવ્યું, ''અમારી તૈયારીઓએ સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. અમારી બાજુમાં કોઈ નાગરિક જાનહાનિ કે માળખાગત સુવિધાઓને નુકસાન થયું નથી.''

# વિસાવદર-કડી વિધાનસભા બેઠક માટે ભાજપ કોંગ્રેસ કાલે ઉમેદવાર જાહેર કરે તેવી શકયતા

## સોમવારે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી વિધાનસભા બેઠક માટે આગામી ૧૯મી જુનના રોજ યોજનારા પેટા ચુંટણીના મતદાન માટે આગામી સોમવારે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. આમ આદમી પાર્ટી સિવાય કોઈ માન્ય રાજકિય પક્ષો દ્વારા ઉમેદવારોના નામની ધોષણા કરવામાં આવી નથી. આવતીકાલે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામની ધોષણા કરવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.

વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણીના પરિણામોથી રાજયમાં સત્તાના સમીકરણો પર કોઈ જ ફેર પડવાનો નથી. પરંતુ ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવે છે. 'આપ' દ્વારા વિસાવદર બેઠક માટે ગોપાલભાઈ ઈટાલીયા અને કડી વિધાનસભા બેઠક માટે જગદીશભાઈ ચાવડાને ઉમેદવાર જાહેર કરી દીધા છે. દરમિયાન ભાજપ અને કોંગ્રેસ એકબીજાના ઉમેદવારો જાહેર થવાની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આજે મોડીરાતે અથવા આવતીકાલે ભાજપ અને કોંગેસ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે. ઉમેદવારલ ફોર્મ ભરવાના અંતિમ દિવસે બન્ને પક્ષોના ઉમેદવારો નામાંકન દાખલ કરશે આવતા સપ્તાહથી ચુંટણીનો ગરમાવો જામશે.

રાજયની ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી માટેનું જાહેરનામું તા.૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવતા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થયેલ છે. વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં તા.૩૦ ના રોજ એક પણ ઉમેદવાર દ્વારા ઉમેદવારીપત્ર રજૂ કરવામાં આવ્યા નથી.

ઉકત બે વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીના સંદર્ભમાં ગુરૂવાર કે શુક્રવાર કોઈ પણ ઉમેદવારી પત્ર રજૂ થયેલ નથી તથા અત્યાર સુધી કુલ ૦૨ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રો રજૂ કરવામાં આવ્યા છે.ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં ઉમેદવારો દ્વારા પોતાના ઉમેદવારીપત્રો સાથે સોગંદનામું (એફિડેવિટ- ફોર્મ-૨૬) પણ રજૂ કરવાનું રહે છે.

ઉમેદવારીપત્રો સોમવારે બપોરે ૦૩.૦૦ કલાક સુધી રજુ કરી શકાશે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલભાઈ ઈટાલીયા આજે ફોર્મ ભરશે આ તકે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ઉપરાંત પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ઉપસ્થિત રહેશે.

# મુસાફરોની સુવિધા અને સંચાલનના કારણે ૧૧ ટ્રેનના સમયમાં આંશિક ફેરફાર

**અબતક, રાજકોટ**

મુસાફરો ની સુવિધા અને સંચાલનના કારણોસર રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોની ગતિમાં વધારો અને સમય સુધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

જેમાં મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરન્તો એક્સપ્રેસનો રાજકોટ સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૩૦.૫.૨૦૨૫ થી આગામી સૂચના સુધી બદલવામાં આવ્યો છે. રાજકોટ સ્ટેશન પર ૯.૦૫ ને બદલે ૮.૩૫ વાગ્યે પહોંચશે.

મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલનો રાજકોટ સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૩૦.૫.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૯.૨૬ ને બદલે ૯.૧૦ વાગ્યે પહોંચશે.

મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસનો રાજકોટ સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૧.૬.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૮.૪૫ ને બદલે ૦૮.૫૬ વાગ્યે પહોંચશે.

દિલ્હી સરાઈ રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસનો રાજકોટ સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૩૦.૫.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૮.૩૫ ને બદલે ૦૭.૫૫ વાગ્યે પહોંચશે.

દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ એક્સપ્રેસનો તા ૧.૬.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૮.૦૨ ને બદલે ૦૭.૩૨ વાગ્યે પહોંચશે.

ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ તા.૩.૬.૨૦૨૫ થી જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.

ઓખા-શાલીમાર એક્સપ્રેસ તા. ૧.૬.૨૦૨૫ થી આ ટ્રેન જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.

પોરબંદર-શાલીમાર એક્સપ્રેસનો તા. ૪.૬.૨૦૨૫ થી આ ટ્રેન જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.

ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ તા. ૩૦. ૫.૨૦૨૫ થી આ ટ્રેન હાપા સ્ટેશન પર ૧૩.૨૭ ને બદલે ૧૩.૧૬ વાગ્યે પહોંચશે.

ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલનો ખંભાળિયા સહિત કેટલાક સ્ટેશનો પર આગમન તા. ૩૦.૫.૨૦૨૫ થી ખંભાળિયા સ્ટેશન પર ૧૨.૫૪ ને બદલે ૧૨.૫૩ વાગ્યે પહોંચશે.

ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. ૫.૬.૨૦૨૫ થી બદલીને આગામી સૂચના સુધી કરવામાં આવ્યો છે. આ ટ્રેન દ્વારકા સ્ટેશન પર ૧૪.૩૫ ને બદલે ૧૪.૫૬ વાગ્યે પહોંચશે.

ટ્રેનોના સ્ટોપેજ, આગમન/પ્રસ્થાન સમય સહિત અન્ય અપડેટ માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

# રાજયમાં તમાકુ નિયંત્રણ ભંગની બે વર્ષમાં ૬૪૫૭૫ ફરિયાદ: રૂ.૧ કરોડનો દંડ

## તમાકુના વ્યસનથી થતા નુકશાન અંગે ૧૫ લાખથી વધુ લોકોને જાગૃત્ત કરાયા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં તમાકુ નિયંત્રણના ભંગ બદલ છેલ્લા બે વર્ષમાં ૬૪,૫૭૫ ફરીયાદ નોંધાય છે અને રૂ.૯૯.૮૬ લાખનો દંડ વસુલાયો છે.

તમાકુનું વ્યસન એ સદીની સૌથી મોટી મહામારી કોરોના કરતા પણ વધુ ખતરનાક છે. ભારતમાં રોજના હજારો લોકો તમાકુના વ્યસનથી થતી કેન્સર સહિતની બીમારીઓના કારણે મોતને ભેટે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં ૩૦ ટકા કેન્સર માત્ર તમાકુના સેવનથી થાય છે.

ગુજરાતમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ અન્વયે તમાકુ નિયંત્રણના ભંગ બદલ વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કેસો અને વસુલાત કરેલ દંડની વાત કરીયે તો છેલ્લા બે વર્ષમાં તમાકુ નિયંત્રણ ભંગ બદલ ૬૪,૫૭૫ ફરીયાદ નોંધી રૂ.૯૯,૮૬,૨૯૫નો દંડ વસુલાયો છે. બાળક યુવાન થઈને કોઈપણ પ્રકારનું વ્યસનનું સેવન ન કરે તે માટે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાઓની ૧૪,૧૭૯ શાળાઓના ૧૫,૨૩,૦૧૮ બાળકોને તમાકુ કે તેના જેવા અન્ય વ્યસનથી દુર રહી બીજા મિત્રોને પણ તે પ્રકારનું વ્યસન કરતાં અટકાવા માટે જાગૃત કરવામાં આવ્યા છે. તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ ભારત સરકાર દ્વારા સીગરેટ અને અન્ય તમાકુની બનાવટોની જાહેરાત, વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, સપ્લાય અને વહેંચણી ઉપર પ્રતિબંધ-૨૦૦૩ કાયદો દ્વારા લાગુ કરાયો છે.

તમાકુની આ મહામારીને નિયંત્રિત કરવા અને ભાવી આવનારી પેઢીને આરોગ્ય, સામાજિક અને આર્થિક સંબંધિત સંકટથી બચાવવા ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

વર્ષ ૨૦૧૧માં રાજ્ય તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારને સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રમાં તમાકુ નિયંત્રણ પ્રવૃત્તિઓના શ્રેષ્ઠ અમલીકરણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૫ની થીમ તરીકે ''અપીલને ઉજાગર કરવી: તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની યુકિતઓનો પર્દાફાશ કરવો'' રાખવામાં આવી છે. આ થીમનો ઉદ્દેશ્ય તમાકુ અને નિકોટિન ઉદ્યોગો દ્વારા તેમના હાનિકારક ઉત્પાદનોને આકર્ષક બનાવવાના વિવિધ ઉપાયો અને વ્યૂહોને જાહેર કરવો છે. તેમના ઉત્પાદનોને આકર્ષક બનાવવા માટે, આ ઉદ્યોગો વિવિધ વ્યૂહો અપનાવે છે, જેમ કે: ફ્લેવરિંગ્સ અને આકર્ષક પેકેજિંગનો ઉપયોગ કરીને યુવાનોને લલચાવવું, ઈલેક્ટ્રોનિક સિગારેટ અને હીટેડ તમાકુ ઉત્પાદનોને ''સલામત વિકલ્પો'' તરીકે રજૂ કરવું, ડિજિટલ પ્લેટફોર્મ્સ પર પ્રચાર અને પ્રોત્સાહન દ્વારા યુવાનોને નિશાન બનાવે છે.

૩૧મી મેના દિવસને 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીની શરૂઆત વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ૧૯૮૭માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ તમાકુના ઉપયોગથી થતા સ્વાસ્થ્ય જોખમો જેવા કે કેન્સર, હૃદયરોગ અને શ્વસન સમસ્યાઓ વિશે લોકોને જાગૃત કરવાનો છે.

## નસીબનું બળિયું મુંબઈ

# હાઈસ્કોરિંગ મેચમાં ''ભંગાર'' ફિલ્ડિંગે ગુજરાત ટાઈટન્સની નાવડી ડુબાડી!!!

### કુશલ મેન્ડિસે કેચ છોડ્યા, હિટ વિકેટ આઉટ થયો: મુંબઈની ટીમ કાલે અમદાવાદમાં પંજાબ કિંગ્સ સામે ક્વોલિફાયર-૨ રમશે



**અબતક, નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ના એલિમિનેટર મેચમાં ગુજરાત ટાઈટન્સને ૨૦ રનથી હારનો સામનો કરવો પડ્યો. આ હાર સાથે ટીમ ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ. એલિમિનેટરમાં ગુજરાતની હારનો મોટો વિલન કુશલ મેન્ડિસ અને ફાસ્ટ બોલર ગેરાલ્ડ કોટઝી રહ્યો હતો. મુંબઈના બેટ્સમેનોએ ગેરાલ્ડ કોટઝીની ઓવરમાં સૌથી વધુ રન બનાવ્યાં. પરિસ્થિતિ એવી બની કે કેપ્ટન શુભમન ગિલે તેને ફક્ત ૩ ઓવર બોલિંગ કરાવી, જેમાં તેણે ૫૧ રન આપ્યા અને એક પણ વિકેટ લઈ શક્યો નહીં. હાઈસ્કોરિંગ મેચમાં ''ભંગાર'' ફિલ્ડિંગે ગુજરાત ટાઈટન્સની નાવ ડુબાડી દીધી. જ્યારે બીજીબાજુ નસીબનું બળિયું મુંબઈ કેમ કે ત્રણ તો કેચ છૂટ્યા હતા જેને લીધે મુંબઈ રનનો ખડકલો કરવા માટે સફળ થઈ. કુશલ મેન્ડિસે ગુજરાત માટે IPL ડેબ્યૂ કર્યું, જે બહુ ખાસ નહોતું. તેને જોસ બટલરની જગ્યાએ ગુજરાતની ટીમમાં સ્થાન મળ્યું હતું. શ્રીલંકાના વિકેટકીપર-બેટરનું મુંબઈ ઈન્ડિયન્સ સામે પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું. એલિમિનેટર મેચમાં ગુજરાત માટે ડેબ્યૂ કરી રહેલા મેન્ડિસે વિકેટકીપિંગમાં બે મહત્વપૂર્ણ કેચ છોડી દેતા ટીમ મુશ્કેલીમાં મૂકાઈ હતી. પહેલો કેચ રોહિત શર્મા અને બીજો સૂર્યકુમાર યાદવનો હતો. રોહિતે આ તકનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને ૮૧ રન બનાવ્યા, જેના કારણે મુંબઈએ મોટો સ્કોર બનાવ્યો. બીજી તરફ, કુશલ મેન્ડિસ બેટિંગમાં કંઈ ખાસ કરી શક્યો નહીં, ખૂબ જ મહત્વપૂર્ણ સમયે તે હિટ વિકેટ આઉટ થયો હતો. એટલે કે તે મિચેલ સેન્ટરની ઓવરમાં શોર્ટ રમવા જતાં બેકફૂટ પર ગયો ત્યારે તેનો પગ સ્ટમ્પને અડી ગયો હતો. કુશલ ૧૦ બોલમાં ૨૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. મુંબઈ તરફથી રોહિત શર્માએ ૫૦ બોલમાં ૮૧ રનની શાનદાર ઈનિંગ રમી, જેના કારણે પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન ટીમ મુંબઈને ૨૨૮/૫ રન બનાવ્યા હતા. સૂર્યકુમાર યાદવે ૩૩ અને જોની બેયરસ્ટોએ ૪૭ રનની શાનદાર ઈનિંગ રમી. ગુજરાત તરફથી પ્રસિદ્ધ કૃષ્ણ અને આર. સાઈ કિશોરે બે-બે વિકેટ લીધી. ગુજરાત ટાઈટન્સે પણ સારી લડત આપી. સાઈ સુદર્શને ૪૯ બોલમાં ૮૦ રન (૧૦ ચોગ્ગા, ૧ છગ્ગા) અને વોશિંગ્ટન સુંદરે ૨૪ બોલમાં ૪૮ રન બનાવ્યા હતા. એક સમયે ગુજરાત ટાઈટન્સ મેચમાં ભારે પડી રહ્યું હતું પરંતુ ધીમે ધીમે વિકેટ ગુમાવતા અને રનરેટ જાળવવાનો પ્રેશર વધતાં છેલ્લે ગુજરાતની ટીમે મુંબઈ ઈન્ડિયન્સના મોટા સ્કોર સામે શરણાગતિ સ્વીકારી હતી. હવે હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈની ટીમ પહેલી જૂને અમદાવાદમાં પંજાબ કિંગ્સ સામે ક્વોલિફાયર-૨ રમશે.


### મુંબઈના હાઈરાઈઝ્ડ ભાવની જેમ બુમરાહ પણ ચડિયાતો રહ્યો



મેચ પછી હાર્દિકે કહ્યું, બીજી ઈનિંગમાં વિકેટ સારી થઈ ગઈ છે.ગુજરાતના બેટરો લયમાં આવી ગયા અને અમને સમજાયું કે આપણે આપણા ખેલાડીઓને ટેકો આપવો જોઈએ. જે રીતે જોનીએ બેટિંગ કરી અને શરૂઆત કરી... જે રીતે તે અંદર આવ્યો અને રમ્યો. રોહિતે જે રીતે બેટિંગ કરી. તેણે પોતાનો સમય લીધો અને એકવાર તે લયમાં આવી ગયો, તે સુંદર હતું. ગ્લીસને જે રીતે બોલિંગ કરી. જસ્સી તો જસ્સી છે. બધાએ સારું પ્રદર્શન કર્યું અને અમે અમારી ધીરજ જાળવી રાખી. જ્યારે પણ એવું લાગે કે મેચ સરકી રહી છે, ત્યારે બુમરાહને બોલ આપો. તેના જેવો બોલર હોવો એ એક લક્ઝરી છે, જેમ કે મુંબઈમાં ઘર ખરીદવું એટલું જ મોંઘુ છે. હું સ્કોરબોર્ડ જોઈ રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે જો આપણે થોડા રન બચાવી શકીએ, તો આપણી પાસે તેમને રોકવા માટે બોલરો છે. ૧૮મી ઓવર ખૂબ જ મહત્વપૂર્ણ હતી અને બુમરાહે તે જ કર્યું. પંડ્યાએ આગળ કહ્યું, ''હું ફક્ત સ્કોરબોર્ડ જોઈ રહ્યો હતો અને મેં વિચાર્યું કે જો આપણે અંતમાં વધારાના રન બનાવી શકીએ, તો મારે બોલરોને બોલિંગ કરાવવી જોઈએ. જસ્સીની ૧૮મી ઓવર નિર્ણાયક સાબિત થઈ.

# રાજ્યના ૧૩ હજારથી વધુ સફળ વિદ્યાર્થી પરિણામ સુધારવા પૂરક પરીક્ષા આપશે

### શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષા માટે રાજ્યના ૧.૯૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા - ધોરણ-૧૨ સાયન્સના ૧૦ હજારથી વધુ પાસ વિદ્યાર્થી અને ધોરણ-૧૦માં પણ ૨ હજારથી વધુ પાસ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે



**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૩ જૂનથી ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા લેવાશે. પૂરક પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૧.૯૭ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાંથી ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા હોવા છતાં પરિણામ સુધારવા માટે ફરી પરીક્ષા આપશે. પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ધોરણ-૧૨ સાયન્સમાં ૧૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે.

જ્યારે નાપાસ થયેલા ૧.૮૪ લાખ વિદ્યાર્થીઓ પોતાનું વર્ષ બચાવવા માટે પૂરક પરીક્ષા આપશે. આ વખતે પ્રથમ વખત ધોરણ-૧૦ અને ૧૨માં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ હતી.

આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ સુધારવા પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેવી પણ જોગવાઈ હતી. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ગમે તેટલા વિષયમાં નાપાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકે તેવો નિર્ણય કરાયો હતો.

આ સાથે બોર્ડની પરીક્ષા પણ બેસ્ટ ઓફ ટુ થીમ પર યોજવાનું નક્કી કર્યું હતું. જેમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા પૂરક પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. દરમિયાન, તાજેતરમાં શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરાયા બાદ પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પૂરક પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે.

જેમાં ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા ૨૩ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈના રોજ પૂર્ણ થશે. આ વખતે પૂરક પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૧૯૭૪૧૩ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. જેમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૮૪૧૯૮ જેટલા નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું અમૂલ્ય વર્ષ બચાવવા માટે પૂરક પરીક્ષા આપશે.

આ ઉપરાંત ૧૩૨૧૫ જેટલા પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પોતાનું પરિણામ સુધારવા માટે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થશે. ધોરણ-૧૨ સાયન્સના સૌથી વધુ પાસ થયેલા ૧૦૮૮૪ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

જ્યારે ૧૯૨૪૩ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ સાથે સાયન્સના કુલ ૩૦૧૨૭ વિદ્યાર્થી પૂરક પરીક્ષા માટે નોંધાયા છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭૧ પાસ થયેલા વિદ્યાર્થીઓ અને ૪૧૦૮૨ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ સાથે કુલ ૪૧૨૫૩ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે. જ્યારે ધોરણ-૧૦ની વાત કરીએ તો, ધોરણ-૧૦ના કુલ ૧૨૬૦૩૩ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે નોંધાયા છે. જેમાંથી ૨૧૬૦ પાસ થયેલા વિદ્યાર્થીઓ છે અને ૧૨૩૮૭૩ નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આમ, આ વખતે પૂરક પરીક્ષા માટે નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ પૈકી અંદાજે ૭ ટકા જેટલા પાસ થયેલા વિદ્યાર્થીઓ નોંધાયા છે.

## પ્રકૃતિની અમૃત ધારા કહો કે શ્વેત સોનું

# કાલે વિશ્વ દૂધ દિવસ:દૂધ વગર અધૂરો આહાર, જીવનનો મુખ્ય આધાર

### દૂધ તેના અદભુત પોષક ગુણધર્મો અને સ્વાસ્થ્ય લાભોને કારણે અમૃત સમાન, શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક



**અબતક, રાજકોટ**

દૂધને ભારતીય સંસ્કૃતિમાં, અને ખાસ કરીને આયુર્વેદમાં, 'અમૃત સમાન' ગણવામાં આવ્યું છે.દૂધ એ લગભગ સંપૂર્ણ આહાર છે, જેમાં શરીર માટે જરૂરી મોટાભાગના પોષક તત્ત્વો હોય છે. વિશ્વ દૂધ દિવસ એ સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન દ્વારા દૂધના વૈશ્વિક ખોરાક તરીકેના મહત્વને માન્યતા આપવા માટે સ્થાપિત એક આંતરરાષ્ટ્રીય દિવસ છે. આ દિવસ દર વર્ષે ૧ જૂન ના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય આશય ડેરી ક્ષેત્ર સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને દૂધના સ્વાસ્થ્ય લાભો વિશે જાગૃતિ લાવવાનો છે.વિશ્વ દૂધ દિવસની ઉજવણી સૌપ્રથમ ૨૦૦૧માં કરવામાં આવી હતી. તેમાં ઉચ્ચ ગુણવત્તાવાળું પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન ડી, વિટામિન બી૧૨, રાઈબોફ્લેવિન (બી૨), ફોસ્ફરસ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છેદૂધ કેલ્શિયમનો ઉત્તમ સ્રોત છે, જે હાડકાં અને

(અનુ. આઠમા પાને)

### દૂધની દુનિયા: દરેક પ્રાણીના દૂધમાં છુપાયેલી આરોગ્યની ગુણકારી વાતો

**ગાયનું દૂધ**

વિશ્વમાં સૌથી વધુ વપરાતું અને ઉપલબ્ધ દૂધ છે જેમાં પ્રોટીન ૩.૨-૩.૩% (કેસીન અને છાસ પ્રોટીનનું મિશ્રણ) પ્રોટીન સ્નાયુ નિર્માણ અને રિપેર માટે મદદરૂપ બને છે આ ઉપરાંત તેમાં ૩.૫-૪.૫% ફેટ હોય છે જે. ઉર્જાનો પૂરી પાડે છે અને કેલ્શિયમ શોષણમાં મદદ કરે છે. વિટામિન બી૧૨, ડી સાથે સામાન્ય રીતે સારી રીતે પચી જાય છે. તેનો સ્વાદ હળવો અને સહેજ મીઠો હોય છે અનેવ્યાપકપણે ઉપલબ્ધ અને આર્થિક રીતે સસ્તું પડે છે આ ઉપરાંત પીવા માટે, ચા, કોફી, દહીં, છાસ, પનીર, ચીઝ, માવો, ઘી, દૂધપાક, ખીર જેવી અસંખ્ય વાનગીઓ અને ડેરી ઉત્પાદનો બનાવવામાં ઉપયોગી સાબિત થાય છે

**ભેંસનું દૂધ**

ભેંસનું દૂધ ખાસ કરીને ભારત, પાકિસ્તાન અને એશિયાના કેટલાક ભાગોમાં લોકપ્રિય છે ૬-૭% ગાયના દૂધ કરતાં વધારે ચરબી હોય છે તે વધુ ક્રીમી અને ગાઢું હોય છે.પ્રોટીનની માત્રા પણ ગાયના દૂધ કરતાં વધારે હોય છે હાડકાંના સ્વાસ્થ્ય માટે ઉત્તમ તેમજ વિટામિન એ બીટા-કેરોટિનને વિટામીનમાં રૂપાંતરિત કરવાની ક્ષમતાને કારણે જે હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. વધુ ચરબીને કારણે ગાયના દૂધ કરતાં પચવામાં સહેજ ભારે સાબિત થાય છે એન્ટીઑકિસડન્ટ ક્ષમતા ધરાવે છે. મુખ્યત્વે માવો, પનીર, ઘી, મિઠાઈઓ દહીં અને આઈસ્ક્રીમ બનાવવા માટે પસંદ કરવામાં આવે છે કારણ કે તે વધુ ઉપજ અને સમૃદ્ધ સ્વાદ આપે છે.

**બકરીનું દૂધ**

વિશ્વના ઘણા ભાગોમાં ગાયના દૂધના વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાય છે, ખાસ કરીને લેક્ટોઝ સંવેદનશીલતા ધરાવતા લોકો માટે ઉપયોગી છે તેમજ ચરબી ૩.૫-૪.૦%. ગ્લોબ્યુલ્સ પ્રોટીન: ૩.૧-૩.૮%. હોય છે સહેજ ઓછું કેલ્શિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, મેગ્નેશિયમ, ઝીંક, સેલેનિયમ બીટવેલ નાના ચરબીના કણો અને અલગ પ્રોટીન રચનાને કારણે વધુ સુપાચ્ય માનવામાં આવે છે. પેટમાં નરમ દહીં બનાવે છે. આલ્કલાઈન પ્રકૃતિ ધરાવે છે. એન્ટિ-બેક્ટેરિયલ, એન્ટિ-ઈન્ફ્લેમેટરી અને ઈમ્યુનોમોડ્યુલેટરી ગુણધર્મો ધરાવતું માનવામાં આવે છે. પીવા માટે, ચીઝ (જેમ કે ફેટા, શેવ્રે), દહીં અને સાબુ તેમજ કોસ્મેટિક્સ ઉત્પાદનોમાં પણ ઉપયોગ થાય છે.

**ઊંટડીનું દૂધ**

રણપ્રદેશોમાં પરંપરાગત ખોરાક અને ઔષધીય ઉપયોગ માટે જાણીતું છે. લેક્ટોઝ ઈનટોલરન્સ ધરાવતા લોકો માટે અનુકૂળ તેમજ વિટામિન સી ગાયના દૂધ કરતાં ૩-૫ ગણું વધુ આયર્ન, ઝીંક, પોટેશિયમ, મેગ્નેશિયમ. લેક્ટોફેરિન, ઈમ્યુનોગ્લોબ્યુલિન (એન્ટિબોડીઝ), ઈન્સ્યુલિન જેવું પ્રોટીન હોય છે એલર્જી ધરાવતા બાળકો માટે સારો વિકલ્પ માનવામાં આવે છે. લેક્ટોફેરિન અને ઈમ્યુનોગ્લોબ્યુલિનને કારણે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ ડાયાબિટીસ, ઓટીઝમ, સ્વયંપ્રતિરક્ષા રોગો અને પાચન સંબંધી સમસ્યાઓમાં ફાયદાકારક છે કુદરતી એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો પીવા માટે, પરંપરાગત ઔષધીય હેતુઓ માટે, અને હવે ચોકલેટ, આઈસ્ક્રીમ અને પાવડર સ્વરૂપે પણ ઉપલબ્ધ.

**ઘોડીનું દૂધ**

માનવ દૂધ (સ્તન દૂધ) સાથે સૌથી વધુ સમાનતા ધરાવતું દૂધ, ખાસ કરીને ઉચ્ચ માત્રામાં લાઈસોઝાઈમ, લેક્ટોફેરિન જેવા રોગપ્રતિકારક શક્તિ વધારતા ઘટકો. ઓછી ચરબી અને નાના પ્રોટીન કણોને કારણે બાળકો અને સંવેદનશીલ પાચનતંત્ર ધરાવતા લોકો માટે ખૂબ સુપાચ્ય. ગાયના દૂધની એલર્જી ધરાવતા શિશુઓ માટે વિકલ્પ તરીકે ઉપયોગ થાય છે. ત્વચાના રોગો (જેમ કે એક્ઝિમા), શ્વસન સંબંધી સમસ્યાઓ (જેમ કે અસ્થમા), અને પાચનતંત્રના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોવાના દાવા. સીધું પીવા માટે, ''કુમિસ'' (આથોવાળું ઘોડીનું દૂધ) બનાવવા માટે, અને કોસ્મેટિક્સ ઉદ્યોગમાં ત્વચા માટે ફાયદાકારક છે

**ઘેટાનું દૂધ**

ખાસ કરીને ચીઝ ઉત્પાદન માટે જાણીતું, જેમ કે રોકફોર્ટ, ફેતા, પેકોરિનો રોમાનો ચરબી: ૬-૮% (ગાય અને ભેંસના દૂધ કરતાં પણ વધુ).કેલ્શિયમ, ફોસ્ફરસ અને ઝીંક: ગાયના દૂધ કરતાં નોંધપાત્ર રીતે વધુ વિટામિન અન્ય દૂધ કરતાં વધુ પોષક તત્વો અને કેલરી ધરાવે છે.નાના ચરબીના કણો અને લેક્ટોઝનું પ્રમાણ સહેજ ઓછું હોવાથી કેટલાક લોકો માટે વધુ સુપાચ્ય. ઉચ્ચ ચરબીને કારણે ખૂબ ક્રીમી અને સમૃદ્ધ સ્વાદ ધરાવે છે. મુખ્યત્વે ચીઝ અને દહીં બનાવવા માટે, પરંતુ પીવા માટે પણ ઉપયોગ થાય છે.

**યાકનું દૂધ**


હિમાલય પ્રદેશ અને મધ્ય એશિયાના ઊંચા વિસ્તારોમાં જોવા મળે છે. ચરબી: ૫.૫-૭.૫% પ્રોટીન: ૫.૯% ઓમેગા-૩ ફેટી એસિડ્સ હોય છે તેમજ મગજ અને હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે વિટામિન એ,ડી,ઈ ઉચ્ચ ચરબી અને પ્રોટીનને કારણે ઠંડા વાતાવરણમાં ઉર્જાનો ઉત્તમ સ્રોત. રોગપ્રતિકારક શકિતને મજબૂત કરવામાં મદદ કરી શકે છેએન્ટિ-ઓકિસડન્ટ ગુણધર્મો ધરાવે છે.પરંપરાગત રીતે પીવા માટે, માખણ, ચીઝ (જેમ કે છુરપી), અને દહીં બનાવવા માટે ઉપયોગ થાય છે

**ગધેડીનું દૂધ**

ગધેડી નું દૂધ પ્રાચીન કાળથી ઔષધીય અને કોસ્મેટિક ગુણધર્મો માટે જાણીતુ છે પ્રોટીન: ૧.૫-૨.૦%ચરબી: ૧-૧.૫% લેક્ટોઝ: ૬.૨-૭.૪% (માનવ દૂધ જેવું)વિટામિન સી: ગાયના દૂધ કરતાં વધુ લાઈસોઝાઈમ (એન્ટિ-બેક્ટેરિયલ એન્ઝાઈમ), લેક્ટોફેરિન,

(અનુ. આઠમા પાને)

# દુર્લભ આર્કટિક પક્ષી 'સબાઈનનો ગુલ' નળ સરોવરનું બન્યું મહેમાન



**અબતક રાજકોટ**

વિશ્વમાં દુર્લભ એવું આર્કટિક પક્ષી 'સબાઈનનો ગુલ' ગુજરાતના નળ સરોવરનું મહેમાન બન્યું છે. ગઈકાલે સવારે આશરે ૯.૦૦ કલાકે નળ સરોવર વન્યજીવ અભયારણ્ય- રામસર સાઈટ ખાતે વન વિભાગના કર્મચારીઓને દુર્લભ પક્ષી ''સબાઈનનો ગુલ''જોવા મળ્યું હતું, જે પક્ષીપ્રેમીઓ અને પક્ષીવૈજ્ઞાનિકો માટે એક રોમાંચક, ગૌરવમય અને આનંદદાયક ક્ષણ હતી.

આ પક્ષી આર્દ્રભૂમિ (વેટલેન્ડ)માં ખુલ્લા પાણીમાં જોવા મળ્યું કે જેને અભયારણ્યના કર્મચારીઓ તેમજ મુલાકાતી પક્ષીપ્રેમીઓએ આનંદપૂર્વક નિહાળ્યું હતું.

### પક્ષી અવલોકન ડેટાબેસ ઈ-બર્ડ અનુસાર આ અદ્ભૂત નજારો ભારતમાં છેલ્લે વર્ષ ૨૦૧૩માં કેરળમાં જોવા મળ્યો હતો

ડો.સક્કિરા બેગમે વધુ માહિતી આપતાં કહ્યું હતું કે, આ દ્રશ્ય ખૂબ જ અદ્ભુત હતું, કારણ કે 'સબાઈનનો ગુલ'નું ભારતીય ઉપમહાદ્વીપ પર ભ્રમણ કરવું એ ખૂબ દુર્લભ છે. જાહેર પક્ષી અવલોકન ડેટાબેસ ઈ-બર્ડ અનુસાર, આવો નઝારો જવલ્લે જ જોવા મળે છે. આ અદ્ભુત નજારો ભારતમાં છેલ્લે વર્ષ ૨૦૧૩માં કેરળમાં જોવા મળ્યો હતો. નળ સરોવર ખાતે જોવા મળેલા આ દુર્લભ પક્ષીની તસવીર ગાઈડ શ્રી ગનિ સમાએ પોતાના કેમેરામાં ક્લિક કરી હતી.

'સબાઈનનો ગુલ' એક નાનું, સુંદર ગુલ (પક્ષી) છે કે જે તેના આકર્ષક દેખાવના કારણે જાણીતું છે. સંવર્ધન અવસ્થામાં તેની ઓળખ તીક્ષ્ણ કાળા હુડ, ચોખ્ખા રાખોડી આવરણ અને સફેદ નેપ (ડોક)થી થાય છે. તેની સૌથી વિશિષ્ટ ઓળખ તેની ત્રિ-રંગી પાંખો છે કે જે કાળી, સફેદ અને રાખોડી રંગની હોય છે. આ તે બે ગુલમાંનું એક છે કે જેની ચાંચ કાળી, નોક પીળી તેમજ પૂંછ દાંતાવાળી હોય છે.

'સબાઈનનો ગુલ' મુખ્યત્વે ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ અને સાયબેરિયાના ઊંચા અક્ષાંશવાળા આર્કટિક વિસ્તારોમાં પ્રજનન કરે છે કે જ્યાં તે ટુંડ્રાની ભીની જમીન (આર્દ્રભૂમિ) નજીક માળો બનાવી વસવાટ કરે છે. તે મુખ્યત્વે

(અનુ. આઠમા પાને)

# ધુમ્રપાન નહીં સ્વસ્થ જીવન પસંદ કરો: આજે તમાકુ નિષેધ દિવસ

## તમાકુનો ઉપયોગ એ માત્ર વ્યક્તિગત પસંદગી નહીં પરંતુ એક વ્યાપક જાહેર આરોગ્ય સમસ્યા, તમાકુ છોડવાનો નિર્ણય એ એક નવું જીવન શરૂ કરવાનો નિર્ણય

**અબતક રાજકોટ**

આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસ છે. આ દિવસ વિશ્વભરમાં તમાકુના ઉપયોગથી થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમો વિશે જાગૃતિ લાવવા અને તેનાથી થતા રોગો તથા મૃત્યુદર ઘટાડવાના હેતુથી ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને તેના સહયોગીઓ દ્વારા દર વર્ષે આ દિવસે તમાકુ નિયંત્રણ માટે અસરકારક નીતિઓ અપનાવવા અને અમલમાં મૂકવા માટે હાકલ કરવામાં આવે છે. આ આંતરરાષ્ટ્રીય પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય તમાકુના વપરાશને સંપૂર્ણપણે નાબૂદ કરી એક સ્વસ્થ અને સુરક્ષિત વિશ્વનું નિર્માણ કરવાનો છે.




તસ્વીરઃ જય વ્યાસ

તમાકુનો ઉપયોગ એ માત્ર વ્યક્તિગત પસંદગી નથી, પરંતુ તે એક વ્યાપક જાહેર આરોગ્ય સમસ્યા છે જેના ગંભીર સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિણામો પણ જોવા મળે છે. તમાકુ સંબંધિત રોગોની સારવારમાં કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે, જે વ્યક્તિગત પરિવારોને આર્થિક રીતે ભાંગી નાખે છે અને રાષ્ટ્રના આરોગ્ય બજેટ પર મોટો બોજ ઊભો કરે છે. આ ઉપરાંત, વ્યસની વ્યકિતની કાર્યક્ષમતા ઘટે છે, ઉત્પાદકતા પર નકારાત્મક અસર થાય છે અને પરિવાર તેમજ સમાજમાં તણાવ અને સામાજિક સમસ્યાઓ વધે છે. તમાકુની ખેતી અને તેના ઉત્પાદનની પ્રક્રિયા પણ પર્યાવરણને મોટા પાયે નુકસાન પહોંચાડે છે, જેમાં જંગલોનો વિનાશ, જળ પ્રદૂષણ, માટીનું પ્રદૂષણ અને જૈવવિવિધતાનો ઘટાડો સામેલ છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ગુજરાતમાં તમાકુના વ્યસનનું પ્રમાણ ચિંતાજનક છે. તાજેતરના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે મુજબ, ગુજરાતમાં આશરે ૬૦% પુખ્ત પુરુષો અને ૮.૪% સ્ત્રીઓ તમાકુનું સેવન કરે છે. અન્ય એક રિપોર્ટ મુજબ, ગુજરાતમાં ૫૧.૪૦% પુરુષો અને ૭.૪૦% મહિલાઓ તમાકુનું સેવન કરે છે, જે દર્શાવે છે કે રાજ્યના અડધાથી વધુ પુરુષો આ વ્યસનના ભરડામાં છે. દેશના ૨૧ રાજ્યો કે જ્યાં પુરુષો તમાકુનું સૌથી વધુ સેવન કરતા હોય તેમાં ગુજરાત સાતમા ક્રમે છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે, સૌરાષ્ટ્રમાં રોજ આશરે ૧૫ કરોડ રૂપિયાથી વધુના તમાકુવાળા પાન-માવા ખવાઈ જાય છે, જે આ પ્રદેશમાં તમાકુના વ્યાપક ઉપયોગનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. રાજ્યમાં આશરે અઢી કરોડ લોકો તમાકુના કોઈને કોઈ સ્વરૂપમાં વ્યસની બની ગયાનુ પણ એક સર્વેમા બહાર આવ્યું છે યુવાનોમાં પણ તમાકુનું પ્રમાણ ઓછું નથી. ગ્લોબલ યુથ તમાકુ સર્વે મુજબ, ભારતમાં ૧૩ થી ૧૫ વર્ષની વયના આશરે ૧૪.૬% વિદ્યાર્થીઓએ કોઈને કોઈ પ્રકારનું તમાકુ વપરાશ કરેલ છે. ગુજરાતમાં પણ ૧૫ થી ૧૯ વર્ષની વયજૂથમાં આવતા ૨૨ ટકા લોકો તમાકુ અને સિગારેટના વ્યસની છે.

આ વર્ષે, ૨૦૨૫ માટે વિશ્વ તમાકુ નિષેધ દિવસની થીમ છે: ‘‘બ્રાઈટ પ્રોડક્ટ ડાર્ક ઈન્ટેનશન્સ અનમાસ્કિંગ ધ અપીલ‘‘ (આકર્ષક ઉત્પાદનો. ઘેરા ઈરાદા. આકર્ષણને ઉજાગર કરવું.) આ થીમ તમાકુ ઉદ્યોગની કપટી યુક્તિઓ પર પ્રકાશ પાડે છે. તમાકુ કંપનીઓ ખાસ કરીને યુવાનો અને બાળકોને આકર્ષવા માટે આકર્ષક પેકેજિંગ, વિવિધ ફ્લેવર્સ (જેમ કે ફળો કે કેન્ડી ફ્લેવર) અને ભ્રામક માર્કેટિંગ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે. આ થીમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને તમાકુ ઉત્પાદનોના વાસ્તવિક જોખમોથી વાકેફ કરવાનો અને ભાવિ પેઢીઓને આ વ્યસનથી સુરક્ષિત કરવાનો છે, જેથી તેઓ તંદુરસ્ત અને ઉત્પાદક જીવન જીવી શકે.



તમાકુના સેવનથી થતી મુખ્ય સ્વાસ્થ્ય અસરોમાં ફેફસાનું કેન્સર, મોઢાનું કેન્સર (ગુજરાતમાં થતા પુરુષોના ૫૧% કેન્સર અને સ્ત્રીઓના ૧૭% કેન્સર તમાકુના લીધે થાય છે), ગળાનું કેન્સર, અન્નનળીનું કેન્સર, હૃદય રોગ, સ્ટ્રોક, ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ, અસ્થમા, ક્ષય રોગ અને રોગપ્રતિકારક શકિત નબળી પડવી જેવી ગંભીર બીમારીઓનો સમાવેશ થાય છે.

વિશ્વ તમાકુ નિષેધ દિવસ આપણને સૌને યાદ અપાવે છે કે તમાકુમુક્ત જીવન એ સ્વસ્થ અને સુખી ભવિષ્યનો પાયો છે. ચાલો, આ દિવસે આપણે સૌ તમાકુના દુષ્પરિણામો વિશે જાગૃતિ ફેલાવીએ અને આપણા સમાજને તમાકુના સકંજામાંથી મુક્ત કરવા માટે સામૂહિક પ્રયાસો કરીએ. ભારત સરકારે પણ ‘‘ધ સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ, ૨૦૦૩‘‘ જેવા કાયદાઓ અને ‘‘નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ‘‘ જેવા કાર્યક્રમો દ્વારા તમાકુ નિયંત્રણ માટે મહત્વના પગલાં લીધા છે.

ગુજરાતમાં પણ વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તમાકુ નિયંત્રણના ભંગ બદલ ૬૪,૫૭૫ ફરિયાદો નોંધી રૂ. ૯૯.૮૬ લાખનો દંડ વસૂલાયો છે, અને ૧૪,૧૭૯ શાળાઓના ૧૫ લાખથી વધુ બાળકોને તમાકુના નુકસાન અંગે જાગૃત કરાયા છે. તમાકુ છોડવા ઈચ્છતા લોકો માટે રાષ્ટ્રીય તમાકુ છોડવાની હેલ્પલાઈન સેવાઓ અને વિવિધ વ્યસનમુક્તિ કેન્દ્રો કાર્યરત છે.

આ દિવસે, ચાલો આપણે તમાકુમુક્ત વાતાવરણ બનાવવા માટે સંકલ્પ લઈએ પછી ભલે તે ધૂમ્રપાન મુક્ત સાર્વજનિક સ્થળો હોય, શાળાઓમાં જાગૃતિ કાર્યક્રમો હોય કે પરિવારમાં સ્વસ્થ આદતોને પ્રોત્સાહન આપવાનું હોય. તમાકુ છોડવાનો નિર્ણય એ તમારા અને તમારા પ્રિયજનો માટે એક નવું જીવન શરૂ કરવાનો નિર્ણય છે. આ પડકારનો સામનો કરવા અને તમાકુના દુષ્પરિણામો વિશે જાગૃતિ લાવવા માટે, અહીં તબીબી નિષ્ણાતો દ્વારા રજૂ કરાયેલા મૂલ્યવાન મંતવ્યો અને ભલામણો પ્રસ્તુત છે, જે તમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને તમાકુમુકત સમાજના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપશે.

### તમાકુના સેવનથી ૮૦ ટકા કેન્સર થવાની શક્યતાઃ ડો ખ્યાતિ વસાવડા



દર વર્ષે ૩૧મી મેના રોજ ’વર્લ્ડ નો ટોબેકો ડે’ તરીકે ઉજવવામાં આવે છે. ૧૯૮૭માં શરૂ થયેલા આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ તમાકુના સેવનથી થતા ભયાવહ રોગો અને તેના નુકસાન વિશે જાગૃતિ ફેલાવવાનો છે. તમાકુ અને કેન્સર વિશે માહિતી આપતા રાજકોટ કેન્સર સોસાયટી મેડિકલ ડિરેક્ટર હેડ અને નેક કેન્સર ડો ખ્યાતિ વસાવડા એ જણાવ્યું કે આજકાલ બજારમાં સિગારેટ અને તમાકુ અલગ-અલગ ફ્લેવરમાં ઉપલબ્ધ હોઈ છે, જે યુવાનોને આકર્ષી રહ્યા છે. જોકે, આકર્ષક ફ્લેવર પાછળ છુપાયેલું સત્ય એ છે કે તમાકુના સેવનથી ૮૦ ટકા કેન્સર થવાની શક્યતા રહે છે. તમાકુના મુખ્ય બે પ્રકાર છેઃ ધૂમ્રપાન અને ચાવીને ખાવામાં આવતી તમાકુ. આ બંને પ્રકાર શરીરના અલગ-અલગ અંગોને ગંભીર નુકસાન પહોંચાડે છે. ચિંતાજનક બાબત એ છે કે દર વર્ષે ૭૦ લાખથી વધુ લોકો તમાકુ સંબંધિત રોગોથી મૃત્યુ પામે છે. ભારતમાં, ખાસ કરીને ગુજરાતમાં, મોટાભાગના કેન્સરના કેસ મોઢાના કેન્સરના હોય છે, જેનું મુખ્ય કારણ તમાકુનું સેવન છે. નિષ્ણાતોના મતે, હવે તો નાની ઉંમરે પણ લોકોને કેન્સર થતું જોવા મળે છે. તબીબો ૧૮ વર્ષના દર્દીઓમાં પણ કેન્સરનું નિદાન કરી રહ્યા છે અને તેમની સર્જરી કરવી પડે છે. તમાકુના સેવનની શરૂઆતમાં મોઢામાં ચાંદા પડવા, ગળું ખરાબ થવું અને બોલવામાં તકલીફ પડવી જેવા લક્ષણો જોવા મળે છે. તમાકુથી થતા ગંભીર પરિણામોને ટાળવા માટે લોકોએ તેનાથી દૂર રહેવું અત્યંત જરૂરી છે.અને ઘરે ના લોકોને તમાકુ નું સેવન ના કરવું જોઈએ.

### નાટકના માધ્યમ થકી તમાકુના વ્યસનથી થતા રોગો અંગે જનજાગૃતિ ફેલાવી : શ્વેતા ઓડેદરા



રાજકોટ કેન્સર સોસાયટી હોસ્પિટલમાં ફરજ બજાવતા શ્વેતા ઓડેદરાએ અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે આજે વિશ્વ તબાકુ નિષેદ દિવસની ઉજવણીના ભાગરૂપે હોસ્પિટલ તરફથી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. અમારો ઉદ્દેશ્ય છે કે તબાકુનું ઉત્પાદન અને વપરાશમાં ઘટાડો થાય તેમજ જનજાગૃતિ આવે. અમે લોકોને સંદેશ આપવા માંગીએ કે જે લોકો તંબાકુનો વ્યસન કરે છે તેનો નાશ થાય છે અને તેના ઘર પરિવારનો પણ નાશ થાય છે. તમાકુથી મોઢાના કેન્સર ફેફસાના કેન્સર થતા હોય છે લોકો ફેશન માટે ધૂમ્રપાન માવા પાન ગુટખા ખાય છે પરંતુ લોકો એ નથી સમજતા કે તેનાથી ગંભીર રોગો થઈ શકે છે જો આવા અવેરનેસના કાર્યક્રમ કરવામાં આવે તો કેન્સર રોગને થતો અટકાવી શકાય છે.

### ૩૦ થી ૩૨ વર્ષની વયના કેન્સરના દર્દીનું પ્રમાણ વધ્યું : ડો. પ્રશાંત વણઝારા



વોકહાર્ટ હોસ્પિટલમાં ઓનકોલોજિસ્ટ તરીકે ફરજ બજાવતા ડોક્ટર પ્રશાંત વણઝારાએ અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આજે વિશ્વ તંબાકુ નિષેદ દિવસ નિમિત્તે લોકોને તંબાકુથી તથા નુકસાન વિશે જાગૃતતા ફેલાવવામાં આવે છે. ગુજરાતમાં અત્યારે ઘણા બધા રોગોનું કારણ તંબાકુ છે જેનાથી કેન્સર રોગ થાય છે. સૌરાષ્ટ્રમાં ૮૦થી ૯૦ ટકા કન્સર મોઢાના જોવા મળે છે જે તંબાકુથી થાય છે લોકો પાન ફાકી ખેની જરદો ખાવાને કારણે મોઢાનું કેન્સર થાય છે. હાલ ભારત કેન્સરમાં નંબર ૧ પર છે તે ખૂબ ચિંતાજનક છે. હજુ મહિલાઓમાં પુરુષો કરતાં કેન્સર ઓછું છે પરંતુ હાલ સોસાયટી મોડર્ન થાય છે તેમ મહિલાઓ પણ ધુમ્રપાન કરવા લાગ્યા છે અને ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ તંબાકુનું સેવન કરતા હોય છે. તેમજ નાની વયના બાળકો પણ ધુમ્રપાન અને ગુટકા નું સેવન કરે છે અને ૧૦ થી ૧૫ વર્ષમાં કેન્સરના રોગી બને છે. અત્યારે ૩૦ થી ૩૨ વર્ષની વયના કેન્સરના દર્દીનું પ્રમાણ વધ્યું છે તે ખૂબ ચિંતાજનક કહી શકાય. કેન્સર ના લક્ષણો ની વાત કરીએ તો મોઢામાં ચાંદા પડવા અને લાંબા સમય સુધી રોજ ના આવતી હોય તેવા ચાંદા રહેતા હોય છે. જો આવા લક્ષણ જોવા મળે તો તરત જ ડોક્ટર પાસે તપાસ કરવી જોઈએ જેથી નિદાન જલ્દીથી થઈ શકે.

# શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ: ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ અપાયો

## આરટીઈ હેઠળ પ્રવેશ મેળવનાર બાળકને અભ્યાસ આનુસંગિક વસ્તુઓ ખરીદવા પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ રૂ.૩૦૦૦ની સહાય આપતું ગુજરાત સમગ્ર દેશમાં ‘‘અવ્વલ’’

**અબતક,રાજકોટ**

વિકસિત રાષ્ટ્ર નિર્માણ ત્યારે જ શક્ય બનશે, જ્યારે રાજ્યનો પ્રત્યેક બાળક શિક્ષિત હશે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત ભારતની વિભાવના સાર્થક થઈ શકે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી રાજ્યને વધુ શિક્ષિત બનવવાનો યજ્ઞ આરંભ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતમાં વર્ષ-૨૦૧૩થી શરૂ કરાયેલા રાઈટ ટુ એજ્યુકેશન આર ટીઈ એક્ટ હેઠળ અત્યાર સુધીમાં એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજિત ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકારે વિદ્યાર્થીઓની ઉજ્જ્વળ કારકિર્દી માટે રૂ.૩૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરીને જરૂરીયાતમંદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે. પ્રવેશ મેળવનાર નબળા અને વંચિત જુથના બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા માટે પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ રૂ.૩૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે. આમ રાજ્ય સરકાર દ્વારા ૧૦૫૭ કરોડથી વધુની સહાય અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. આ પ્રકારની વિદ્યાર્થી સહાય ચૂકવવાની શરૂઆત કરનાર સમગ્ર દેશમાં ગુજરાત પહેલું




રાજ્ય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર તથા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શનમાં આજે નબળા અને વંચિત જૂથના બાળકોને રાજ્યની ખાનગી સ્કૂલોમાં શિક્ષણ મળી રહ્યું છે. ધોરણ-૧માં રાજ્યમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% જગ્યાઓ પર પ્રવેશ આપવાની કાર્યવાહી રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત કરવામાં આવી રહી છે .પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને રહેઠાણ ફેરફાર તથા નિયત અન્ય કારણોને ધ્યાને લઈ શાળા ફેરબદલી પારદર્શક રીતે પણ કરી આપવામાં આવે છે.

હાલમાં રાજ્ય સરકાર દ્વારા આર.ટી.ઈના એડમિશન માટે વિદ્યાર્થીલક્ષી સકારાત્મક નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં સિંગલ ગર્લ ચાઈલ્ડ, આંગણવાડી, એસ.સી, એસ.ટી, ઓ.બી.સી, જનરલ કેટેગરી માટે પહેલા આવક મર્યાદા રૂ.૧.૫ લાખથી વધારીને હાલ રૂ.૬ લાખની કરવામાં આવી છે. જેના થકી વધુને વધુ વિદ્યાર્થીઓ રાઈટ ટુ એજ્યુકેશન - આરટીઈનો લાભ લઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૫ ૨૬ આર.ટી.ઈના એડમિશનની પ્રવેશ પ્રક્રિયા ત્રણ તબક્કામાં કરવામાં આવી રહી છે. જેમાં પ્રથમ અને દ્વિતીય તબક્કામાં રાજ્યના ૮૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાળા કક્ષાએ લાભ લીધો છે, જ્યારે ત્રીજા તબક્કાનું કાર્ય વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ઝડપી પૂર્ણ કરવામાં આવશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશનો પ્રારંભ

## યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં એમ.એ., એમ.કોમ., એમ.એસસી., એલ.એલ.એમ., એમ.પી.એડ., એમ.એડ., પત્રકારિત્વ અને લાઈબ્રેરી સાયન્સ જેવા મહત્વના અભ્યાસક્રમોનો સમાવેશ

**અબતક રાજકોટ**

રસૌરાષ્ટ્રના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કેમ્પસ સ્થિત અનુસ્નાતક ભવનોમાં વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં એમ.એ., એમ.કોમ., એમ.એસસી., એલ.એલ.એમ., એમ.પી.એડ., એમ.એડ., પત્રકારિત્વ અને લાઈબ્રેરી સાયન્સ જેવા મહત્વના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકાય છે. ખાસ ઉલ્લેખનીય છે કે ગ્રાન્ટ ઈન એઈડ કોર્સમાં વિદ્યાર્થીઓ ગ્રાન્ટ ઈન એઈડ ફી ના ધોરણે માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમમાં અભ્યાસ કરી શકે છે, જે આર્થિક રીતે પણ વિદ્યાર્થીઓ માટે અત્યંત ફાયદાકારક છે. આ તક વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઓછા ખર્ચે મેળવી પોતાનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવવામાં મદદરૂપ થશે. યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરું પાડવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓને જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થવા માટે સક્ષમ બનાવવાનો છે.

પ્રવેશ મેળવવા માટે રાજ્ય સરકારશ્રીના જીકાસ પોર્ટલ પરથી ઓનલાઈન અરજી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓની સુવિધા માટે, યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર ખાતે હેલ્પ સેન્ટર કાર્યરત છે, તેમજ સંલગ્ન કોલેજોમાં પણ સહાયતા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ કોઈપણ સેન્ટર પરથી ફોર્મ ભરી શકે છે અને જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે. આ હેલ્પ સેન્ટર્સ પ્રવેશ પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, જેથી કોઈપણ વિદ્યાર્થીને ટેકનિકલ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માત્ર વિશાળ કેમ્પસ જ નહીં, પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે પણ જાણીતી છે. અહીં અનુભવી અને તજજ્ઞ પ્રાધ્યાપકો દ્વારા આધુનિક ઈન્ટરેક્ટિવ બોર્ડના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે. સાયન્સ ભવનોમાં રીસર્ચ માટે અદ્યતન ઈક્વિપમેન્ટ અને સાધનોથી સજ્જ લેબોરેટરીઝ પણ કાર્યરત છે, જે વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાનમાં પારંગત બનાવે છે. યુનિવર્સિટીનું શિક્ષણ કાર્યક્રમ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે રચાયેલ છે, જેમાં સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્યોના વિકાસ પર પણ ભાર મૂકવામાં આવે છે.

વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી અનેક આધુનિક સુવિધાઓ પૂરી પાડે છે, જેમાં અદ્યતન સ્પોર્ટ્સ ફેસિલિટીઝ, વિશાળ લાઈબ્રેરી, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેશનલ ટ્રાન્ઝીસ્ટ હાઉસ, ૦૩ બોયઝ, ૦૫ વિમેન્સ હોસ્ટેલ, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી તથા સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે સીસીડીસી-યુપીએસસી ભવન, કેન્ટીન, પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસ, બેંક, અને બોયઝ-વિમેન્સ જીમ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ સુવિધાઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યકિતગત વિકાસ માટે શ્રેષ્ઠ વાતાવરણ પૂરું પાડે છે. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મેરું યુનિવર્સિટી તરીકે પણ પસંદ કરવામાં આવેલ છે, જે તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પ્રતીક છે.

વધુમાં, જીકાસ પોર્ટલ પર સ્નાતક કક્ષાએ એડમિશન લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પણ ચાલુ છે.

જે વિદ્યાર્થીઓ પ્રથમ તબક્કામાં પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા નથી, તેઓ બીજા તબક્કામાં આ પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. આ તકથી કોઈ પણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે તેની ખાતરી કરવામાં આવી છે. યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ છે કે સૌરાષ્ટ્રના દરેક ખૂણેથી આવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની શ્રેષ્ઠ તકો પ્રાપ્ત થાય.

વિવિધ અભ્યાસક્રમોની વિસ્તૃત માહિતી માટે વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ www.saurashtrauniversity.edu ની મુલાકાત લઈ શકે છે. યુનિવર્સિટી દ્વારા સતત વિદ્યાર્થીલક્ષી પહેલો કરવામાં આવે છે, જે તેમને ભવિષ્ય માટે સજ્જ બનાવે છે.

## ગોંડલના ફાર્મમાં જેતપુરની યુવતી સાથે

# કથિત વીડિયો થકી નરેશભાઈ પટેલને બ્લેકમેલ કરવાનું કાવતરૂ

### બન્ની ગજેરા અને જીગીશા પટેલની કથિત ઓડિયો કલીપ વાયરલ થતાં રાજકીય અને સામાજિક આલમમાં ખળભળાટ

### નોકરીથી નહિ ચાલે એકાદ બેંકનો ચેરમેન બનાવો, મિલકતનો દસ્તાવેજ કરાવી લ્યો સહિતની વાતચીતથી લોકમુખે અનેક પ્રકારની ચર્ચા

**અબતક, રાજકોટ**

ગોંડલના ફાર્મમાં, જેતપુરની યુવતી સાથે... આ શબ્દો એક કથિત વાયરલ ઓડિયો ક્લીપનો છે. જે ઓડિયો ક્લીપ કથિત રીતે જીગીશા પટેલ અને બન્ની ગજેરા વચ્ચે થયેલી વાતચીતનો હોવાનું મનાઈ રહ્યું છે. પાટીદાર આગેવાન અને ખોડલધામના સર્વેસર્વા નરેશભાઈ પટેલને બ્લેકમેઈલ કરી તેની પાસેથી મિલકત લખાવી લેવા અથવા તો મોટી રકમ વસૂલવાનું કરશો રચાયો હોવાની ઓડિયો ક્લિપ વાયરલ થતા ભારે ચકચાર મચી જવા પામી છે. યુટયુબર બન્ની ગજેરા અને જીગીશા પટેલ વચ્ચેની ટેલીફોનિક વાતચીતમાં નરેશ પટેલ ગોંડલના ફાર્મ હાઉસમાં જેતપુરની યુવતી સાથે હતા તેવી વાત કરતા હોય તેવું સંભળાય છે. ત્યારે વાયરલ થયેલી આ ઓડિયો ક્લિપને લઈને તરેહ તરેહની ચર્ચા થઈ રહી છે. સોશિયલ મીડિયામાં ગઈકાલથી વાયરલ થયેલી ઓડિયો ક્લિપમાં યુટયુબર બન્ની ગજેરા અને પાટીદાર મહિલા આગેવાન જીગીશા પટેલ વચ્ચે વાતચીત થતી હોય તેવું સંભળાઈ રહ્યું છે. જેમાં પ્રારંભમાં વરુણ નામના વચેટીયા મનાતા શખસની વાત થાય છે. નરેશભાઈ વિરુદ્ધ બોલવા બદલ વરુણને બન્નીએ પૂછવા બોલાવ્યો હતો ત્યારથી મોબાઈલ પરથી જે વાત આગળ વધી એમાં વરૂણે પોતાને નરેશભાઈ વિશે ચૂપ રહેવા માટે બે લાખ રૂપિયા ૭ મહિને આપ્યાનું પણ બન્ની કબુલે છે. આ કિલપમાં જીગીશા નરેશભાઈના નામનો ઉલ્લેખ કરી બોલે છે કે, હું નરેશભાઈને મળવા ગઈ ત્યારે ચિરાગભાઈને બહાર મોકલીને મેં એમને કીધું હતું કે, વિરોધીઓ તમને પાડી દેવા માટે તૈયાર છે તમે સંભાળજો મારા હાથમાં તમારૂ આવું આવું આવ્યું છે તેમણે તો જોકે એમ જ કહ્યું કે, ના ના એ મારું ન હોય પછી મેં મોઢેમોઢ કીધું કે મેં નજરે જોયું છે જેતપુરની છોકરી અને ગોંડલનું ફાર્મ.





જીગીશા બન્નીને એમ પણ કહે છે કે, કવરમાં ખાલી સીડી અને ટાઈપ કરેલી ચીઠી મૂકી વાયા વાયા નરેશભાઈને પહોંચાડવી જેમાં લખવું કે આ વખતે સીડી કોરી છે. હવે વિડીયો સાથે મોકલીશ તેમાં એક છોકરી સાથેનો ફોટો પણ મુકો પણ છોકરીનો ચહેરો બ્લર કરી નાખો નહીંતર એ તેને પૈસા આપીને ફોડી લેશે.

આ ઓડિયો ક્લિપના અંતમાં બન્ની જીગીશાને પૂછે છે કે, તમારો અનુભવ જોતા વિશ્વાસ કરાય તેના જવાબમાં જીગીશા કહે છે કે અટાણે સમાજના નામે બધાએ ઘણું કર્યું છે. ખોટું કરનાર સાથે ખોટું કરવામાં કોઈ વાંધો નહીં નોકરી અપાવશું એમ નહીં એકાદ બેંકનો ચેરમેન બનાવી દો કોઈ પ્રોપર્ટી હોય તો તાત્કાલિક એગ્રીમેન્ટ કરાવી લેવા અથવા રોકડા લઈ લેવાનું પણ જીગીશા કહે છે. બંને એ વાત પર સહમત પણ થાય છે કે વચેટીઓ નરેશભાઈને સારું લગાડી પોતે ખાટી જાય એના કરતાં વરૂણને પડતો મૂકીને બંને એકબીજા સાથે રહી કામ કરવું. આ ઓડિયો ક્લિપમાં નવરાત્રી સમયનો પણ ઉલ્લેખ આવે છે. જેથી આ પ્રકરણ નવરાત્રી સમય આસપાસનું હોવાનું પણ જણાઈ રહ્યું છે.

### અરજી ફરીયાદ મળશે તો ચોકકસ તપાસ કરીશું: જિલ્લા પોલીસ વડા

વાયરલ ઓડિયો કલીપ મામલે જિલ્લા પોલીસવડા હિમકરસિંહે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વાયરલ ઓડિયો કલીપ મારા ધ્યાને પણ આવી છે. જેમાં નરેશભાઈ નામની વ્યક્તિને બ્લેકમેલ કરવાનો પ્લાન ઘડવામાં આવ્યો હોય તેવું ફલિત થઈ રહ્યું છે. હવે આ સમગ્ર મામલે જો કોઈ અરજી ફરિયાદ આવશે તો ચોક્કસ તપાસ કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું.

### ટૂંક સમયમાં બન્ની અને જીગીશા પટેલ વિરુદ્ધ ગુનો નોંધાય તેવી શક્યતા

સમગ્ર પ્રકરણમાં પ્રાપ્ત વિગત અનુસાર જે રીતે નરેશભાઈ પટેલને બ્લેકમેલ કરવા કાવતરું ઘડવામાં આવ્યું હતું. તે મામલે ટૂંક સમયમાં જ કોઈ પાટીદાર આગેવાન ફરિયાદી બની ગુનો નોંધાવે તેવું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. બીજી બાજુ સૂત્રો એવુ પણ જણાવી રહ્યા છે કે, આ પ્રકરણમાં તો રાજકીય કે સામાજિક આગેવાનીની પણ સંડોવણી ખુલી શકે તેમ છે જેથી આગામી દિવસોમાં મોટા ઘટસ્ફોટ થવાની પુરેપુરી શક્યતા સેવાઈ રહી છે. જો કે, હજુ સુધી આ તમામ બાબતો જો અને તો સુધી જ સીમિત હોય કોઈ સત્તાવાર માહિતી હજુ સુધી પ્રાપ્ત થઈ નથી.

# આપઘાતની ફરજ પાડવાના ગુનામાં જયપાલસિંહ જાડેજાના આગોતરા જામીન મંજૂર

### વ્યાજની ઉઘરાણીથી કંટાળી નાકરાવાડીના સંજયભાઈ વણપરાએ ઝેરી ટીકડા ખાઈ જીવન ટૂંકાવી લીધું તું

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નાકરાવાડી યુવક વ્યાજની ઉઘરાણીથી કંટાળી યુવકે આપઘાત કરી લીધાના બનાવમાં પોલીસ ધરપકડની દેહશતથી જયપાલસિંહ જાડેજાએ કરેલી આગોતરા જામીન અરજી અદાલત દ્વારા મંજુર કરવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ શહેરની ભાગોળે આવેલા નાકરાવાડીમાં રહેતા સંજયભાઈ સોમાભાઈ વણપરાએ જયપાલસિંહ મહાવીરસિંહ જાડેજા પાસેથી વર્ષ ૨૦૨૧માં રૂા.૫૦ હજાર ઉછીના લીધા હતા અને દર મહીને તે રકમ ઉપર ૧૦ ટકા વ્યાજ ચુકવતા હતા. છેલ્લા બે-ત્રણ મહીનાથી મજુરીની આવક ન થતાં વ્યાજ નહી ચુકવી શકતા જયપાલસિંહ જાડેજા ઘરે ધસી આવ્યો હતો અને રકમ આપી જવાની ધમકી આપી હતી. જેના કારણે સંજયભાઈ વણપરાએ ઝેરી ટીકડા ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે મૃતક સંજયભાઈ વણપરાના પત્ની ભાવુબેન વણપરાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં સંડોવાયેલા જયપાલસિંહ જાડેજાએ પોલીસ ધરપકડથી બચવા પોતાના વકીલ મારફત કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે આગોતરા જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ ૧૨ એડી. સેસન્સ જજ રાજેશ સુરેશચંદ્ર પુરાણીએ આરોપી જયપાલસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે દફતરી લો ચેબર્સના ધારાશાસ્ત્રી પથીકભાઈ દફતરી, ભાવિનભાઈ દફતરી, નુપુરબેન દફતરી, નેહાબેન ભાવિન દફતરી, યુવરાજસિંહ જાડેજા, સંજયસિંહ જાડેજા, પરેશ કુકાવા, નીશાબેન સુદ્રા અને શીવાંગી મજીઠીયા રોકાયા હતા.



ધારાશાસ્ત્રી ભાવિનભાઈ દફતરી

## સૌરાષ્ટ્રમાં ઉનાળાની ગરમીની અકળામણ

# સાવરકુંડલા-હળવદમાં ન્હાવા પડેલા ચાર બાળકોના મોત

### માંગરોળના સીલ દરિયામાં ડૂબતા બે ભાઈઓને લોકોએ બચાવી લીધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં આકરા ઉનાળા ની ગરમી થી અકડઈને જળાશયોમાં નાહવા પડતા લોકો પર કાળનો ડોળો રહેતો હોય તેમ સાવરકુંડલા અને હળવદમાં રાહવા પડેલા બાળકો પૈકીના ચારના મોત નીપજ્યા હતા ત્યારે માંગરોળના સીલના દરિયામાં નાતી વખતે ડૂબી રહેલા બે પિતરાય ભાઈઓને લોકોએ સમય સૂચકતાથી બચાવી લેતા જીવ સહેજમાં બચી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ સાવરકુંડલાના જેસર રોડ પર રહેતા મોહિત મનીષ સોલંકી ૧૩, કુણાલ અશ્વિનભાઈ સોલંકી ૧૪ મંત્ર રાજદીપ મશરાણી ૧૦ ભેસાણીયા ડેમમાં નાહવા પડ્યા હતા જેમાં કુણાલ ૧૪ અને મંત્ર ૧૦ ના ડૂબી જવાથી મોતની ભજીયા હતા આ જ રીતે હળવદના કડીયાણા ગામે રહેતા આદિત્ય મુન્નાભાઈ ભરવાડ ૧૩, પ્રિન્સ મુકેશ ભરવાડ ૧૨ ખેતરની બાજુના ઓકળામાં ખાડામાં નાહવા પડ્યા ત્યારે બંને ડૂબવા લાગતા કાંઠે બેઠેલા મિત્રોએ બૂમાબૂમ કરી મુકતા લોકોએ બંનેને બેભાન હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ લઈ જવાતા બંનેને મૃત જાહેર કર્યા હતા જ્યારે માંગરોળના સીલ ગામે બપોરે રાહવા પડેલા સિદ્ધાંત ભાઈ મહેશભાઈ ગોહેલ ૧૩ તેના દીકરાને પ્રિન્સ રમેશ કાથડ ૧૬ પાણીમાં ડૂબવા લાગતા લોકોએ બચાવી રાજકોટ સિવિલમાં લાવતા સમયસર ની સારવારે બંને પિતરાઈ ભાઈઓના જીવ બચી ગયા હતા

# સુવાંગ દિવાલને મજમુ બતાવીને દંપતીએ કરેલો દાવો સીવિલ કોર્ટ દ્વારા ફગાવાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં ગાયકવાડી પ્લોટમાં પાડોશીએ સુવાંગ દિવાલ મજમુ બતાવી દંપતીએ કરેલો દાવો સીવીલ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે.આ કેસની હકીકત મુજબ ગાયકવાડી પ્લોટમાં રહેતા ગોરધનદાસ હરિદાસ દાવડા પાસેથી વર્ષ ૨૦૧૦માં રશ્મિબેન મનોજભાઈ વણઝારા અને તેના પતિ મનોજભાઈ જયંતિલાલ વણઝારાએ મકાન ખરીદ કર્યું હતું. બાદમાં તેમની પાસેનું મકાન પ્રતિવાદી ચંદુલાલ રામભાઈ આહુજાએ ખરીદ કર્યું હતું અને બન્નેની દિવાલ એક જ હોય વાદી રશ્મિબેન અને મનોજભાઈએ પ્રતિવાદી ચંદુલાલ આહુજા તેના મકાનની દિવાલ ઉપર કોઈ બાંધકામ ન કરે તેવા મનાઈ હુકમ તથા વિજ્ઞાપન મેળવવા માટે રાજકોટની સીવીલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. દાવામાં પ્રતિવાદી ચંદુલાલ આહુજા તરફે એડવોકેટ કેતન દવેએ સમગ્ર પુરાવાના અંતે દલીલો કરતા જણાવેલ કે વાદીએ પોતાના દસ્તાવેજમાં જણાવેલ મિલ્કતની ચર્તુઃદિશા છુપાવી દાવા અરજીમાં ખોટી ચર્તુઃદિશા જણાવેલ છે અને વાદીએ પોતાનો દસ્તાવેજ તથા અગાઉના ઉતરોતર દસ્તાવેજો રજુ કરેલ છે તેમાં તમામ દસ્તાવેજોમાં તકરારી પશ્ચિમ તરફની દિવાલ ચંદુલાલ આહુજાની સુવાંગ માલીકીની દર્શાવેલ છે જે હકીકત છુપાવીને વાદી રશ્મિબેન મનોજભાઈ વણઝારાએ દાવો દાખલ કર્યો છે. જે સમગ્ર દલીલ તથા વાદી-પ્રતિવાદીની જુબાની તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ રાજકોટના એડી. સીવીલ જજ એ.પી. દવેએ વાદી તેમની મિલ્કતની પશ્ચિમ તરફની દિવાલ તેમની સુવાંગ છે તેવું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે જેના કારણે વાદી રશ્મિબેન મનોજભાઈ વણઝારા અને મનોજભાઈ જયંતિલાલ વણઝારાનો દાવો રદ્દ કરતો હુકમ કર્યો છે. આ દાવામાં પ્રતિવાદી ચંદુલાલ આહુજા તરફે ધારાશાસ્ત્રી કેતન પી. દવે, બીનીતા શાહ, અજય દાવડા, ત્રિમુર્તિ પ્રસાદ, અમિત ચૌહાણ, યશ ચોલેરા અને મીત સોમૈયા રોકાયા હતા.

# નકલી બીલો બનાવી રિટેલરોને મોબાઈલ વેચી નાખવાના કૌભાંડમાં આરોપીના જામીન ફગાવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મોબાઈલના વેપારી પાસેથી ખરીદ કરેલ મોબાઈલની રકમ ચુકવણી કર્યા વિના નકલી બીલો બનાવી અન્ય રિટેલરોને મોબાઈલ વેચી નાખવાના કૌભાંડમાં એક આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં દ્વારકેશ એન્ટરપ્રાઈઝના માલિક જેકીભાઈ મેતરા પાસેથી સોહમ ગોંડલિયા અને પ્રકાશ ગોંડલિયાએ હોલસેલમાં એપલ કંપનીના ૭૦ મોબાઈલ ફોન ઉધારમાં ખરીદ કર્યા હતા. ઉધારી ચૂકવ્યા વગર જ મોબાઈલ ફોન નકલી બીલો બનાવી અન્ય રિટેલરોને વહેચી દીધા હોવાથી બંને વિરુધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં સેશન્સ કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી આગોતરા જામીન નહિ મળતા ૭ મહિનાથી ફરાર સોહમની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા સોહમ ગોંડલીયાએ પોતાના એડવોકેટ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદી પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સેશન્સકોર્ટ દ્વારા આરોપી સોહમ ગોંડલીયાની જામીન અરજી ફગાવી દીધી હતી.આ કામના ફરિયાદી પક્ષ વતી લોયર્સ ડેસ્ક લો-ફર્મના યુવા એડવોકેટ હિતેષ વિરડા અને ભાવેશ બાંભવા રોકાયા હતા.

# શાપર પોલીસ વિસ્તારમાંથી ગુમ થયેલા ચાર લોકોને પખવાડિયામાં શોધી લેવાયા

### ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોનું પરિવાર સાથે મિલન કરાવતી શાપર(વે.) પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી પોલીસ સ્ટેશન ખાતે આવતા તમામ અરજદારોને શક્ય હોય તેટલી વધુ મદદ કરી પોલીસ પ્રજાની મિત્ર છે સૂત્રને સાર્થક કરવા જિલ્લા પોલીસવડા હિમકરસિંહ અને ડીવાયએસપી કે જી ઝાલાની સૂચનાને પગલે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પીઆઈ આર બી રાણા દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થનાર વ્યક્તિઓને શોધી કાઢવા અલગ અલગ ટીમ બનાવી તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. જે આદેશને પગલે શાપર પોલીસની અલગ અલગ ટીમોએ ટેકનિકલ સોર્સ અને હ્યુમન રિસોર્સના આધારે તપાસ કરી છેલ્લા ૧૫ દિવસમાં ગુમ થયેલી ચાર વ્યક્તિઓને શોધી કાઢી પરિવારજનો સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

શાપર પોલીસ દ્વારા રિયાબેન હિતેશભાઈ ગોહેલ (રહે પારડી), સીરત્નાબેન ભીખાભાઈ સાદીયા (રહે વેરાવળ), પ્રિયંકાબેન ડાયાભાઈ સોલંકી (રહે વેરાવળ) અને પ્રકાશભાઈ કિશોરભાઈ સોલંકી (રહે કોઠારીયા સોલવંટ)ને શાપર ખાતે શોધી કાઢવામાં આવ્યા હતા. આ કામગીરીમાં પીઆઈ આર બી રાણા, એએસઆઈ દિવ્યરાજસિંહ સરવૈયા, હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહ જાડેજા, રાજેશભાઈ વાવડીયા, પ્રતિપાલસિંહ જેઠવા, રાજેશભાઈ બાયલ, દિનેશભાઈ ખાટરીયા, તુષારસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામશિયા, મહિલા કોન્સ્ટેબલ કિંજલબેન માટીયા રોકાયા હતા.

# આંબેડકરનગરમાં રૂ.૫૦૦ની ઉઘરાણીમાં દંપતી પર હુમલો

### મારથી નીચે ઢળી પડેલા પતિને બચાવવા ગયેલી પરિણીતાને બાદશાહે છરી હુલાવી

**અબતક, રાજકોટ**

શહેરના આંબેડકરનગર વિસ્તારમાં રૂ. ૫૦૦ ની ઉઘરાણીમાં બાદશાહના નામના શખ્સે યુવકના ઘરે ધસી જઈ માર માર્યો હતો. બાદમાં છોડાવવા વચ્ચે પડેલી પરિણીતાને પણ બાદશાહે છરીનો ઘા ઝીંકી દેતા માલવિયાનગર પોલીસમાં ગુનો નોંધાયો હતો.

મામલામાં ૧૫૦ ફિટ રીંગ રોડ પર આંબેડકરનગર શેરી નંબર-૧૩ માં રહેતી ૨૬ વર્ષીય પરિણીતા હીનાબેન મહેન્દ્રભાઈ રાખસીયાએ માલવિયાનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં બાદશાહ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૩૦/૦૫ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યે હું અને મારા પતિ ઘરે હાજર હતા ત્યારે અમારા સમાજની વ્યક્તિ કે જેને બધા બાદશાહ તરીકે ઓળખે છે. તે અમારી ડેલી બહાર આવીને મારા પતિને કહેવા લાગેલ કે, હું તારી પાસે ૫૦૦ રૂપીયા માંગુ છુ તે કેમ આપતો નથી. મારા પતીએ કહેલ કે હું પછી આપી દઈશ એમ કહેતા બાદશાહ એકદમ ઉશકેરાય ગયેલ હતો અને તે મારા પતીને જેમફાવે તેમ ગાળો આપી ઢિકાપાટુનો માર મારવા લાગેલ હતો. જેથી મારા પતિ ત્યા પડી ગયેલ હતા. હું છોડાવા ગયેલ તો બાદશાહ છરી જેવું હથિયાર કાઢીને મારવા દોડેલ હતો. જેથી હું આડી પડતા બચાવા જતા મને જમણા હાથે સામાન્ય છરકો વાગેલ હતો. બાદમાં દેકારો થતાં મારો ભાઈ કૈલાશ આવી ગયેલ હતો અને બાદશાહ ત્યાથી તેનું મોટરસાયકલ મૂકી ભાગી ગયેલ હતો. મામલામાં પરિણીતાની ફરિયાદ પરથી ગુનો નોંધી માલવિયાનગર પોલીસે બાદશાહને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દંપતી ઉપર હુમલો કરવાના ગુનામાં પોલીસમેન અને તેના પુત્ર સહિત ત્રણને સાત વર્ષની સજા

### વઘાસીયા ગામે વાડીમાં જેસીબી ચલાવતા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સએ હુમલો કરી લૂંટ ચલાવી તી

**અબતક, રાજકોટ**

વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામે ખેતીની જમીનના જેસીબી ચલાવવા જેવી નજીવી બાબતે દંપતી ઉપર ઘાતક હુમલો અને લૂંટ ચલાવવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પોલીસમેન અને તેના પુત્ર સહિત ત્રણ શખ્સોને સાત વર્ષની સજા અને ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે એકને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો છે. વધુ વિગત મુજબ મુંબઈ રહેતા અને વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામેના ખેડૂત પ્રમોદભાઈ ઉદયભાઈ રાઠોડ અને તેની પત્ની મુનાલીબેન ઉપર પોલીસ મેન વનરાજસિંહ માલુભા ઝાલા, તેના પુત્ર કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા અને અતુલ જેઠાભાઈ ભટ્ટએ ધોકા વડે અને લોખંડના સળિયા થી હુમલો કરી મોબાઈલ સહિતની લૂંટ ચલાવ્યા અંગેની વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ઉપરોક્ત શખ્સો ધરપકડ કરી પ્રાથમિક તપાસમાં ફરિયાદી પ્રમોદભાઈ રાઠોડની વઘાસીયા ગામે આવેલી વાડીમાં ઉપરોક્ત આરોપીઓ જેસીબી ચલાવતા હોય જે અંગે બંને વચ્ચે થયેલી બોલાચાલીનો ખાર રાખી હુમલો કરી લૂંટ ચલાવ્યા જણાવ્યું હતું. બાદ તપાસ પૂર્ણ ચારેય શખ્સો સામે અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી. બાદ વાંકાનેર ની અદાલતમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની લેખિત મૌખિક રજૂઆત બાદ ફરીયાદી પક્ષ તરફે મહિલા સરકારી વકીલ એ.એન. પટેલ ધ્વારા ૧૮ સાહેદોને તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી તેમજ મહિલા સરકારી વકીલએ આરોપીઓને સખત સજા કરવા રજુઆત કરવામાં આવેલી.આ કામમાં મુળ ફરીયાદીના એડવોકેટ દરજજે યોગેશ આર. બારોટ ધ્વારા ફરીયાદ પક્ષના સમર્થનમાં કરી આરોપીઓને સજા કરવા માટે લેખીતમાં રજુઆત કરેલ. ફરીયાદીએ આરોપીઓને કોર્ટ સમક્ષ પણ ઓળખી બતાવેલ છે. વનરાજસિંહ પોલીસ કર્મચારી છે. કાયદાના રક્ષક બની જીવલેણ હથિયારો સાથે હુમલો કરેલો છે.ફરીયાદને સમર્થન કરતો પુરાવો રેકર્ડ ઉપર જોવા મળે છે. અદાલતે કાયદાકીય પરીસ્થિતીને લક્ષમાં લઈ ચોરી ક્યારે લુંટ ગણાય તેની વિસ્તૃત કાયદાકીય ચર્ચા કરી આરોપી ધનશ્યામસિંહ લખુભા ઝાલા સામે લુંટનો ગુન્હો કરેલ હોવાનું નિઃશંકપણે ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે. વાંકાનેરના એડી. ચીફ જયુડી. મેજી. વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર ધ્વારા આરોપી ઘનશ્યામસિંહ લખુભા ઝાલા ,પોલીસ કર્મચારી વનરાજસિંહ માલુભા ઝાલા, કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા સામે ગુન્હો સાબીત માની સાત વર્ષની સજા અને દરેકને રૂા.૫,૦૦૦ નો દંડ ફરમાવતો હુકમ ફરમાવવામાં આવેલો છે. જ્યારે અનુલભાઈ જેઠાભાઈ ભટ્ટ નિર્દોષ છોડી મૂકવા આદેશ કર્યો છે. કામમાં સરકાર પક્ષે મહિલા એ.પી.પી. એ.એન. પટેલ અને મુળ ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ દરજજે લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંદ્રકાંત એમ. દક્ષીણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગુરૂંગ, નિશાંત જોષી તથા મદદમાં વિક્રમ નાડાર રોકાયેલ હતા.



એડવોકેટ લલિતસિંહ શાહી

# ઓનલાઈન ઠગાઈના અસરગ્રસ્તોને રૂ.૮૧.૬૩ લાખની રકમ પરત અપાવતી પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મે મહિનામાં સાયબર ફ્રોડનો ભોગ બનનાર અરજદારોને કુલ રૂ. ૮૧.૬૩ લાખની રકમ પરત અપાવી છે.

રાજ્ય સરકાર દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદાર-ફરિયાદીને મુદ્દામાલ સમયસર પરત મળી રહે તે અંગે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ સી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા સાઈબર ફ્રોડનો ભોગ બનનાર અરજદારોને મહત્તમ રકમ પરત મળી રહે તે માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ.કૈલા, એમ.એ.ઝણકાંટ, આર.જી. પઢિયાર, બી.બી.જાડેજા તથા એસ.ડી.ગીલવાની રાહબરિમાં ટીમ દ્વારા ચાલુ માસમાં સાયબર ફ્રોડની અલગ અલગ અરજીઓમાં તપાસ હાથ ધરી કુલ રૂપિયા ૮૧,૬૩,૮૩૧ ની રકમ અરજદારોને પરત અપાવી હતી.પોલીસ દ્વારા વધુ એક વખત પ્રજાજોગ સંદેશમાં લોકોને લોભ લાલચ કે ડરના લીધે અથવા તો ટેકનોલોજીની જાણકારીના અભાવે સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા હોય તેઓને વધુ સાવચેતી રાખવા માટે અપીલ કરવામાં આવી છે. તેમજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા લોકોમાં જાગૃતિ માટે સેમિનાર અને અવેરનેસ પ્રોગ્રામનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

### સાયબર ક્રાઈમ પોલીસની તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ કાર્યવાહી



# માધાપરમાં "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ :ટોટલ બ્લેકઆઉટ થશે

## રાત્રે ૮ કલાકે સાયરન વાગશે:૨૦૦ થી વધુ એન.સી.સી.કેડેટસ તથા યુવા વોલન્ટીયર્સ સામેલ થશે

OPERATION SHIELD

**અબતક, રાજકોટ**

રાજ્યના ૧૮ જિલ્લાઓમાં આજે સિવિલ ડિફેન્સની મોકડ્રીલ યોજાશે.રાજકોટમાં આજે સાંજે માધાપર વિસ્તારમાં યોજાશે.ટોટલ બ્લેક આઉટ પણ કરવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત "ઓપરેશન શિલ્ડ"નું આયોજન કરવામાં આવ્યું છે.

આજે સાંજે માધાપરની ઉત્તરે રેલવે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઈવે, પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે આ મોકડ્રીલનું આયોજન કરાયું છે.

રાજ્ય સરકારના આદેશ અનુસાર માધાપર વિસ્તારમાં રાત્રે ૮ વાગ્યે સાઈરન વગાડવામાં આવશે, જે દરમિયાન આજુબાજુના વિસ્તારોમાં રહેતા નાગરિકોએ ટોટલ બ્લેકઆઉટનું પાલન કરવાનું રહેશે. તમામ નાગરિકોએ આ સમયે પોતપોતાના ઘરની લાઈટ તથા સોસાયટીની કોમન લાઈટ બંધ કરવાની રહેશે. રસ્તા પર ચાલતા વાહનોએ પોતાની મૂવમેન્ટ બંધ કરીને રસ્તાની સાઈડમાં પાર્ક કરવાના રહેશે તથા બ્લેક આઉટનું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રહીશોને નમ્ર અપીલ કરવામાં આવી છે. આ કવાયતમાંથી કોઈ પણ પ્રકારની ઈમરજન્સી તેમજ તમામ મેડિકલ સર્વિસિઝને મુક્તિ આપવામાં આવી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરતાં કલેકટરએ મોકડ્રીલના સફળ અમલીકરણ માટે સંબંધિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓને આ અંગે સવિસ્તર સૂચનાઓ આપી હતી.

આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુસજ્જતા, એન. સી. સી. તથા યુવા વોલન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઈલ હુમલા સંદર્ભે, એર રેપિડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ અંધારપટ કરી નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, સંભવિત હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમનું તાત્કાલિક ડીપ્લોયમેન્ટ કરવા સંદર્ભે કલેકટર જરૂરી સૂચનાઓ આપી છે. આ કવાયત દરમિયાન જરૂરી તમામ વિભાગો અને સ્ટેકહોલ્ડર્સ દ્વારા સમયસર સંકલન કરવામાં આવશે. ૨૦૦ થી વધુ એન.સી.સી.કેડેટસ તથા યુવા વોલન્ટીયર્સ આ ઓપરેશનમાં સામેલ થશે.

ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં આજે સાંજે સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાશે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, પાટણ, નવસારી, જામનગર, બનાસકાંઠા, ખેડા, તાપી, મહિસાગર, કચ્છ, વલસાડ અને દાહોદ સહિત ૧૮ જિલ્લાઓમાં રાત્રે અંધારપટ્ટ પણ છવાશે.

અમદાવાદમાં શાહીબાગ કોન્ટોનમેન્ટ ખાતે રાજકોટમાં માધાપરમાં, વીરમગામમાં પોલીસ લાઈન, વડોદરામાં પાદરા તાલુકામાં, ભુજમાં સ્મૃતીવન ખાતે, પાટણ જિલ્લામાં સિધ્ધપુર અને બનાસકાંઠાના સરહદી વિસ્તાર નડાબેટમાં મોકડ્રીલ (અનુ. આઠમા પાને)

# નિખિલ દોંગા જ બન્ની ગજેરાનો 'ગોડ ફાધર'

## ભાવિન ગજેરાને બેફામ ઝેર ઓકવા નિખિલ દોંગાએ જ પ્રોત્સાહન આપ્યાનો પોલીસ તપાસમાં ખુલાસો

### નિખિલ દોંગાએ પિયુષ રાદડિયાને વચ્ચે રાખી બન્નીને પીઠબળ પૂરું પાડ્યું'તું

**અબતક, રાજકોટ**

યુટ્યુબર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાને બેફાન વાણી વિલાસ કરવાના પ્રકરણમાં અત્યંત મોટો ઘટસ્ફોટ થઈ રહ્યો છે. અગાઉ બન્ની ગજેરા વિરુદ્ધ બેફામ વાણી વિલાસ કરવા સહીતના મામલે છ ગુના નોંધાઈ ચુક્યા છે જે પ્રકરણમાં પિયુષ રાદડિયા અને એડવોકેટ દિનેશ પાતરનું નામ ખુલતા બંનેને આરોપી બનાવી ધરપકડ કરવામાં આવી હતી. હવે આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો ઘટસ્ફોટ એવો થયો છે કે, બન્નીને ઝેર ઓકવા વાણી વિલાસ કરવા યુદ્ધ એ જ કલ્યાણ ગ્રુપના નિખિલ દોંગાએ જ પીઠબળ પૂરું પાડ્યું હતું તેવું જિલ્લા પોલીસની તપાસમાં સામે આવ્યું છે. બન્ની વિરુદ્ધ નોંધાયેલા તમામ ગુનામાં નિખિલ દોંગાનું નામ



ખુલતા રાજકોટ જિલ્લા પોલીસે ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

સમગ્ર મામલા પર એક નજર કરવામાં આવે તો ધોરાજી તાલુકાના મોટા ગુંદાળા ગામે રહેતા યુટ્યુબર ભાવિન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરા વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન, સુલતાનપુર, ગોંડલ તાલુકા, જેતપુર તાલુકા અને ઉપલેટા પોલીસમાં અલગ અલગ છ ગુના નોંધાઈ ચુક્યા છે. ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ, તેમના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિશે સોશિયલ મીડિયામાં વિડીયો બનાવી બેફામ વાણી વિલાસ કરનાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ તાજેતરમાં જ ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અને ઉપપ્રમુખને તેમના જ મિત્રની પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાનો એક વિડીયો વાયરલ કર્યો હતો. જે મામલે ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિન ઠુંમરે સુલતાનપુર (અનુ. આઠમા પાને)

### બન્નીને પાસાના પાંજરે પુરવા તખ્તો તૈયાર

છ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો બન્ની ગજેરા હાલ જેલહવાલે છે. ચાર ગુનામાં તેની ધરપકડ થઈ ચુકી છે જયારે હજુ પણ બે ગુનામાં ધરપકડ કરવાની બાકી હોય પોલીસ તબક્કાવાર તેની અલગ અલગ ગુનામાં ધરપકડ કરી હકીકત ઓકાવી રહી છે. હજુ બે ગુનામાં ધરપકડ થયાં બાદ બન્નીને પાસાના પાંજરે પુરી દેવા પણ પોલીસે તૈયારી કરી લીધાનું સૂત્રો જણાવી રહ્યા છે.

### નિખિલ દોંગાના ગુજસીટોકના જામીન રદ્દ કરાવવા રિપોર્ટ કરાશે

જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીએ આપેલી વિગતો અનુસાર નિખિલ દોંગાની તમામ કેસમાં ભૂમિકા ખુલતા પોલીસની ટીમો દ્વારા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બીજી બાજુ ગુજસીટોકના ગુનામાં જામીન મેળવ્યા બાદ ગુનાહિત કાવતરું રચવા મામલે પોલીસ ગુજસીટોકના જામીન રદ્દ કરાવવા કોર્ટમાં રિપોર્ટ કરનારી છે તેવું પણ ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

### અનિરુદ્ધસિંહ અને રાજદીપસિંહ વિરુદ્ધ લુકઆઉટ નોટિસ કાઢવા પોલીસનો રિપોર્ટ

પ્રાપ્ત વિગત અનુસાર અમિત ખૂંટ આપઘાત કેસમાં ક્ષત્રિય આગેવાન અનિરુદ્ધસિંહ જાડેજા અને તેમના પુત્ર રાજદીપસિંહ જાડેજાનું નામ સુસાઈડ નોટમાં નામ ખુલતા આપઘાતની ફરજ પાડવાની કલમો હેઠળ ગુનો નોંધાતા બંને પિતા-પુત્રો સંપર્કવિહોણા બન્યા હતા. ઘટનાને એક માસનો સમય વીત્યો છતાં બંને નહિ મળી આવતા તેઓ વિદેશ ભાગી જાય તેવી આશંકાને પગલે પોલીસે લુકઆઉટ (અનુ. આઠમા પાને)

### બન્ની વિરુદ્ધ નોંધાયેલા વાણી વિલાસના ચાર સહીત છ ગુનામાં દોંગાનું નામ ખુલતા ધરપકડ કરવા તજવીજ


SAINT JOSEPH'S ENGLISH HIGH SCHOOL, KHANUSA
SAINT JOSEPH'S HIGH SCHOOL KHANUSA
KG to XII: English Medium Boarding School - Gujarat Board
Looking for a structured, value-based Boarding School?
Explore, learn, & lead to serve.
IX & XI (Science, Commerce & Arts)
NEET / JEE → Online LIVE Classes
Study in the USA after Class XII
We build Character, Confidence & Careers!
Office hours: 8:30 AM to 1:00 PM
95122 20820 / 63592 20200
VIJAPUR, Dist. Mehsana (35 kms from Gandhinagar) www.sjskhanusa.org

GRACE COLLEGE
Managed by : Shri N. P. Vekariya Edu. & Chari. Trust
Affiliated : Saurashtra University
ADMISSION OPEN
• After 12th Pass •
B.Com. ગુજરાતી/Eng. Med. | BBA | BSW | BCA | INTERIOR DESIGN ૩ વર્ષની ડિગ્રી કોર્ષ
B.com. સાથે CA/CS કરતા વિદ્યાર્થીઓને
કોલેજ ફી માં 50% સ્કોલરશીપ
• After Graduation •
M.Com. | MSW | MSc (IT & CA) | LL.B.
દીકરીઓ માટે પણ ખાસ સ્કોલરશીપ
GCAS Portal માં અમારી કોલેજનો કોડ RAJ01073
Opp. Rangoli Park Hotel, Mota Mava, Kalawad Road, Rajkot.
Mo. 88662 00999, 63544 65789
www.gracecollege.in

NIDHI SCHOOL
THE POWER OF EDUCATION
ADMISSION OPEN
કાર્યક્ષેત્ર : કે.જી.થી ધોરણ ૮ અંગ્રેજી માધ્યમ- ગુજરાતી માધ્યમ




નિધિ સ્કુલ ગોવા ખાતે બોલીવુડ સ્ટાર રકુલ પ્રીત સિંઘના હસ્તે "EDUCATIONAL EXCELLENCE" એવોર્ડથી સન્માન



નિધિ સ્કુલને MY FM 94.3 તરફથી શ્રીમતી રીવાબા જાડેજા (ધારાસભ્ય-ગુજરાત)ના હસ્તે Most Socially Active School 2025 એવોર્ડથી સન્માન...


અમારી શૈક્ષણિક પદ્ધતિઓ
• પુસ્તકીય જ્ઞાનથી વિશેષ એવા સર્જનાત્મક અભ્યાસક્રમ
• ૨૪૦ દિવસ કરતા વધારે દિવસોનું નિયમિત શૈક્ષણિક કાર્ય
• એસ.એમ.એસ. દ્વારા વિદ્યાર્થીઓની હાજરી અને પરિણામની વાલીને જાણ
• પ્રયોગશાળા દ્વારા પ્રાયોગિક શિક્ષણ
• શૈક્ષણિક સોફ્ટવેરથી સજ્જ કોમ્પ્યુટર લેબ
ભારતીનગર શેરી નં.૨ રામાપીર ચોકડીની પાસે, ગાંધીગ્રામ, રાજકોટ મો. ૯૮૯૮૫ ૦૦૩૪૨

GALAXY GROUP OF HOSTELS
રાજકોટમાં રહેવા તથા જમવા માટેની ઉત્તમ સુવિધા સાથેના ફૂલ ફર્નિશ રૂમ
OUR BRANCHES
BRANCH : 01 FOR STUDENTS & WORKING
GALAXY GIRLS HOSTEL ONLY FOR GIRLS
+91 96387 28284 | +91 99790 58384 Manhar Plot, Rajkot.
BRANCH : 02 FOR STUDENTS & WORKING
GALAXY ELEGANCE HOSTEL ONLY FOR BOYS
+91 97265 02585 Mayani Chowk, Rajkot.
BRANCH : 03 FOR STUDENTS
GALAXY PRIME HOSTEL FOR BOYS
+91 81404 02585 Morbi Road,Bedi, Rajkot.
• આર.ઓ. પ્લાન્ટ • લોકર સાથે બેડ • આઉટડોર ગેમ
• વાઈફાઈ • રીડીંગ રૂમ • લોન્ડ્રી અને સ્વીપર
વધુ માહિતી માટે : +91 96381 28284 / 9979058384